રાજસ્થાનના જોધપુરની ગલીઓમાં, સીવણ મશીનનો લયબદ્ધ ખડખડાટ હવે વિજય ગીતમાં પરિવર્તિત થઈ ગયો છે. ગઈકાલ સુધી, જે હાથ મહિલાઓના સુટ અને કુર્તી સીવતા હતા તે જ હાથ હવે રાજસ્થાન વહીવટી સેવા (RAS) દ્વારા શાસનની લગામ સંભાળશે. મહેન્દ્ર ભાટીની સફળતાની વાર્તા લાખો યુવાનો માટે આશાના કિરણ તરીકે સેવા આપે છે જેઓ ઘણીવાર એવું માનીને રાજીનામું આપે છે કે તેમની વંચિતતાની પરિસ્થિતિઓ તેમનું ભાગ્ય છે. મહેન્દ્રએ સાબિત કર્યું છે કે જો કોઈનો સંકલ્પ સ્ટીલ જેટલો મજબૂત હોય, તો સિલાઈ મશીન ટેબલ પણ સ્ટડી ડેસ્કમાં પરિવર્તિત થઈ શકે છે. મહેન્દ્ર ભાટીની સફર કોઈ સિનેમેટિક વાર્તા કરતાં ઓછી રોમાંચક નથી. તેની શરૂઆત પેટ્રોલિયમ એન્જિનિયરિંગના અભ્યાસથી થઈ, ત્યારબાદ એક સામાન્ય નોકરી અને ત્યારબાદ, પોતાના પરિવારને મદદ કરવા માટે ટેલરિંગનું કામ શરૂ કર્યું. જોકે, પોતાની આંખોમાં જોયેલા સ્વપ્નને વાસ્તવિકતામાં ફેરવવાનો જુસ્સો એટલો તીવ્ર હતો કે તેણે હાર માની ન હતી. RAS ૨૦૨૩ની પરીક્ષામાં ૧૩૨૩મો ક્રમ મેળવ્યા પછી પણ, તે અસંતુષ્ટ રહ્યો અને તેના પ્રયત્નોને બમણા કરી દીધા. પરિણામ હવે બધા માટે સ્પષ્ટ છે : RAS



૨૦૨૪માં ૭૨મો ક્રમ મેળવ્યા પછી, મહેન્દ્ર ભાટી સમગ્ર રાજ્યનું ગૌરવ બની ગયા છે.

મુશ્કેલીઓ વચ્ચે સફળતાનું કાપડ વણાટ

જોધપુરના ખૂબ જ નમ્ર પરિવારમાંથી આવતા મહેન્દ્ર ભાટી માટે સફળતાનો માર્ગ ચોક્કસપણે ગુલાબની પથારી નહોતો. તેમનો આખો પરિવાર ટેલરિંગ વ્યવસાયમાં રોકાયેલો છે. પરિવારની આર્થિક સ્થિતિ એવી હતી કે અભ્યાસની સાથે કામમાં મદદ કરવી એ ફક્ત જરૂરિયાત જ નહોતી, પણ એક ગંભીર જવાબદારી પણ હતી. મહેન્દ્ર ભાટી પોતે દરજી તરીકે કામ કરતા હતા, સ્ત્રીઓ માટે કપડાં સીવતા હતા. કાતર અને દોરા વચ્ચે પોતાના દિવસો વિતાવતા, આ યુવાન માણસે પોતાની રાતો પુસ્તકો દ્વારા પોતાનું ભાગ્ય લખવા માટે વાપરવાનું નક્કી કર્યું. ગમે તે થાય, સરકારી અધિકારી બનવાનો તેમનો દૃઢ નિશ્ચય હતો.

પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી, મહેન્દ્ર ભાટીએ પેટ્રોલિયમ એન્જિનિયરિંગમાં ડિગ્રી મેળવી. તેમણે થોડો સમય કામ પણ કર્યું. જોકે, મિત્રને આરએએસ અધિકારી બનતા જોઈને, તેમનામાં પણ સમાજ માટે કંઈક મહત્ત્વપૂર્ણ કરવાની ઈચ્છા જાગી. તેમણે રાજસ્થાનની સૌથી પ્રતિષ્ઠિત સિવિલ સેવામાં જોડાવાનો સંકલ્પ કર્યો. કામ અને અભ્યાસનું સંતુલન સાધવું સરળ નહોતું. છતાં, મહેન્દ્ર ભાટીએ પોતાના સમયનું સંચાલન એટલું અસરકારક રીતે કર્યું કે સીવણ મશીનનો ગર્જના કરતો અવાજ ક્યારેય તેમના અભ્યાસમાં અવરોધ ન બન્યો.

એક અડગ ભાવના : બીજા પ્રયાસમાં મોટો વિજય : મહેન્દ્ર ભાટીની સફળતા તેમની અવિરત મહેનતનું પરિણામ છે. તેમણે પાછલા વર્ષે - RAS ૨૦૨૩ની પરીક્ષામાં - પણ સફળતા મેળવી હતી, જોકે તે સમયે તેમનો રેન્ક ૧૩૨૩ હતો. તેઓ જાણતા હતા કે તેઓ ઘણું સારૂં કરવા સક્ષમ છે. તેમણે ફરી એકવાર પોતાના પુસ્તકો ઉપાડ્યા, પોતાની ખામીઓ પર કામ કર્યું અને આ વખતે, તેમણે ઈતિહાસ રચ્યો. RAS મુખ્ય પરીક્ષામાં ૨૪૯ અને ઈન્ટરવ્યૂમાં ૫૩ - કુલ ૯૦૦માંથી ૩૦૨ ગુણ સાથે - તેમણે રાજ્યમાં ૭૨મો ક્રમ મેળવ્યો.

# ભિવંડી ચાલથી MBBS સુધી : અદનાન અન્સારીની સંઘર્ષ અને સફળતાની પ્રેરણાદાયી સફર

**નાની ચાલમાં ઉછરેલા આ મુસ્લિમ છોકરાએ ટીબી, હૃદયરોગ, આર્થિક મુશ્કેલીઓ અને કોચિંગના અવરોધોને દૂર કર્યા અને NEET પરીક્ષા પાસ કરી**

(એજન્સી) ભિવંડી, તા.૨૪

આઝમી નગરમાં એક રૂમની સાંકડી ચાલથી લાયક ડૉક્ટર બનવા સુધી, ડૉ. અદનાન શહાબુદ્દીન અન્સારીની સફર મુશ્કેલ પરિસ્થિતિઓમાં નિશ્ચય, બલિદાન અને સતત પ્રયત્નોનું એક શક્તિશાળી ઉદાહરણ છે. એક સાધારણ પરિવારમાં જન્મેલા, અદનાન એક નાના ઘરમાં ઉછર્યા હતા જ્યાં જગ્યા અને પૈસા બંને મર્યાદિત હતા. તેમના પિતા, શહાબુદ્દીન અન્સારી, ભંગારના વ્યવસાયમાં કામ કરતા હતા. ઓછી આવક હોવા છતાં, પરિવારે શિક્ષણ પર ખૂબ ભાર મૂક્યો અને તેમના બાળકોને જે કંઈ પરવડે તે બધું આપ્યું. અદનાનના પિતાએ કહ્યું, ‘‘અમે હંમેશા ઈચ્છતા હતા કે અમારા બાળકો અભ્યાસ કરે અને જીવનમાં આગળ વધે. જ્યારે મુશ્કેલ હતું ત્યારે પણ, અમે તેમના શિક્ષણનો ત્યાગ કર્યો નહીં.’’ અદનાનની શૈક્ષણિક સફર પડકારો વિના નહોતી. આઠમા ધોરણમાં અભ્યાસ કરતી વખતે, તેને ક્ષય રોગનું નિદાન થયું અને તેને સાયન સોમૈયા હોસ્પિટલમાં લાંબા ગાળાની સારવાર લેવી પડી. આ બીમારીએ તેને શારીરિક રીતે નબળો પાડ્યો,



પરંતુ તેના નિશ્ચયને મજબૂત બનાવ્યો. તેનો આત્મવિશ્વાસ તૂટવાને બદલે, આ અનુભવે તેને ડૉક્ટર બનવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું. તેણે ૨૦૧૭માં અલ-હમદ હાઈસ્કૂલમાંથી ૮૪ ટકા માર્ક્સ સાથે SSC પૂર્ણ કર્યું. ૨૦૧૯માં તેણે KMES જુનિયર કોલેજમાંથી ૮૮ ટકા માર્ક્સ સાથે HSC પાસ કર્યું. આ પછી, તેણે NEET પાસ કરીને મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવવાનું લક્ષ્ય રાખ્યું. અદનાન કોચિંગ માટે કોટા ગયો, પરંતુ હૃદય સંબંધિત ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાને કારણે તેની તૈયારીમાં વિક્ષેપ પડ્યો. તેને કોચિંગ છોડીને સારવાર અને હોસ્પિટલ સંભાળ માટે ઘરે પાછા ફરવું પડ્યું. હોસ્પિટલમાં દાખલ થવા દરમિયાન પણ, તેણે દરરોજ અભ્યાસ ચાલુ રાખ્યો. ‘‘હું સવારથી રાત સુધી, હોસ્પિટલમાં પણ અભ્યાસ કરતો હતો. હું રોકાઈ શકતો ન હતો,’’ અદનાને કહ્યું. COVID-૧૯ લોકડાઉન દરમિયાન, પરિસ્થિતિઓ વધુ મુશ્કેલ બની ગઈ. કોચિંગ કેન્દ્રો બંધ હતા અને અભ્યાસ સામગ્રી મર્યાદિત હતી. તેના પિતાએ તેને હાથથી પ્રશ્નપત્રો લખીને ટેકો આપ્યો જેથી તેની તૈયારી ચાલુ રહી શકે. બધી પડકારો છતાં, અદનાને ૨૦૨૦માં તેના પહેલા પ્રયાસમાં જ NEET પાસ કર્યું, તેણે ૭૨૦માંથી ૫૮૫ ગુણ મેળવ્યા. તેણે સરકારી મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો અને ધુલેની શ્રી ભાઈસાહેબ હાયર મેડિકલ કોલેજમાંથી MBBS પૂર્ણ કર્યું. તેનો દીક્ષાંત સમારોહ તાજેતરમાં યોજાયો હતો, જે તેની મેડિકલ ડિગ્રી પૂર્ણ થવાના પ્રસંગે યોજાયો હતો. અદનાન અને તેના પિતાએ તેઓ નિયમિતપણે વાંચતા અખબાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી, જેણે તેમની શૈક્ષણિક જાગૃતિને પ્રોત્સાહન આપવામાં ભૂમિકા ભજવી હતી.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ - ૨૦૨૬

# મતદારો મતદાનના દિવસે ૧૪ માન્ય પુરાવાના આધારે મતદાન કરી શકશે

(સંવાદદાતા દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૪

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ-૨૦૨૬ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણી અંતર્ગત તા.૨૬ એપ્રિલ-૨૦૨૬, રવિવારના રોજ મતદાન યોજાનાર છે.

કોઈપણ મતદાર પોતાનું નામ https://secsearch.gujarat.gov.in/search/default.aspx ઉપર જઈ સરળતાથી તેની વિગતો મેળવી શકે છે.

મતદાનના દિવસે મતદારો પોતાના મતદાર કાર્ડનો ઉપયોગ કરી મતદાન કરી શકશે. તદ્‌ઉપરાંત મતદારો મતદાનના દિવસે નીચે જણાવેલ ૧૪ માન્ય પુરાવાના આધારે મતદાન કરી શકે છે.

૧. ફોટા સાથેનો પાસપોર્ટ

૨. ફોટા સાથેનું ડ્રાઈવીંગ લાયસન્સ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)

૩. ફોટા સાથેનું ઈન્કમટેક્ષ (PAN) ઓળખકાર્ડ

૪. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, જાહેર સાહસો અથવા પબ્લીક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવેલ ફોટા સાથેના ઓળખકાર્ડ,

૫. પબ્લીક સેક્ટર બેન્કો અને પોસ્ટ ઓફિસો તરફથી આપવામાં આવતી ફોટા સાથેની પાસબુક (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)

૬. અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિ અન્ય પછાતવર્ગ (OBC)નું સક્ષમ અધિકારીનું ફોટા સાથેનું પ્રમાણપત્ર (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)

૭. ફોટો સાથેના પેન્શન પ્રમાણપત્ર જેવા કે, માજી સૈનિકોની પેન્શન બુક-પેન્શન પેમેન્ટ ઓર્ડર/માજી સૈનિકની વિધવા આશ્રિતોના પ્રમાણપત્રો મોટી ઉંમરની વ્યક્તિના પેન્શન ઓર્ડર, વિધવા પેન્શન ઓર્ડર (ચૂંટણી તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ.)

૮. કેન્દ્ર સરકાર/ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ સ્વતંત્રતા સૈનિકનાં ફોટા સાથેના ઓળખકાર્ડ,

૯. ફોટો સાથેના હથિયારોના લાયસન્સ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)

૧૦.સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ વિકલાંગનું ફોટા સાથેનું પ્રમાણપત્ર (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થયેલ)

૧૧. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાહેંધરી યોજના (MNREGS) હેઠળ આપવામાં આવેલ ફોટા સાથેના જોબ કાર્ડ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)

૧૨. કર્મચારી રાજ્ય વીમા યોજના (ESI) હેઠળ આપવામાં આવેલ ફોટા સાથેનું ઓળખકર્તા. (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થવેલ)

૧૩. નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર (NPR) સ્કીમ હેઠળ RGI દ્વારા આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ

૧૪. UIDAI દ્વારા આપવામાં આવેલ ''આધાર કાર્ડ''નો ઉપયોગ કરી શકાશે.

### હિંમતનગર-શામળાજી માર્ગ બંધ કરાયો

# શામળાજી નેશનલ હાઈવે નં.૪૮ પર બ્રિજમાં ગંભીર તિરાડો

મોડાસા, તા.૨૪

દિલ્હીને જોડતા અત્યંત મહત્વના નેશનલ હાઈવે-૪૮ પર એક મોટી હોનારત ટળી છે. શામળાજી નજીક ઋતુરાજ હોટલ પાસે આવેલા ઓવરબ્રિજમાં અચાનક ગંભીર ટેકનિકલ ખામી સર્જાતા તંત્ર દ્વારા સુરક્ષાના કારણોસર વાહન વ્યવહાર તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યો છે.

બ્રિજના નીચેના ભાગમાં સિમેન્ટના મોટા પોપડા ખરી પડ્યા છે અને અંદર રહેલા લોખંડના સળિયા પણ ખુલ્લા થઈ ગયા હોવાનું જોવા મળ્યું છે. પુલની મજબૂતી પર ગંભીર સવાલ ઉઠતા હિંમતનગરથી શામળાજી તરફ જતા મુખ્ય માર્ગ પર ટ્રાફિક રોકી દેવાયો છે. કરોડોના ખર્ચે બનેલા આ મહત્વના હાઈવેના બ્રિજમાં આટલી ઝડપથી ખામી સર્જાતા કામની ગુણવત્તા અને કોન્ટ્રાક્ટર સામે રોષ જોવા મળી રહ્યો છે.

હાલમાં સલામતીના પગલે તમામ વાહનોને બ્રિજના ઉપરના ભાગને બદલે નીચેના સર્વિસ રોડ પર ડાયવર્ટ કરવામાં આવ્યા છે. ડાયવર્ઝનના કારણે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી છે અને મુસાફરો તેમજ ટ્રાન્સપોર્ટરોને લાંબા ચક્કર લગાવવાની ફરજ પડી રહી છે. ટ્રાફિક જામની સ્થિતિને લીધે વાહનચાલકોમાં ભારે હાલાકી જોવા મળી રહી છે.

નેશનલ હાઈવે જેવા મહત્વના માર્ગ પર સર્જાયેલી આ સ્થિતિને પગલે સ્થાનિક લોકોમાં તંત્ર અને જવાબદાર એજન્સીઓ સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે.

# ગિરનાર બચાવ અભિયાન અંતર્ગત વિશાળ રેલી યોજાઈ; ૬૦ માંગણી સાથેનું આવેદનપત્ર અપાયું

### સમિતિ દ્વારા ગિરનારમાં જૈન સંઘને ફાળવેલી જમીન, ગેરકાયદેસર દબાણો, પર્યાવરણ મામલે ઉગ્ર રજૂઆત કરાઈ : એક મહિનાનું અલ્ટીમેટમ

જૂનાગઢ, તા. ૨૪

છેલ્લા કેટલાક દિવસોથી થયા ગિરનાર બચાવો અભિયાનનો નારો જૂનાગઢ અને સોરઠ પંથકમાં પૂરજોશથી ગાજી રહ્યો છે. ધર્મપ્રેમી જનતા, સનાતનીઓ અને સંતો દ્વારા ગિરનાર બચાવો અંતર્ગત એક મહારેલીનું આયોજન કરવામાં આવેલ હતું. ગઈકાલે આ મહારેલીમાં વિશાળ સંખ્યામાં જનસમુદાય ઉમટી પડયો હતો. અને સંતોની ઉપસ્થિતિમાં કલેકટરને આવેદપત્ર પાઠવી અને વિસ્તૃત રજૂઆતો કરી ગિરનાર બચાવવા બાબતે જે મુદ્દાઓ રજૂ કરવામાં આવેલ છે તેને તાત્કાલિક અસરથી પૂરા કરવાની માંગણી કરવામાં આવી હતી. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢ શહેરમાં ગઈકાલે ઝાંસીની રાણીની પ્રતિમા પાસે હવેલીવાડીની જગ્યા નજીક સંતો, મહંતો, મહામંડલેશ્વર અને ધર્મપ્રેમી જનતા, સનાતનીઓ મોટી સંખ્યામાં એટલે કે વિશાળ સમુદાયમાં એકઠા થયા હતાં.

આ ઉપસ્થિત સમુદાય એટલે કે સનાતનીઓ, સંતો, અને ધર્મપ્રેમીઓનો એક જ ધ્યેય હતો કે જૂનાગઢ નજીક આવેલા ગિરનાર ખાતે જૈન સમુદાયનાં કેટલાક લોકો દ્વારા થઈ રહેલા ધાર્મિક સ્થાનો સાથે ચેડા, રેકર્ડો ખોટા બનાવી અને જમીનો પચાવી પાડવા ઉપરાંત વિવિધ ધર્મસ્થળોનાં નામ બદલવા તેમજ વાત આટલેથી અટકતી નથી, તાજેતરમાં જ સીતાવન પાસેની ૨૦૦૦ વાર જમીન જૈન સમુદાયને આપી દેવાનાં કારસાનો પર્દાફાશ થયાની વિગતો જાહેર થતાં જ સનાતનીઓમાં ભારે રોષ અને ઘેરા પ્રત્યાઘાતો પડયા હતાં.

# ખેડા જિલ્લામાં ૧૬૯૪ મતદાન મથકો પૈકી ૩૪૮ સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ

### ૧૭ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટણી પ્રક્રિયા હેઠળ કાયદો અને વ્યવસ્થા જાળવવા તંત્ર સજ્જ

નડિયાદ, તા.૨૪

ખેડા જિલ્લામાં આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણીને લઈને વહીવટી તંત્ર દ્વારા મતદાન મથકોનું વર્ગીકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે. સમગ્ર જિલ્લામાં કુલ ૧૬૯૪ મતદાન મથકો પર મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જેમાંથી ૨૩૫ મથકોને સંવેદનશીલ અને ૧૧૩ મથકોને અતિ સંવેદનશીલ તરીકે ચિહ્નિત કરવામાં આવ્યા છે. જેમા મતદાન દિવસે વિશેષ બંદોબસ્ત રાખવામાં આવશે.જિલ્લાની ૧૧ તાલુકા અને જિલ્લા પંચાયત બેઠકો હેઠળ કુલ ૧૩૭૬ મતદાન મથકો આવેલા છે, જે ૯૪૦ અલગ-અલગ સ્થળો પર કાર્યરત રહેશે.પંચાયત સ્તરે કરવામાં આવેલા વર્ગીકરણ મુજબ ૧૮૪ મથકો સંવેદનશીલ અને ૯૨ મથકો અતિ સંવેદનશીલની યાદીમાં મૂકવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ ૨૭ સંવેદનશીલ અને ૨૬ અતિ સંવેદનશીલ મથકો ઠાસરા તાલુકા અને જિલ્લા પંચાયત વિસ્તારમાં નોંધાયા છે. આ ઉપરાંત કપડવંજમાં ૨૨ સંવેદનશીલ અને ૧૨ અતિ સંવેદનશીલ મથકોની ઓળખ કરવામાં આવી છે.

નડિયાદ મહાનગરપાલિકા સહિત કુલ ૬ નગરપાલિકામાં ૩૧૮ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. આ પૈકી ૧૮૯ મતદાન મથકના સ્થળો નક્કી કરવામાં આવ્યા છે, જેમાં ૫૧ મથકો સંવેદનશીલ અને ૨૧ મથકો અતિ સંવેદનશીલ જાહેર થયા છે. નડીઆદ મહાનગરપાલિકામાં સૌથી વધુ ૨૧૭ મતદાન મથકો પૈકી ૨૬ મથકો સંવેદનશીલ શ્રેણીમાં છે. કણજરી નગરપાલિકામાં ૬ સંવેદનશીલ અને ૧૧ અતિ સંવેદનશીલ મથકો છે, જ્યારે કપડવંજ નગરપાલિકામાં ૧૦ સંવેદનશીલ અને ૪ અતિ સંવેદનશીલ મથકો ફાળવવામાં આવ્યા છે. સમગ્ર જિલ્લાના કુલ આંકડા પર નજર કરીએ તો, ૧૧૨૯ મથક સ્થળો પર ફેલાયેલા કુલ ૧૬૯૪ મતદાન મથકો પર ચૂંટણી યોજાશે. શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન સંપન્ન થાય તે માટે તંત્ર દ્વારા ૨૩૫ સંવેદનશીલ અને ૧૧૩ અતિ સંવેદનશીલ મથકો પર વિશેષ સુરક્ષા અને દેખરેખની વ્યવસ્થા ગોઠવવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ઠાસરા નગરપાલિકામાં ૮ મથકો સંવેદનશીલ હોવાનું દર્શાવવામાં આવ્યું છે.

# લોકશાહીને મજબૂત કરવા દરેક મતદાર અવશ્ય મતદાન કરે તેવી કલેક્ટરની અપીલ

### નર્મદાની ૨૨ જિલ્લા પંચાયત, ૧૦૨ તાલુકા પંચાયતની બેઠકો અને રાજપીપળા પાલિકાના ૭ વોર્ડ માટે ૨૬મીએ મતદાન યોજાશે



(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૨૪

નર્મદા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો જંગ જામ્યો છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને રાજપીપલા નગરપાલિકા માટે આગામી રવિવાર, ૨૬મી એપ્રિલે મતદાન યોજાશે. આ અંગે જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી એસ.કે. મોદીએ પત્રકાર પરિષદ યોજીને વહીવટી તંત્રની સજ્જતા વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જિલ્લાના તમામ નાગરિકોને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા ખાસ અપીલ કરી છે.નર્મદા જિલ્લામાં આ વખતે ચૂંટણીનો વ્યાપ મોટો છે. જિલ્લા પંચાયતની કુલ ૨૨ બેઠકો તેમજ નાંદોદ, તિલકવાડા, ગરૂડેશ્વર, દેડિયાપાડા, ચીકદા અને સાગબારા એમ તમામ તાલુકાઓની કુલ ૧૦૨ બેઠકો માટે મતદાન થશે. રાજપીપલા નગરપાલિકાના ૭ વોર્ડની ૨૬ બેઠકો માટે પણ રવિવારે જ મતદાન પ્રક્રિયા હાથ ધરાશે. ચૂંટણીના આંકડાઓ પર નજર કરીએ તો, સમગ્ર જિલ્લામાં પંચાયત અને નગરપાલિકા મળીને કુલ ૪,૧૫,૭૦૪ મતદારો નોંધાયા છે. રાજપીપલા નગરપાલિકામાં ૨૪,૦૫૮ મતદારો માટે ૨૯ મતદાન મથકો તૈયાર કરાયા છે, જ્યારે પંચાયતની ચૂંટણીઓ માટે ૬૦૭ મથકો ઊભા કરવામાં આવ્યા છે.ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા ૩,૬૫૦ કર્મચારીઓનો સ્ટાફ ફાળવવામાં આવ્યો છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ વિભાગના ૧,૭૬૨ જવાનો તૈનાત રહેશે. ૨૬મી એપ્રિલે મતદાન થયા બાદ, ૨૮મી એપ્રિલ મંગળવારના રોજ મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દરેક તાલુકા મથકે ખાસ કેન્દ્રોની ફાળવણી કરી દેવામાં આવી છે. જેમાં રાજપીપલા અને નાંદોદ તાલુકા માટે કિચન હોલ, આદર્શ નિવાસી કુમાર શાળા તથા વડિયા સ્થિત શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય ખાતે વ્યવસ્થા કરવામાં આવી છે. તિલકવાડામાં રાધાબા હોલ અને કે.એમ.શાહ હાઈસ્કૂલ, ગરૂડેશ્વરમાં તાલુકા સેવા સદન અને મામલતદાર કચેરી જ્યારે દેડિયાપાડામાં આદર્શ નિવાસી શાળા ખાતે મતગણતરી થશે. આ ઉપરાંત સાગબારામાં સરકારી વિનયન કોલેજ અને ચીકદામાં રેલ્વા સ્થિત આશ્રમ શાળા ખાતે ડિસ્પેચિંગ, રિસીવિંગ અને મતગણતરીની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

### મતદારોને ચકાસણી કરવા અપીલ

# ભાવનગરમાં વોર્ડ નં-૫ તથા વોર્ડ-૬ની મતદારયાદીમાં મહત્ત્વપૂર્ણ સુધારા

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૪

ભાવનગર મહાનગરપાલિકાની આવનારી સામાન્ય ચૂંટણીને અનુસંધાને તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ થયેલ આખરી મતદારયાદીમાં કેટલાક મહત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા અને નિષ્પક્ષતા જાળવવા માટે આ સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે.

મતદારયાદીમાં કોઈપણ પ્રકારની ક્ષતિ રહે તે મતદારોને મતાધિકારથી વંચિત રાખી શકે છે, જે લોકશાહી પ્રક્રિયા પર સીધી અસર કરે છે. આથી, તમામ મતદારોને પોતાની વિગતો તપાસી લેવાની ખાસ અપીલ કરવામાં આવી છે. વોર્ડ નં. ૦૬ – પીરછલ્લા વિસ્તારમાંથી ફેરફાર જેમાં પટેલ પાર્ક (ડાબી બાજુ), ડાયમંડ ચોક (અનુક્રમ નં. ૫૮૪થી ૭૦૭)ના ૧૨૪ મતદારોને વોર્ડ નં. ૦૫ (ભાગ ૨૬)માં તેમજ ત્રિવેણી પાર્ક, ડાયમંડ ચોક (અનુક્રમ નં. ૭૦૮થી ૭૫૮)ના ૫૧ મતદારોને વોર્ડ નં. ૦૫ (ભાગ ૨૬)માં સમાવેશ કરવામાં આવ્યો છે.

પટેલ પાર્ક (જમણી બાજુ), ડાયમંડ ચોક (અનુક્રમ નં. ૭૫૯થી ૮૩૬)ના ૭૮ મતદારોને વોર્ડ નં. ૦૫ (ભાગ ૨૬)માં સમાવેશ કરવામાં આવ્યો છે.

તેવી જ રીતે, પટેલ પાર્ક પાછળ, તિલકનગર વિસ્તારમાં ફેરફારની વિગતો જોઈએ તો પટેલ પાર્ક પાછળ, તિલકનગર (અનુક્રમ નં.૪૨૨થી ૬૨૬)ના ૨૦૫ મતદારોને વોર્ડ નં. ૦૫ (ભાગ ૨૪) માં તેમજ પટેલ પાર્ક પાછળ, તિલકનગર (અનુક્રમ નં. ૬૨૭થી ૮૮૫)ના ૨૫૯ મતદારોને વોર્ડ નં. ૦૫ (ભાગ ૨૫)માં સમાવેશ કરવામાં આવ્યો છે.

### તેજસ્વી તારલા

# ઈકબાલ પ્રાથમિક શાળા, ગોધરાના તેજસ્વી તારલા




રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા લેવાયેલ NMMS ની જાહેર પરીક્ષામાં ગોધરાની ઈકબાલ પ્રાથમિક શાળામાં ધોરણ-૮માં હાલ અભ્યાસ કરી રહેલ (૧) બદામ આતિફ મોહંમદઆરીફ (૨) દુર્વેશ ફહીમ ઈબ્રાહીમ (૩) ગીતેલી આલિયા સરફરાઝ ઉચ્ચ ક્રમાંક અને ગુણ સાથે રાજ્ય કક્ષાએ મેરિટમાં આવેલ છે તે તમામને તેમજ તેઓના સમગ્ર પરિવારને સંસ્થા, શાળા, સમાજ, પરિવાર તેમજ ગોધરા શહેરનું નામ રોશન કરવા બદલ ઈકબાલ શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવેલ છે.

### નડિયાદ મનપાની પ્રથમ ચૂંટણી માટે ભારે રસાકસી

# કેસરિયો ગઢ સાચવવા ભાજપ સજ્જ તો અસ્તિત્વ ટકાવવા કોંગ્રેસનું એડીચોટીનું જોર !

### ૫૨ બેઠકો પૈકી ૩ બેઠકો બિનહરીફ જાહેર થયા બાદ હવે ૪૯ બેઠકો પર ખેલાશે જંગ

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૪

નડિયાદ મહાનગરપાલિકાની પ્રથમ ઐતિહાસિક ચૂંટણી માટે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો દ્વારા મતદારોને રીઝવવા માટે એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. શહેરના માર્ગો પર ભાજપ દ્વારા શક્તિપ્રદર્શનના ભાગરૂપે બાઈક રેલીઓ યોજીને માહોલ કેસરીમય બનાવવામાં આવ્યો છે. બીજી તરફ, એપ્રિલ મહિનાની કાળઝાળ ગરમી અને આકરા તાપને કારણે બપોરના સમયે પ્રચાર કાર્ય પર બ્રેક મારવી પડી રહી છે, જેના કારણે ઉમેદવારો સવાર અને મોડી રાત્રિના સમયે ડોર-ટુ-ડોર કેમ્પેઈન પર વધુ ભાર મૂકી રહ્યા છે.

નડિયાદ મહાનગરપાલિકામાં કુલ ૧૩ વોર્ડની ૫૨ બેઠકો માટે આ ચૂંટણી યોજાઈ રહી છે. જેમાં વોર્ડ નં.૩ની બે બેઠકો અને વોર્ડ નં.૪ની એક બેઠક પર ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. હવે બાકી રહેલી ૪૯ બેઠકો માટે રસાકસીભરી જંગ જામશે. આ ચૂંટણીમાં કુલ ૧૦૪ ઉમેદવારો મેદાનમાં છે, જેમાં ભાજપના ૪૯, કોંગ્રેસના ૪૩, આમ આદમી પાર્ટીના ૨ અને ૧૦ અપક્ષ ઉમેદવારોનો સમાવેશ થાય છે. ૨૦૨૧ની નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે ૫૨માંથી ૪૩ બેઠકો મેળવીને સ્પષ્ટ બહુમતી હાંસલ કરી હતી, જ્યારે કોંગ્રેસ માત્ર ૧ બેઠક પર સમેટાઈ ગઈ હતી અને ૮ બેઠકો પર અપક્ષ ઉમેદવારો વિજેતા બન્યા હતા.

ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે રાજકીય પક્ષોએ પોતાની પૂરી તાકાત ઝોકી દીધી છે. ભાજપ દ્વારા પેજ કમિટી અને બૂથ લેવલની મજબૂત કિલ્લેબંધી કરવામાં આવી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓને આગળ ધરીને ભાજપ મતદારો પાસે સમર્થન માંગી રહ્યો છે. તેની સામે કોંગ્રેસ માટે આ અસ્તિત્વની લડાઈ સમાન છે. કોંગ્રેસના ઉમેદવારો શહેરના પ્રાથમિક પ્રશ્નો જેવા કે રોડ, રસ્તા અને ગટરની સમસ્યાઓને હથિયાર બનાવીને પરિવર્તનના નામે મતો માંગી રહ્યા છે. બે વોર્ડમાં 'આપ'ના ઉમેદવારોની હાજરીને કારણે જંગ ત્રિપાંખિયો બન્યો છે, જે કોના મતો કાપશે તે જોવું રહ્યું.

નડિયાદ મનપાના કુલ ૧,૯૬,૧૬૨ મતદારો આ વખતે ઈવીએમનું બટન દબાવીને ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો કરશે. મતદારોમાં ૯૯,૨૦૫ પુરૂષો, ૯૬,૯૨૩ મહિલાઓ અને ૩૪ અન્ય મતદારોનો સમાવેશ થાય છે. વહીવટી તંત્ર દ્વારા ૨૧૭ મતદાન મથકો પર તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

### આચારસંહિતા ભંગની ફરિયાદ દર્જ કરવા કલેક્ટરને રજૂઆત

# મોડાસા સહિત જિલ્લામાં સરકારી મિલકતો પરથી પ્રચાર સામગ્રી દૂર કરવા કોંગ્રેસની માંગ

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૨૪

અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો માહોલ જામ્યો છે ત્યારે આદર્શ આચારસંહિતાના કડક અમલીકરણને લઈને વિવાદ સર્જાયો છે. અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અરૂણભાઈ પટેલે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરને લેખિત ફરિયાદ કરી સત્તાધારી પક્ષ દ્વારા સરકારી મિલકતો પર કરવામાં આવતા ગેરકાયદેસર પ્રચાર સામે ગંભીર આક્ષેપો કર્યા છે.

અરૂણભાઈ પટેલે જણાવ્યું છે કે, હાલમાં સમગ્ર જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલી છે, જેનો હેતુ તમામ રાજકીય પક્ષોને ચૂંટણી લડવા માટે સમાન તક પૂરી પાડવાનો છે. પરંતુ ખેદ સાથે જણાવવું પડે છે કે મોડાસા શહેર સહિત જિલ્લાના મુખ્ય માર્ગો, રોડ ડિવાઈડરો, વીજળીના થાંભલાઓ અને જાહેર સરકારી મિલકતો પર ભારતીય જનતા પાર્ટી દ્વારા મોટાપાયે પક્ષના ઝંડા, બેનરો અને હોર્ડિંગ્સ લગાવી દેવામાં આવ્યા છે. ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ જાહેર મિલકતોનો ઉપયોગ પક્ષના પ્રચાર માટે કરી શકાતો નથી, તેમ છતાં આ રીતે ખુલ્લેઆમ નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે.

વધુમાં તેમણે વહિવટી તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવતા કહ્યું હતું કે, જિલ્લામાં ઠેર-ઠેર ગેરકાયદેસર પ્રચાર સામગ્રી દેખાઈ રહી હોવા છતાં સ્થાનિક તંત્ર દ્વારા તેને દૂર કરવામાં આવતી નથી, જે તંત્રની નિષ્ક્રિયતા અને પક્ષપાતી વલણ દર્શાવે છે. સત્તાધારી પક્ષ દ્વારા સરકારી સાધનોનો આ પ્રકારે દુરુપયોગ એ લોકશાહીની ગરિમાને ઠેસ પહોંચાડનારી બાબત છે.

જિલ્લા કોંગ્રેસ સમિતિએ માંગ કરી છે કે જિલ્લાની તમામ સરકારી મિલકતો પરથી ભાજપના પ્રચાર સાહિત્યને તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવે અને આચારસંહિતાનો ભંગ કરનાર જવાબદાર પક્ષ સામે કાયદેસરની ફરિયાદ નોંધવામાં આવે. આ સમગ્ર કામગીરીનો રિપોર્ટ સાર્વજનિક કરવાની પણ માંગણી કરવામાં આવી છે. આ રજૂઆતની નકલ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અને જિલ્લા નિરીક્ષક (Observer) ને પણ મોકલી આપવામાં આવી છે અને આશા વ્યક્ત કરવામાં આવી છે કે ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા જાળવવા તંત્ર નિષ્પક્ષ પગલાં લેશે.

# લાંબડિયા આંગણવાડી કેન્દ્રમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના લાંબડિયા સ્થિત આંગણવાડી કેન્દ્ર ખાતે આરોગ્ય અને લોકશાહીના પર્વનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. અહીં નિયમિતપણે યોજાતા 'મમતા દિવસ'ની ઉજવણીની સાથે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ને ધ્યાનમાં રાખીને 'મતદાન જાગૃતિ' કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડીની કાર્યકર બહેનો, તેડાગર બહેનો તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલી સ્થાનિક મહિલાઓને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. લોકશાહીના પર્વમાં એક-એક મતના મૂલ્ય વિશે માહિતગાર કરી, ગ્રામીણ સ્તરે વધુમાં વધુ મતદાન થાય તે માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

# ચૈતર વસાવાને રાહત, ચૂંટણી પ્રચાર માટે ડેડિયાપાડામાં પ્રવેશવાની મંજૂરી મળી

### હાઈકોર્ટના આદેશ બાદ ધારાસભ્ય વતન બોગજ ગામ પહોંચ્યા

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૨૪

નર્મદા જિલ્લાની ડેડિયાપાડા બેઠકના ધારાસભ્ય ચૈતર વસાવાને ગુજરાત હાઈકોર્ટ તરફથી મોટી રાહત મળી છે. હાઈકોર્ટે શરતી મંજૂરી આપતા હવે તેઓ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચાર માટે ડેડિયાપાડામાં પ્રવેશ કરી શકશે. અગાઉ કાયદાકીય કારણોસર તેમના પ્રવેશ પર પ્રતિબંધ હતો, જે હવે હટતા તેઓ ફરીથી પોતાના મતવિસ્તારમાં સક્રિય થશે.કોર્ટનો આદેશ મળતાની સાથે જ ધારાસભ્ય ચૈતર વસાવા પોતાના વતન બોગજ ગામે પહોંચ્યા હતા. જ્યાં તેમના સમર્થકો અને સ્થાનિક ગ્રામજનો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ચૈતર વસાવાએ આ જ વિસ્તારમાંથી પોતાની રાજકીય સફર શરૂ કરી હતી.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જ્યારે માથે છે, ત્યારે ચૈતર વસાવાની ડેડિયાપાડામાં એન્ટ્રીથી રાજકીય ગરમાવો વધ્યો છે. આગામી દિવસોમાં તેમના મતવિસ્તારમાં પ્રચાર પ્રસારની ગતિવિધિઓ વધશે, જેની સીધી અસર સ્થાનિક ચૂંટણીના પરિણામો અને સમીકરણો પર પડી શકે છે તેમ રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે.

### બે મહિનામાં તમામ કચરાનો નિકાલ થશે

# સુરેન્દ્રનગર ખાતે કચરાના નિકાલનું કામ યુદ્ધના ધોરણે શરૂ

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૪

સુરેન્દ્રનગર અને વઢવાણ નગરપાલિકા અલગ અલગ હતી ત્યારે વઢવાણ માળોદ રોડ ઉપર અને સુરેન્દ્રનગર ખમીસણા રોડ ઉપર ડમ્પિંગ સાઈડ ઉપર કચરો એકત્ર કરવામાં આવતો હતો. પરંતુ ત્યાર બાદ તેનો નિકાલ કરવામાં ન આવતા આજે ૨ લાખથી વધુ મેટ્રીક ટન કચરાના ઢગલા ખડાકાઈ ગયા છે.

આ કચરાના ઢગલામાં અવાર નવાર આગ લાગવાને કારણે મુશ્કેલી સર્જાતી હતી. બંને સાઈડો શહેરથી ૬થી ૮ કિમી દૂર હોવાને કારણે લોકોને ઓછી મુશ્કેલી પડતી હતી. પરંતુ ખાસ કરીને રસ્તે પસાર થતા ગામડાના લોકો અને આજુ બાજુમાં ખેતર ધરાવતા ખેડૂતોને હાલાકી પડતી હતી.

આથી મનપા બન્યા બાદ અંદાજે રૂા.૮ કરોડના ખર્ચે વર્ષોથી પડી રહેલા આ કચરાનો નિકાલ કરવાની કામગીરી શરૂ કરી દીધી છે. તેના માટે એક કંપનીને કામ આપવામાં આવ્યું છે. અત્યારે ૫૦ ટકાથી વધુ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

અત્યારે કચરાના નિકાલ માટે ક્લિન મેલ અને ટ્રોમેલ કુલ ૪ મશીન મૂકવામાં આવ્યા છે. આ ચારેય મશીન ૮-૮ કલાકની ૨ પાળીમાં એટલે કે કુલ ૧૬ કલાક ચલાવવામાં આવે છે. તેને કારણે દરરોજ ૨૫૦૦ મેટ્રીક ટન કચરાનો નિકલ કરે છે. જે જોતા મહિને ૭૫ હજાર મેટ્રીક ટન કચરાનો નિકાલ થાય છે. ૨ મહિનાથી કામ ચાલી રહ્યું છે. ત્યારે હજુ બે મહિનાથી વધુના સમય બાદ તમામ કચરાનો નિકાલ થશે.

# લોકશાહીનું પર્વ : ૨૬મી એપ્રિલે મતદાન અને ૨૮મીએ મતગણતરી

મોડાસા, તા.૨૪

અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણીઓને લઈને વહીવટી તંત્ર દ્વારા આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રશસ્તિ પારીકના અધ્યક્ષસ્થાને યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ચૂંટણીલક્ષી મહત્વની વિગતો જાહેર કરવામાં આવી હતી.

જિલ્લામાં મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા માટે તંત્ર સજ્જ છે. મુખ્ય તારીખો નીચે મુજબ છે : મતદાનની તારીખઃ ૨૬મી એપ્રિલ ૨૦૨૬, રવિવાર (સવારે ૦૭:૦૦થી સાંજે ૦૬:૦૦) જ્યારે મતગણતરીઃ ૨૮મી એપ્રિલ ૨૦૨૬ના રોજ થશે

કલેક્ટરએ જણાવ્યું હતું કે, રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા કાર્યક્રમની જાહેરાત સાથે જ સમગ્ર જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલી બની છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અને વહીવટી તંત્ર વચ્ચે સંકલન સાધવામાં આવ્યું છે જેથી નાગરિકો કોઈપણ ભય વગર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે.આ પ્રેસ કોન્ફરન્સમાં નિવાસી અધિક કલેક્ટર ડી.વી.મકવાણા સહિતના ઉચ્ચ અધિકારીઓ અને મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા મતદારોને વધુ મતદાન કરવા માટે અપીલ કરવામાં આવી છે.

### ગીર સોમનાથ જિલ્લામાં

# મતદાન મથકો ખાતે ઓ.આર.એસ., દવાઓ અને ફર્સ્ટએઈડ બોક્સની સુવિધા

(સંવાદદાતા દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૪

ઉનાળાની ઋતુ દરમિયાન સામાન્ય તાપમાનથી વધુ તાપમાનની શક્યતાઓને અનુલક્ષી હિટવેવમાં પરિવર્તિત થઈ શકે છે. ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં તા.૨૬.૦૪.૨૦૨૬ ના રોજ મતદાન થનાર છે. જે અંતર્ગત હીટવેવની અસરને નિવારવા માટેના પગલાંના ભાગરૂપે ચૂંટણી અધિકારી અને કલેકટર એન.વી.ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા હિટવેવની અસર નિવારવા સુનિયોજીત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આરોગ્ય વિભાગ દ્વારા મતદાનના દિવસે તમામ મતદાન મથકો ખાતે ફર્સ્ટ એઈડ બોક્સ, દવાઓ અને ઓ.આર.એસ. સાથે તેમની ઉપયોગની માર્ગદર્શિકા તેમજ માર્ગદર્શિકા ઉપર નજીકના આરોગ્ય કેન્દ્ર અથવા આરોગ્ય કર્મચારીના સંપર્ક નંબર મૂકવામાં આવશે અને જેથી કોઈ મતદારને ગરમીની હિટવેવની અસરને કારણે કઈ તકલીફ થાય તો તરત જ પ્રાથમિક સુવિધા મળી શકે.

તૈયારીઓને અનુલક્ષી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ.અરૂણ રોયે જણાવ્યું હતું કે, જે વ્યક્તિઓ એટલે કે મતદારો ગંભીર બીમારીમાંથી પસાર થઈ રહ્યા હોય, કે જેમને બાયપાસ સર્જરી કરી હોય, સ્ટેન્ટ મૂક્યું હોય, ડાયાબિટીસ હોય, હાઈરિસ્ક મતદારો, નાનું બાળક હોય કે જે મહિલાઓને પ્રસુતિ થવાની હોય તેવા મતદારોએ સવારના સમયમાં મતદાન કરી લેવું જોઈએ કે જેથી તેમને બપોરના સમયમાં હીટવેવની અસર ના થાય.

એપિડેમિક મેડિકલ ઓફિસર ડો.દિવ્યેશ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લાના તમામ સીએચસી સેન્ટર અને પીએચસી સેન્ટરો ખાતે આરોગ્યની સેવાઓ ઈમર્જન્સી સેવાઓ ઉપલબ્ધ રહેશે અને ડોક્ટર સહિતનો સ્ટાફ હાજર રહેશે.

# LD અને ગુજરાત કોલેજમાં મતગણતરી હાથ ધરાશે : પોલીસની થ્રી લેયર સુરક્ષા ગોઠવાઈ

## CCTV સર્વેલન્સ અને એકસેસ કંટ્રોલ પર ખાસ ધ્યાન અપાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૪

અમદાવાદમાં મતગણતરી માટે તમામ તૈયારીયો થઈ ચૂકી છે, ૨૬ એપ્રિલના રોજ મતદાન યોજાશે અને ૨૮ તારીખે મતગણતરી હાથ ધરવામાં આવશે, મતગણતરી LD એન્જિયરિંગ અને ગુજરાત કોલેજમાં થશે જેથી ત્યાં પોલીસની થ્રિ લેયર સુરક્ષા ગોઠવવામાં આવી છે, ફર્સ્ટ લેયરમાં CRPF, સેકન્ડ લેયરમાં હથિયારી પોલીસ અને ત્યારબાદ અન્ય પોલીસ પણ તૈનાત કરવામાં આવી છે. કુલ ૮ હજાર પોલીસ તૈનાત રહેશે અને ૨૬ તારીખે ચૂંટણી બાદ



મત પેટી અહીં આવશે. LD કોલેજમાં ૨૭ અને ગુજરાત કોલેજમાં ૨૧ વોર્ડની મતગણતરી રાખવામાં આવી છે, ચૂંટણી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેને લઈ પોલીસે લોખંડી સુરક્ષાનો એક્શન પ્લાન તૈયાર કર્યો છે.

ચૂંટણી દરમિયાન ૮ હજાર જેટલા પોલીસ જવાનો તૈનાત રહેશે અને ૨૫૦૦ જેટલા જવાનો VVIP મુવમેન્ટ અને સુરક્ષાને લઈ તૈનાત રહેશે. ખાસ કરીને મતગણતરી કેન્દ્રમાં ત્રણ લેયરમાં સુરક્ષા ગોઠવાઈ છે.જેમાં મતગણતરી કેન્દ્રની અંદર SRP જવાનો તૈનાત કરવામાં આવશે. મતગણતરી માટેની તમામ તૈયારીઓ હવે આખરી તબક્કામાં પહોંચી ગઈ છે. તંત્ર દ્વારા સુરક્ષા અને વ્યવસ્થાના તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને કામગીરી પૂર્ણ કરવામાં આવી રહી છે, જેથી ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ શકે.

# હવે અમદાવાદ શહેરમાં AIથી થશે ટ્રાફિક કંટ્રોલ

## આ સિસ્ટમ હાઈ-ટેક કેમેરા અને સેન્સરથી સજ્જ છે જે રસ્તા પર વાહનોની સંખ્યા, તેમની ગતિ અને ટ્રાફિક ભીડના સ્તર પર સતત દેખરેખ રાખે છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

આજના સમયમાં મોટા શહેરોની સૌથી મોટી સમસ્યા ટ્રાફિક જામ છે. લોકો રોજ સિગ્નલ પર લાંબા સમય સુધી ફસાયેલા રહે છે, જેનાથી સમય અને ફ્યુઅલ બંનેનો બગાડ થાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે હવે જૂની રીતોને બદલે નવી ટેકનોલોજીનો ઉપયોગ શરૂ થઈ ગયો છે. અમદાવાદે આ દિશામાં એક મોટું ડગલું ભરતા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત સ્માર્ટ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ લાગુ કરી છે, જે ટ્રાફિકને પોતાની મેળે નિયંત્રિત કરી શકે છે.

અમદાવાદમાં શરૂ કરવામાં આવેલી આ નવી સિસ્ટમ 'એડેપ્ટિવ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ' કહેવાય છે. તેને હાલમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે શહેરના લગભગ ૧૦ મુખ્ય જંકશન પર લગાવવામાં આવી છે. આ સિસ્ટમની સૌથી ખાસ વાત એ છે કે તે જૂની સિગ્નલ સિસ્ટમની જેમ ફિક્સ ટાઈમિંગ પર કામ નથી કરતી, પરંતુ રિયલ ટાઈમ ટ્રાફિકની સ્થિતિ મુજબ જાતે જ નિર્ણયો લે છે.

આ સિસ્ટમમાં હાઈ-ટેક કેમેરા અને સેન્સર લગાવવામાં આવ્યા છે જે દરેક સમયે રોડ પર ચાલી રહેલા વાહનોની સંખ્યા, તેમની સ્પીડ અને ટ્રાફિકની ભીડનું સતત મોનિટરિંગ કરતા રહે છે. આ તમામ જાણકારીઓને AI સિસ્ટમ તરત જ પ્રોસેસ કરે છે અને નક્કી કરે છે કે કઈ દિશામાં સિગ્નલને વધુ સમય સુધી ગ્રીન રાખવું અને ક્યાં જલ્દી બદલવું ?

ઉદાહરણ તરીકે, જો કોઈ એક રસ્તા પર ખૂબ વધારે વાહનો જમા થઈ ગયા છે અને બીજી તરફ રસ્તો લગભગ ખાલી છે, તો આ સિસ્ટમ આપમેળે વધુ ભીડવાળી દિશાને વધુ સમય આપશે. તેનાથી ત્યાં ઉભેલા વાહનોને જલ્દી નીકળવાની તક મળશે અને જામ વધવાનું ઓછું થઈ જશે. પહેલાની સિસ્ટમમાં દરેક સિગ્નલનો સમય અગાઉથી ફિક્સ હતો, જેમ કે ૬૦ સેકન્ડ ગ્રીન રહેશે અને ૩૦ સેકન્ડ રેડ રહેશે, પછી ભલે રસ્તો ખાલી હોય કે ભરેલો હોય. આના કારણે ઘણીવાર લોકોએ કારણ વગર રાહ જોવી પડતી હતી. પરંતુ હવે આ AI સિસ્ટમના કારણે સિગ્નલનો સમય દરેક પળે બદલાઈ શકે છે, જેનાથી ટ્રાફિક વધુ સ્માર્ટ રીતે ચાલે છે.

આ નવી ટેકનોલોજીનો સૌથી મોટો ફાયદો એ છે કે તેનાથી ટ્રાફિક જામ ઓછો થશે, લોકોનો સમય બચશે અને વાહનોનું ફ્યુઅલ પણ ઓછું વપરાશે. જ્યારે વાહનો ઓછા રોકાશે અને વધુ સ્મૂધ રીતે ચાલશે, ત્યારે પ્રદૂષણ પણ ઘટશે. એટલે કે આ સિસ્ટમ પર્યાવરણ માટે પણ ફાયદાકારક છે. આ ઉપરાંત, આ સિસ્ટમ ભવિષ્યમાં વધુ એડવાન્સ થઈ શકે છે. જેમ કે ઈમરજન્સી વાહનો એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ માટે રસ્તો ખાલી કરવો અથવા કોઈ ખાસ સમયે ટ્રાફિકને અગાઉથી મેનેજ કરવો. અત્યારે આ માત્ર એક ટ્રાયલ તરીકે શરૂ કરવામાં આવ્યું છે જેથી જોઈ શકાય કે તે કેટલું અસરકારક છે. જો તે યોગ્ય રીતે કામ કરશે તો આગામી સમયમાં તેને આખા શહેરમાં લાગુ કરી શકાય છે અને પછી બીજા શહેરો પણ આ મોડેલ અપનાવી શકે છે.

# ઉનામાં પોતાના પર ફાયરિંગ થયાનું નાટક કરીને સામેવાળાને ફસાવવાનો આપના ઉમેદવારે કર્યો પ્રયાસ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

ગીર સોમનાથ જિલ્લાના ઉનામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે રાજકીય વાતાવરણ ગરમાયું છે. આ દરમિયાન પોલીસને ગેરમાર્ગે દોરવા અને પ્રતિસ્પર્ધીને ગંભીર ગુનામાં ફસાવવા માટે ફાયરિંગનું ખોટું નાટક રચનાર આમ આદમી પાર્ટીના નેતા અજય ભાણાભાઈ બાંભણીયાની ગીર સોમનાથ પોલીસે ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે, ઉના નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૫ અને ૭ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર અને એડવોકેટ અજય બાંભણીયા પર ગત રાત્રે (૨૩ એપ્રિલ) ૧૦ વાગ્યે કથિત ફાયરિંગની ઘટના બની હતી. જો કે પોલીસે પ્રાથમિક દૃષ્ટિએ ફાયરિંગની ઘટના નકારી હતી અને ગઈકાલે રાત્રે જ FSL



### તપાસમાં ભાંડો ફૂટતા આપના ઉમેદવારની ધરપકડ

બોલાવી હતી. FSL તપાસમાં અજય બાંભણીયાના પોતાના પર ફાયરિંગના નાટકનો પર્દાફાશ થયો છે.

અજય બાંભણીયાએ પોલીસ સમક્ષ એવી રજૂઆત કરી હતી કે, તેઓ જ્યારે પોતાની કાર લઈને જઈ રહ્યા હતા ત્યારે મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા શખ્સોએ તેમની કાર સામે ગોળીબાર કરી તેમની હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાને પગલે ઉના પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાત્કાલિક તપાસના આદેશો આપવામાં આવ્યા હતા.

પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ઉના પોલીસ, એલ.સી.બી અને એસ.ઓ.જીની અલગ-અલગ ટીમોએ ટેક્નિકલ અને હ્યુમન સોર્સીસની મદદથી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન FSL અધિકારીઓના રિપોર્ટ અને ટેક્નિકલ પુરાવાઓ પરથી જાણવા મળ્યું કે ફાયરિંગની આ ઘટના તદ્દન બનાવટી હતી.

અજય બાંભણીયાએ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬માં પોતાના પ્રતિસ્પર્ધીને ગંભીર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવા અને નુકસાન પહોંચાડવાના આશયથી આ ષડયંત્ર રચ્યું હતું. તેણે પોલીસ સમક્ષ ખોટા પુરાવા ઉભા કર્યા હતા અને પોતાની પાસે ગેરકાયદેસર રીતે જીવતો કારતુસ રાખી પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો.

પોલીસે અજય બાંભણીયા વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૧૨, ૨૧૭, ૨૧૪ તેમજ આર્મ્સ એક્ટ-૧૯૫૯ની કલમ ૩ અને ૨૫(૧-એ) મુજબ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી છે.

# ગુજરાતમાં ૪.૧૮ કરોડ મતદારો નક્કી કરશે ઉમેદવારોનું ભાવિ, નગરપાલિકામાં મહિલા મતદારોનો દબદબો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં આગામી ૨૬ એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ચૂંટણી પંચ દ્વારા મતદારો અને મતદાન મથકોની અંતિમ વિગતો જાહેર કરવામાં આવી છે. રાજ્યમાં લોકશાહીના આ મહાપર્વમાં કુલ ૪૮,૪૪૨ મતદાન મથકો પર મતાધિકારનો ઉપયોગ કરવામાં આવશે. આ આંકડાકીય વિશ્લેષણ પરથી સ્પષ્ટ થાય છે કે આ વખતે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં મતદારોનો ઉત્સાહ નિર્ણાયક સાબિત થશે.

રાજ્યમાં સૌથી વધુ ૩૩,૫૯૫ મતદાન મથકો જિલ્લા અને તાલુકા પંચાયત સ્તરે છે. જ્યારે મહાનગર પાલિકાઓમાં ૧૧,૫૮૨ અને નગરપાલિકા સ્તરે ૩,૨૬૫ મથકો તૈયાર કરવામાં આવ્યા છે. જિલ્લાવાર જોતા, અમદાવાદ ૫,૪૬૭ મથકો સાથે પ્રથમ ક્રમે, સુરત ૩,૮૩૧ સાથે બીજા અને વડોદરા ૨,૩૬૬ મથકો સાથે ત્રીજા ક્રમે છે. રાજ્યમાં સૌથી મોટો મતદાર વર્ગ જિલ્લા અને તાલુકા પંચાયત હેઠળ આવે છે, જેમાં આશરે ૨.૭૪ કરોડ મતદારો નોંધાયેલા છે. ૧૫ મહાનગરપાલિકાઓમાં ૧.૧૦ કરોડથી વધુ મતદારો છે. રસપ્રદ વાત એ છે કે, મહાનગરપાલિકા અને પંચાયત સ્તરે પુરૂષ મતદારોની સંખ્યા વધુ છે, પરંતુ નગરપાલિકા સ્તરે ચિત્ર અલગ છે. નગરપાલિકામાં ૧૭.૩૨ લાખ મહિલા મતદારો સામે પુરૂષ મતદારોની સંખ્યા ૧૬.૩૩ લાખ છે, જે દર્શાવે છે કે નાના શહેરોમાં મહિલાઓ નિર્ણાયક ભૂમિકા ભજવશે.

અમદાવાદ અને સુરત જેવા મેટ્રો શહેરોમાં મતદારોની સંખ્યા સર્વોચ્ચ છે, જે પક્ષો માટે જીતનો મુખ્ય માર્ગ ગણાય છે. બીજી તરફ, પંચાયતોમાં રહેલી ૨.૭૪ કરોડની જંગી મતબેંક ગ્રામીણ ગુજરાતનો મિજાજ નક્કી કરશે. આ આંકડાઓ જોતા તમામ રાજકીય પક્ષોએ પોતાની રણનીતિ તેજ બનાવી દીધી છે.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ - ૨૦૨૬

# મતદારો મતદાનના દિવસે ૧૪ માન્ય પુરાવાના આધારે મતદાન કરી શકશે

(સંવાદદાતા દ્વારા) પ્રભાસ પાટણ, તા.૨૪

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ-૨૦૨૬ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણી અંતર્ગત તા.૨૬ એપ્રિલ-૨૦૨૬, રવિવારના રોજ મતદાન યોજાનાર છે.

કોઈપણ મતદાર પોતાનું નામ https://secsearch.gujarat.gov.in/search/default.aspx ઉપર જઈ સરળતાથી તેની વિગતો મેળવી શકે છે.

મતદાનના દિવસે મતદારો પોતાના મતદાર કાર્ડનો ઉપયોગ કરી મતદાન કરી શકશે. તદ્ઉપરાંત મતદારો મતદાનના દિવસે નીચે જણાવેલ ૧૪ માન્ય પુરાવાના આધારે મતદાન કરી શકે છે.

૧. ફોટા સાથેનો પાસપોર્ટ

૨. ફોટા સાથેનું ડ્રાઈવીંગ લાયસન્સ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)

૩. ફોટા સાથેનું ઈન્કમટેક્ષ (PAN) ઓળખકાર્ડ

૪. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, જાહેર સાહસો અથવા પબ્લીક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવેલ ફોટા સાથેના ઓળખકાર્ડ,

૫. પબ્લીક સેક્ટર બેન્કો અને પોસ્ટ ઓફિસો તરફથી આપવામાં આવતી ફોટા સાથેની પાસબુક (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)

૬. અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિ અન્ય પછાતવર્ગ (OBC)નું સક્ષમ અધિકારીનું ફોટા સાથેનું પ્રમાણપત્ર (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)

૭. ફોટો સાથેના પેન્શન પ્રમાણપત્ર જેવા કે, માજી સૈનિકોની પેન્શન બુક-પેન્શન પેમેન્ટ ઓર્ડર/માજી સૈનિકની વિધવા આશ્રિતોના પ્રમાણપત્રો મોટી ઉંમરની વ્યક્તિના પેન્શન ઓર્ડર, વિધવા પેન્શન ઓર્ડર (ચૂંટણી તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ.)

૮. કેન્દ્ર સરકાર/ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ સ્વતંત્રતા સૈનિકનાં ફોટા સાથેના ઓળખકાર્ડ,

૯. ફોટો સાથેના હથિયારોના લાયસન્સ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)

૧૦.સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ વિકલાંગનું ફોટા સાથેનું પ્રમાણપત્ર (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થયેલ)

૧૧. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાહેંધરી યોજના (MNREGS) હેઠળ આપવામાં આવેલ ફોટા સાથેના જોબ કાર્ડ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)

૧૨. કર્મચારી રાજ્ય વીમા યોજના (ESI) હેઠળ આપવામાં આવેલ ફોટા સાથેનું ઓળખકર્તા. (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થયેલ)

૧૩. નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર (NPR) સ્કીમ હેઠળ RGI દ્વારા આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ

૧૪. UIDAI દ્વારા આપવામાં આવેલ "આધાર કાર્ડ"નો ઉપયોગ કરી શકાશે.

# મેન્યુઅલ સ્કેવેન્જિંગ મુદ્દે હાઈકોર્ટની લાલ આંખ : ગટર સફાઈમાં ટેક્નોલોજીનો વ્યાપ વધારવા અને સામાજિક સંવેદનશીલતા કેળવવા પર ભાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

ગુજરાત હાઈકોર્ટમાં મેન્યુઅલ સ્કેવેન્જિંગ એટલે કે માનવ દ્વારા ગટર સફાઈની પ્રથા નાબૂદ કરવા અંગેની અરજી પર મહત્વની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સુનાવણી દરમિયાન અદાલતે અત્યંત કડક વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું હતું કે આ ગંભીર મુદ્દે માત્ર સરકારી પ્રયાસો પૂરતા નથી, પરંતુ સમાજમાં પણ વ્યાપક સંવેદનશીલતા હોવી અનિવાર્ય છે. હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે ગટર સફાઈ દરમિયાન થતા શ્રમિકોના મૃત્યુ એ લોકશાહી અને માનવતા માટે ચિંતાનો વિષય છે.રાજ્ય સરકાર વતી કોર્ટમાં રજૂ કરવામાં આવેલી વિગતો અનુસાર, ગટર સફાઈની પ્રક્રિયાને સંપૂર્ણપણે મશીન આધારિત બનાવવા માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. આધુનિકરણના ભાગરૂપે રાજ્યમાં નવા ૪૯ જેટિંગ મશીનો અને ૧૦૨ ડિસિલ્ટિંગ મશીનો વસાવવામાં આવ્યા છે. આ મશીનોની મદદથી ગટરોમાં જામી ગયેલો કચરો અને ગંદકી માનવીય હસ્તક્ષેપ વગર સાફ કરી શકાશે, જેથી સફાઈ કામદારોએ જોખમી ગટરોમાં ઉતરવું નહીં પડે.

કોર્ટે આ સુનાવણીમાં એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે કાયદાકીય પ્રતિબંધ હોવા છતાં જો કોઈ વ્યક્તિ કે સંસ્થા શ્રમિકોને ગટરમાં ઉતારવા મજબૂર કરે છે, તો તેમની સામે કડક પગલાં લેવાવા જોઈએ. ટેકનોલોજીના માધ્યમથી સફાઈ અભિયાનને વધુ સુરક્ષિત બનાવવાના સરકારના આ નિર્ણયને કોર્ટે આવકાર્યો હતો, પરંતુ સાથે જ નિર્દેશ આપ્યો હતો કે આ મશીનરીનો પ્રત્યક્ષ ઉપયોગ દરેક નગરપાલિકા અને મહાનગરપાલિકા સ્તરે સુનિશ્ચિત કરવામાં આવે.આગામી દિવસોમાં આ મશીનોના ઉપયોગથી મેન્યુઅલ સ્કેવેન્જિંગની પ્રથા પર લગામ લાગશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં સેનિટેશન સુવિધાઓને ડિજિટલ અને મિકેનાઈઝ્ડ બનાવવા માટે સરકાર વધુ રોકાણ કરી રહી છે, જેથી ભવિષ્યમાં ગટર સફાઈ સાથે જોડાયેલી દુર્ઘટનાઓને શૂન્ય પર લાવી શકાય. હાઈકોર્ટે સમગ્ર મામલે થયેલી પ્રગતિનો અહેવાલ પણ આગામી સમયમાં રજૂ કરવા સૂચના આપી છે.

# મણિનગરમાં પાડોશી મહિલાની સમયસૂચકતાના કારણે વૃદ્ધ સાથે ૨૩ લાખની સાયબર ઠગાઈ થતી બચી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

શહેરના મણિનગર વિસ્તારમાં એક જાગૃત પાડોશી મહિલાની સમયસૂચકતાને કારણે એક વયોવૃદ્ધ નાગરિક ઠગાઈનો ભોગ બનતા રહી ગયા છે. સાયબર માફિયાઓએ વૃદ્ધને સતત ૪૮ કલાક સુધી 'ડિજિટલ એરેસ્ટ' રાખીને તેમની જીવનભરની મૂડી સેરવી લેવાનો પ્લાન ઘડ્યો હતો, જે પાડોશીની સતર્કતાથી નિષ્ફળ ગયો છે. મણિનગર વિસ્તારમાં રહેતા એક સિનિયર સિટીઝનને સાયબર ગઠિયાઓએ ફોન કરીને ડરાવ્યા હતા કે તેમનું નામ કોઈ ગેરકાયદેસર કેસમાં આવ્યું છે. ઠગોએ તેમને ધરપકડનો ડર બતાવી સતત ૪૮ કલાક સુધી વીડિયો કોલ પર 'ડિજિટલ એરેસ્ટ' રાખ્યા હતા. આ દરમિયાન વૃદ્ધને એટલી હદે ડરાવી દેવામાં આવ્યા હતા કે તેઓ પોતાની ફિક્સ ડિપોઝિટ (FD) તોડાવીને ૨૩ લાખ રૂપિયા ઠગોના ખાતામાં ટ્રાન્સફર કરવા

### ૪૮ કલાકથી વૃદ્ધ ડિજિટલ અરેસ્ટ હતા

માટે તૈયાર થઈ ગયા હતા.

વૃદ્ધની હિલચાલ અને તેમના વર્તનમાં આવેલા અચાનક ફેરફારને પાડોશમાં રહેતી એક મહિલાએ નોંધી લીધો હતો. વૃદ્ધ લાંબા સમયથી કોઈની સાથે વીડિયો કોલ પર પરેશાન હાલતમાં વાત કરી રહ્યા હોવાનું જણાતા પાડોશી મહિલાને શંકા ગઈ હતી. તેમણે તાત્કાલિક વૃદ્ધના ઘરે પહોંચી તપાસ કરી અને મામલો સાયબર ફ્રોડનો હોવાનું સમજાતા અટકાવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી

ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે વૃદ્ધનું કાઉન્સેલિંગ કર્યું અને તેમને સમજાવ્યું કે, પોલીસ ક્યારેય આ રીતે વીડિયો કોલ પર કોઈની ધરપકડ કરતી નથી કે પૈસાની માંગણી કરતી નથી. પાડોશી મહિલાની આ જાગૃતિને કારણે ૨૩ લાખ રૂપિયા બચી ગયા છે. પોલીસે આ બદલ મહિલાની પ્રશંસા કરી છે અને નાગરિકોને અજાણ્યા કોલથી સાવધ રહેવા અપીલ કરી છે.

# ક્રિપ્ટો કરન્સીના ૬૭ લાખની ઉઘરાણીમાં વડોદરાના યુવકનું અપહરણ

## પોલીસે આખી રાત ૧૫૦ કિલોમીટર પીછો કરી અપહૃતને મુક્ત કરાવ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

મકરપુરા બસ ડેપોની પાછળ શિવશક્તિનગરમાં રહેતા નિલેશકુમાર મનુભાઈ ચૌહાણ દુબઈની એક કંપનીમાં માર્કેટિંગ મેનેજર તરીકે નોકરી કરે છે. મકરપુરા પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૧૫ મી એપ્રિલે હું મારા ઘરે હતો. તે દરમિયાન અગાઉ મારી સાથે દુબઈમાં નોકરી કરતા અને અમદાવાદ રહેતા ખુશીલ ઉર્ફે ગોપુ જયેશભાઈ સોની (રહે. ચાંદખેડા, અમદાવાદ) એ મને કોલ કરીને યુ.એસ.ડી.ટી. નામની ક્રિપ્ટો કરન્સી અંગે પૂછતા મેં તપાસ કરીને જણાવવાનું કહ્યું હતું. યુ.એસ.ડી.ટી.નું કામ કરતા તેજસ ભટ્ટને વાત કરી હતી. ત્યારબાદ તેજસ ભટ્ટ, ખુશીલ ઉર્ફે ગોપુ તથા તેના મિત્ર કુલદિપને એકબીજાના નંબર આપી દીધા હતા. થોડાદિવસ પછી એક અજાણ્યા નંબર પરથી મને કોલ આવ્યો હતો અને મને કહ્યું કે, યુ.એસ.ડી.ટી. આપવાના છે કે કેમ? પરંતુ, તેણે મારી સાથે યોગ્ય રીતે વાત નહીં કરતા મેં ફોન કટ કરી દીધો હતો. ગત ૨૧ મી તારીખે હું મારા મામાના ઘરે વડસર હતો. મારો પુત્ર આદિત્ય ઉર્ફે લક્કી અમારા બીજા ઘરે સરસ્વતી ટાઉનશિપમાં સફાઈના કામકાજ માટે ગયો હતો. મારા પુત્રનું અપહરણ થયું હોવાનું જાણવા મળતા હું ત્યાં દોડી ગયો હતો. સોસાયટીના રહીશો ભેગા થઈ ગયા હતા. મને જાણવા મળ્યું કે, ચાર આરોપીઓ ફોર વ્હિલર લઈને આવ્યા હતા. તેઓ મારા પુત્ર આદિત્ય અને તેના મિત્ર વિશાલને ઢસડીને સોસાયટીના બહારના રસ્તા સુધી લઈ જઈ કારમાં લઈ ગયા હતા. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા મકરપુરા પોલીસે એક ટીમ બનાવી આરોપીઓના મોબાઈલ લોકેશન અને કારના સીસીટીવી ફૂટેજના આધારે અંદાજે ૧૫૦ કિલોમીટર સુધી સતત પીછો કરી આરોપીઓને પ્રાંતિજ નજીકથી ઝડપી પાડી અપહૃતને મુક્ત કરાવ્યો હતો. પોલીસે એક મહિલા સહિત ચારને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસે આ ગુનામાં (૧) સુરેશ કાળાભાઈ વણકર (૨) કૈલાસબેન સુરેશભાઈ વણકર (બંને રહે. પ્રાંતિજ) (૩) કુલદિપ હરજીભાઈ ચૌધરી (રહે. રાણીપ, અમદાવાદ, મૂળ રહે.બનાસકાંઠા) તથા (૪) ખુશીલ જયેશભાઈ સોની (રહે. ચાંદખેડા, અમદાવાદ)ને ઝડપી પાડ્યા છે. ક્રિપ્ટો કરન્સી લેવા માટે આરોપીઓએ અમદાવાદથી આંગડિયા પેઢી મારફતે મુંબઈના તેજસ ભટ્ટને રૂપિયા મોકલ્યા હતા.

# રાજસ્થાનમાં ૪૫ લાખના ઘરેણાની ચોરી કરનાર આરોપી સુરતમાં ઝડપાયો

## ૧૨ દિવસ પહેલા તસ્કરોએ જયપુરની જ્વેલરી શોપમાં ચોરી કરી હતી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

રાજસ્થાનના સદર જયપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા ૧૨ દિવસ પહેલા એક જવેલરી શોપમાં ત્રાટકેલા તસ્કરોએ સોના અને ચાંદીના ઘરેણા મળી રૂા.૪૫ લાખની કિંમતના ઘરેણાંની ચોરી કરી નાસી છૂટ્યા હતા. ચોરીની આ ઘટનાને પગલે સમગ્ર સદર જયપુર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. જ્યારે ચોરીની આ ઘટનાને અંજામ આપ્યા બાદ ભાગતા આરોપીઓને પકડવા માટે સ્થાનિક પોલીસ તપાસમાં હતી તે દરમ્યાન સુરતની અમરોલી પોલીસે એક રીઢા આરોપીને ઝડપી પાડવા સફળતા મેળવી છે.અમરોલી પોલીસ સ્ટેશનના - સર્વેલન્સ સ્ટાફના માણસો ટીમ બનાવીને ચોરીના બનાવોને શોધી કાઢવા માટે વર્કઆઉટ કરી રહી હતી ત્યારે મળેલ બાતમીને આધારે પોલીસે અમરોલીના જુના કોસાડ રોડ ઉપરથી રીઢા આરોપી મનોજ ઉર્ફે મનીયો પીતાંમ્બર વણોદીયાને ઝડપી પાડ્યો હતો. ત્યાર બાદ પોલીસે આરોપીની પૂછપરછ કરતા તેને કબુલ્યું હતું તેને પોતાના મિત્ર રાકેશ સાથે મળી ગઈ તારીખ ૧૨/૪/૨૦૨૬ના રોજ રાત્રિના સમયે રાજસ્થાન જયપુર ખાસા કોઠી પુલીયા પાસે આવેલા વિનાયક જવેલર્સ શોપને નિશાન બનાવી હતી. દુકાનની અંદરથી આશરે ૧૮થી ૨૦ કિલોગ્રામ ચાંદી તથા ૫થી ૧૦ ગ્રામ સોનાના દાગીના મળી કુલ રૂા.૪૫ લાખની ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ ચોરીની ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી મનોજ ઉર્ફે મનીયો સુરત ભાગી આવ્યો હતો. બીજી તરફ સ્થાનિક પોલીસ તેને પકડવા માટે તપાસમાં હતી ત્યારે સુરતની અમરોલી પોલીસે આરોપીને ઝડપી જયપુર પોલીસનો ચોરીનો ગુનો ઉકેલી કાઢ્યો છે.

# ભારત અને ઈરાન : આ બંને દેશોના બે યુદ્ધો વચ્ચે પાકિસ્તાનના અસીમ મુનીરનો ઉદય

## એક વર્ષ પહેલા ભારત સામેના યુદ્ધથી મુનીરને ફિલ્ડ માર્શલનો દરજ્જો મળ્યો. હવે તે શાંતિ નિર્માતાની ભૂમિકા ભજવી રહ્યા છે

(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૪

યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે બે અઠવાડિયાના યુદ્ધવિરામ બુધવારે સમાપ્ત થવાના કલાકો પહેલા, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેના વિસ્તરણની જાહેરાત કરી. તેમણે એવા લોકોના નામ આપ્યા જેમણે તેમને આમ કરવા માટે વિનંતી કરી હતીઃ તેમાં પાકિસ્તાનના સંરક્ષણ દળોના વડા, અસીમ મુનીર અને વડાપ્રધાન શેહબાઝ શરીફ છે.

ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર લખ્યું કે, પાકિસ્તાનના ફિલ્ડ માર્શલ અસીમ મુનીર અને વડાપ્રધાન શેહબાઝ શરીફની વિનંતી પર, અમને અમારો હુમલો રોકવા માટે કહેવામાં આવ્યું છે.

યુએસ અને ઈરાન વચ્ચેના યુદ્ધનો અંત લાવવામાં મધ્યસ્થી કરવાના પ્રયાસમાં તેમની ભૂમિકા બદલ પાકિસ્તાનના નેતૃત્વ, ખાસ કરીને મુનીર માટે ટ્રમ્પ તરફથી આ તાજેતરનો જાહેર વિરોધ હતો. ૮ એપ્રિલના રોજ, યુએસ અને ઈરાને પાકિસ્તાન-મધ્યસ્થી બે અઠવાડિયાના યુદ્ધવિરામની જાહેરાત કરી. આ ઘટનાક્રમ પાછળની ચેનલ વાટાઘાટોમાં મુનીરે યુએસ ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ, ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને ઈરાની વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી સાથે સીધા પરામર્શનો સમાવેશ થાય છે.

૧૧ એપ્રિલના રોજ, મુનીરે વાન્સના નેતૃત્વ હેઠળના યુએસ પ્રતિનિધિમંડળ અને સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘેર ગાલિબાફના નેતૃત્વ હેઠળની ઈરાની ટીમનું સ્વાગત કર્યું હતું. તેઓ બંને રાષ્ટ્રો વચ્ચે સીધી વાટાઘાટોના પ્રથમ રાઉન્ડ માટે ઈસ્લામાબાદ પહોંચ્યા હતા. આ વાટાઘાટોમાં કોઈ સફળતા ન મળ્યા પછી, મુનીરે તેહરાનની ત્રણ દિવસની મુલાકાત લીધી, જે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર યુએસ-ઈઝરાયેલ યુદ્ધ શરૂ થયા પછી ઈરાની રાજધાનીની યાત્રા કરનાર પ્રથમ પ્રાદેશિક લશ્કરી નેતા હતા. ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ, ભારત શાસિત કાશ્મીરના પહેલગામમાં બૈસરન ખીણમાં સશસ્ત્ર માણસોએ ૨૬ પ્રવાસીઓની હત્યા કરી, જેમાં મોટાભાગના હિન્દુ પુરુષો હતા. ભારતે પાકિસ્તાન પર આરોપ મૂક્યો. ઈસ્લામાબાદે સંડોવણીનો ઈનકાર કર્યો અને સ્વતંત્ર તપાસની હાકલ કરી. બે અઠવાડિયામાં, બે પરમાણુ સશસ્ત્ર પડોશીઓ વચ્ચે યુદ્ધ થયું હતું. ત્યારબાદનું વર્ષ પાકિસ્તાનના રાજકીય અને લશ્કરી પરિદૃશ્યમાં ઝડપી પરિવર્તનનો સમયગાળો છે. મુનીર ચાર-સ્ટાર જનરલથી ફિલ્ડ માર્શલ અને પછી દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ ફોર્સ (CDF) બન્યા છે, વિરોધ પક્ષોની સ્થાનિક ટીકા વચ્ચે, હવે દાયકાઓમાં પાકિસ્તાનના સૌથી મહત્વપૂર્ણ રાજદ્વારી પૈકી એક અને કેન્દ્રિય વ્યક્તિ તરીકે સામે આવ્યા છે.

પહલગામ હુમલા પછી, ભારતે ૭ મે, ૨૦૨૫ના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું, જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાન શાસિત કાશ્મીરની અંદરના લક્ષ્યો પર હુમલો કરવામાં આવ્યો. પાકિસ્તાને જવાબ આપ્યો, અને કહ્યું કે તેણે અનેક ભારતીય જેટ તોડી પાડ્યા છે, નવી દિલ્હીએ પાછળથી આંશિક રીતે નુકસાન સ્વીકાર્યું. ૧૦ મેના રોજ વોશિંગ્ટન સાથે સંકળાયેલી બેકચેનલ રાજદ્વારી દ્વારા યુદ્ધવિરામ પર હસ્તાક્ષર થયા.

ટ્રમ્પે વારંવાર આ યુદ્ધ રોકવાનો શ્રેયનો દાવો કર્યો. પાકિસ્તાને તેમનો આભાર માન્યો અને તેમને નોબેલ શાંતિ પુરસ્કાર માટે નામાંકિત કર્યા. બીજી તરફ, ભારતે ટ્રમ્પના દાવાઓને નકારી કાઢ્યા અને ભારપૂર્વક કહ્યું કે યુદ્ધવિરામ પાકિસ્તાન સાથે દ્વિપક્ષીય વાતચીતનું પરિણામ છે. નવી દિલ્હીની નીતિ ઈસ્લામાબાદ સાથે દ્વિપક્ષીય વિવાદોમાં તૃતીય પક્ષની સંડોવણીને નકારી કાઢે છે.

૨૦ મેના રોજ, પાકિસ્તાનના ફેડરલ કેબિનેટે સર્વાનુમતે મુનીરને ફિલ્ડ માર્શલ તરીકે બઢતી આપવાને મંજૂરી આપી, જેમાં ભારત સાથેના યુદ્ધ દરમિયાન તેમના નેતૃત્વનો શ્રેય આપવામાં આવ્યો. આનાથી તેઓ દેશના ઈતિહાસમાં અયુબ ખાન પછી આ પદ ધરાવતા બીજા અધિકારી બન્યા. અયુબથી વિપરીત, મુનીરે પણ આર્મી ચીફ તરીકે પોતાનું પદ જાળવી



રાખ્યું. યુએસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પીસ (યુએસઆઈપી)ના પૂર્વ વડા અને ભૂ-રાજકીય વિશ્લેષક ઈમરાન ખાને જણાવ્યું હતું કે ભારત સાથેનો સંઘર્ષ મુનીરના વૈશ્વિક ઉદય માટે નિર્ણાયક સાબિત થયો. મે ૨૦૨૫માં ભારત સાથેનો સંઘર્ષ મુનીરના વૈશ્વિક મંચ પર ઉદય માટે નિર્ણાયક હતો. મધ્યમ શક્તિઓ અને મહાન-શક્તિ સ્પર્ધાના યુગમાં, વૈશ્વિક સ્તરે કોઈએ ખાસ કરીને પાકિસ્તાનમાં નાગરિક-લશ્કરી અસંતુલન પર ધ્યાન કેન્દ્રિત કર્યું ન હતું. ૧૮ જૂનના રોજ, ૧૨ દિવસના ઈઝરાયેલ-ઈરાન યુદ્ધ વચ્ચે, ટ્રમ્પે વ્હાઈટ હાઉસ ખાતે લંચ માટે મુનીરનું આયોજન કર્યું હતું, પહેલી વાર જ્યારે કોઈ અમેરિકન રાષ્ટ્રપતિએ નાગરિક નેતૃત્વ હાજર ન હોય ત્યારે પાકિસ્તાની લશ્કરી વડાનું ખાનગી સ્વાગત કર્યું હતું. આ બેઠક ઓવલ ઓફિસમાં નિર્ધારિત એક કલાક કરતાં બમણી ચાલી હતી.

ટ્રમ્પે મુનીરને ‘‘એક મહાન ફાઈટર’’ અને ‘‘ખૂબ જ મહત્વપૂર્ણ વ્યક્તિ’’ તરીકે વર્ણવ્યા હતા, અને ઉમેર્યું હતું કે તેમને મળવાનું ‘‘સન્માન’’ની વાત હતી. તેમણે જાહેરમાં નોંધ્યું હતું કે પાકિસ્તાનીઓ ઈરાનને ખૂબ સારી રીતે જાણે છે, મોટાભાગના લોકો કરતાં વધુ સારી રીતે.

ઈસ્લામાબાદે દુર્લભ પૃથ્વી ખનિજો અને ક્રિપ્ટોકરન્સી સહયોગ સાથે જોડાયેલી ઓફરો દ્વારા વોશિંગ્ટન સાથે સંબંધોને વિસ્તૃત કરવાનો પણ પ્રયાસ કર્યો હતો. વિશ્લેષકો કહે છે કે પાકિસ્તાને અમેરિકા અને ઈરાન સાથે ચેનલો જાળવી રાખી હતી, જેના કારણે તે ૧૨ દિવસના યુદ્ધ દરમિયાન અને પછી બંને પક્ષો સાથે વાતચીત કરી શક્યા તે થોડા દેશોમાંનો એક બન્યો હતો. મુનીર સપ્ટેમ્બરમાં શરીફ સાથે વોશિંગ્ટન, ડીસીમાં પાછા ફર્યા હતા, જેમાં વાન્સ અને સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો પણ સામેલ હતા. વોશિંગ્ટન ડીસી સ્થિત વિશ્લેષક ખાને કહ્યું કે, મુનીરના ઉદયની વાર્તા ૯ મે, ૨૦૨૩ના રોજ પહેલગામના ઘણા સમય પહેલા શરૂ થાય છે. તે દિવસે રાજકીય રમખાણો અને લશ્કરી સ્થાપનો પરના હુમલાઓએ તત્કાલીન સૈન્ય વડાને તેમના સૌથી મોટા આંતરિક રાજકીય પડકારનો નિર્ણાયક રીતે સામનો કરીને સત્તા એકત્ર કરવાની તક આપી હતી. ૨૦૨૫માં બલુચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વા પ્રાંતોમાં હિંસા એક દાયકામાં તેના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગઈ. જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ખાન, તેમની પત્ની સાથે જેલમાં છે. પ્રેસ સ્વતંત્રતા અને નાગરિક સ્વતંત્રતાઓ પરના હુમલાઓને અધિકાર જૂથો દ્વારા સતત ટીકાનો સામનો કરવો પડ્યો છે. ૨૭મા સુધારાની વિપક્ષી વ્યક્તિઓ અને સ્વતંત્ર વિશ્લેષકો દ્વારા તીવ્ર ટીકા કરવામાં આવી છે, જેઓ દલીલ કરે છે કે સત્તાના કેન્દ્રીકરણનો પાકિસ્તાનના ઈતિહાસમાં કોઈ પૂર્વગ્રહ નથી. વિશ્લેષક ખાને કહ્યું કે તેઓ વિદેશ નીતિમાં સૈન્યની વધતી ભૂમિકાથી ચિંતિત નથી. તેમણે કહ્યું કે વધુ ‘‘ગંભીર પ્રશ્ન’’ મુનીરના લશ્કરી વડા તરીકેના કાર્યકાળ વિશે હતો. આ એકમાત્ર વ્યક્તિ જ નક્કી કરે છે કે મુનીર કેટલા સમય સુધી સીડીએફ રહેશે, અને તે મુનીર પોતે જ છે.

# ઓવલ ઓફિસની બેઠક બાદ લેબેનોન-ઈઝરાયેલ યુદ્ધવિરામ ૩ અઠવાડિયા માટે લંબાવવામાં આવ્યો

(એજન્સી) તા.૨૪

શુક્રવાર, ૨૪ એપ્રિલના રોજ યુનાઈટેડ સ્ટેટ્સ (યુએસ) અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ તેના ૧૭મા દિવસમાં પ્રવેશ્યો, કારણ કે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં બંને દેશોના વરિષ્ઠ અધિકારીઓને આમંત્રિત કર્યા પછી ઈઝરાયેલ અને લેબેનોન વચ્ચે યુદ્ધવિરામ ત્રણ અઠવાડિયા માટે લંબાવવાની જાહેરાત કરી. ઈઝરાયેલ-લેબેનોન યુદ્ધવિરામ ૨૬ એપ્રિલના રોજ સમાપ્ત થવાનો હતો. જો જાહેરાત મુજબ અમલમાં મૂકવામાં આવે તો, યુદ્ધવિરામ હવે ૧૭ મે સુધી અમલમાં રહેશે.

ટ્રમ્પના જણાવ્યા મુજબ, ઓવલ ઓફિસની બેઠકમાં ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ, સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયો, ઈઝરાયેલમાં યુએસ એમ્બેસેડર માઈક હુકાબી, લેબેનોનમાં એમ્બેસેડર મિશેલ ઈસા અને ઉચ્ચ કક્ષાના ઈઝરાયેલી અને લેબેનોન પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

મીટિંગ ખૂબ સારી રહી. હિઝબુલ્લાહથી પોતાને બચાવવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ લેબેનોન સાથે કામ કરવા જઈ રહ્યું છે. ઈઝરાયેલ અને લેબેનોન વચ્ચે યુદ્ધવિરામ ત્રણ અઠવાડિયા માટે લંબાવવામાં આવશે, ટ્રમ્પે એક નિવેદનમાં જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું કે, તેઓ નજીકના ભવિષ્યમાં ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને લેબનીઝ રાષ્ટ્રપતિ જોસેફ ઓનને આમંત્રિત કરવા માટે આતુર છે.

ગયા અઠવાડિયે યુદ્ધવિરામ થયો તે પહેલાં લેબેનોનમાં લગભગ ૨,૩૦૦ અને ઈઝરાયેલમાં ૧૩ લોકો માર્યા ગયા હતા, અગાઉના અહેવાલો અનુસાર.



યુદ્ધવિરામ શરૂ થયા પછી હિંસામાં તીવ્ર ઘટાડો થયો હોવા છતાં તણાવ હજુ પણ ઊંચો છે. ટ્રમ્પની જાહેરાતના કલાકો પહેલા દક્ષિણ લેબેનોનમાં ઈઝરાયેલી દળો અને હિઝબુલ્લા વચ્ચે ગોળીબાર થયો હતો, જે કરારની નાજુકતા પર પ્રકાશ પાડે છે.

ઈરાનના ધારાસભ્યએ પાકિસ્તાનમાં યુએસ વાટાઘાટોને ભૂલ ગણાવી

ઈરાની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના સભ્ય મહમૂદ નબાવિયનએ કહ્યું કે, પાકિસ્તાનમાં યુનાઈટેડ સ્ટેટ્સ સાથે થયેલી વાટાઘાટો એક ભૂલ હતી. SNN ટીવી સાથેની મુલાકાતમાંથી શેર કરાયેલી ટિપ્પણીમાં નબાવિયનએ પાકિસ્તાનમાં ઈરાનના પરમાણુ મુદ્દા પર ચર્ચાને "વ્યૂહાત્મક ભૂલ" ગણાવી. X પરની એક પોસ્ટમાં, તેમણે કહ્યું કે, પાકિસ્તાનમાં પરમાણુ મુદ્દાને વાટાઘાટોના ટેબલ પર મૂકવા એ એક ભૂલ હતી. ટ્રમ્પે ઈરાન સંઘર્ષ પર ‘મને ઉતાવળ ન કરો’ કહ્યું

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, તેઓ ઈરાન સાથેના સંઘર્ષને સમાપ્ત કરવા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરશે નહીં, વાટાઘાટો ચાલુ હોવાથી પત્રકારોને "મને ઉતાવળ ન કરો" એમ કહ્યું.

ટ્રમ્પે દાવો કર્યો કે, ઈરાનની લશ્કરી અને આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી પડી ગઈ છે અને કહ્યું કે, તેઓ વાટાઘાટો પૂર્ણ કરવાની કોઈ ઉતાવળમાં નથી. તેમણે એ પણ પુનરોચ્ચાર કર્યો કે, તેહરાનને પરમાણુ શસ્ત્રો મેળવવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

યુએસએ ઈરાકના લશ્કરી નેતા માટે ૧૦ મિલિયન ડોલરનું ઈનામ ઓફર કર્યું

યુનાઈટેડ સ્ટેટ્સે ઈરાકમાં ઈરાન-જોડાણ ધરાવતા સશસ્ત્ર જૂથ, કટાઈબ સૈયદ અલ-શુહાદા (KSS)ના નેતા અને સેક્રેટરી-જનરલ હાશિમ ફિનયાન રહીમ અલ-સરાજીની ધરપકડ તરફ દોરી જતી માહિતી માટે ૧૦ મિલિયન ડોલરનું ઈનામ જાહેર કર્યું છે. ઈટાલીએ ૨૦૨૬ વર્લ્ડ કપમાં ઈરાનને બદલવાના સૂચનને નકારી કાઢ્યું

ઈટાલીના રમતગમત અધિકારીઓએ એવા સૂચનોને નકારી કાઢ્યા છે કે, ટ્રમ્પ વહીવટીતંત્રના અધિકારી દ્વારા પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યા બાદ ચાર વખતના ચેમ્પિયન ઈટાલી આગામી ૨૦૨૬ ફિફા વર્લ્ડ કપમાં ઈરાનને બદલી શકે છે.

# મુસ્લિમ, અરબ દેશોના વિદેશમંત્રીઓએ જેરૂસલેમમાં ધાર્મિક સ્થળોના ઈઝરાયેલી ઉલ્લંઘનની નિંદા કરી

**● મંત્રીઓએ પુનરોચ્ચાર કર્યો કે, અલ-અક્સા મસ્જિદ કમ્પાઉન્ડનો સમગ્ર વિસ્તાર ફક્ત મુસ્લિમો માટે પૂજા સ્થળ છે ● તેઓએ ૩૦થી વધુ નવી વસાહતોને મંજૂરી આપવાના ઈઝરાયેલના નિર્ણય સહિત ગેરકાયદેસર વસાહત પ્રવૃત્તિને વેગ આપવાની નિંદા કરી**

(એજન્સી) રિયાધ, તા.૨૪

સઉદી અરેબિયા અને અન્ય કેટલાક મુસ્લિમ દેશોના વિદેશ પ્રધાનોએ ગુરૂવારે ઈઝરાયેલી અધિકારીઓ દ્વારા જેરૂસલેમમાં ઈસ્લામિક અને ખ્રિસ્તી પવિત્ર સ્થળોની કાનૂની સ્થિતિના વારંવાર ઉલ્લંઘનની નિંદા કરી.

ઈઝરાયેલી પોલીસના રક્ષણ હેઠળ ઈઝરાયેલી વસાહતીઓ અને ઉગ્રવાદી પ્રધાનો દ્વારા અલ-અક્સા મસ્જિદ પરિસરમાં સતત થયેલા હુમલાની નિંદા રાજ્ય, યુએઈ, કતાર, જોર્ડન, ઈજિપ્ત, ઈન્ડોનેશિયા, તુર્કી અને પાકિસ્તાનના વિદેશ પ્રધાનો દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કરવામાં આવી હતી. મંત્રીઓએ પુનરોચ્ચાર કર્યો કે, અલ-અક્સા મસ્જિદ પરિસરમાં આ ઉશ્કેરણીજનક કાર્યવાહી આંતરરાષ્ટ્રીય કાયદા અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન છે, જે વિશ્વભરના મુસ્લિમો માટે અસ્વીકાર્ય ઉશ્કેરણીનું પ્રતિનિધિત્વ કરે છે અને પવિત્ર શહેરની પવિત્રતાનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. મંત્રીઓએ જેરૂસલેમ અને તેના ઈસ્લામિક અને ખ્રિસ્તી પવિત્ર સ્થળોમાં ઐતિહાસિક અને કાનૂની સ્થિતિને બદલવાના કોઈપણ પ્રયાસોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા અને ઐતિહાસિક હાશેમાઈટી સંરક્ષકની વિશેષ ભૂમિકાને સ્વીકારતા, તેને જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. મંત્રીઓએ પુનરોચ્ચાર કર્યો કે, અલ-અક્સા મસ્જિદ કમ્પાઉન્ડનો સમગ્ર વિસ્તાર ફક્ત મુસ્લિમો માટે પૂજા સ્થળ છે અને જોર્ડનના અવકાફ અને ઈસ્લામિક બાબતોના મંત્રાલય સાથે જોડાયેલ જેરૂસલેમ એન્ડોમેન્ટ્સ અને અલ-અક્સા મસ્જિદ બાબતોનો વિભાગ, અલ-અક્સા મસ્જિદના કાર્યોનું સંચાલન કરવા માટે વિશિષ્ટ અધિકારક્ષેત્ર ધરાવતો કાનૂની એન્ટિટી છે. મંત્રીઓએ ૩૦થી વધુ નવી વસાહતોને મંજૂરી આપવાના ઈઝરાયેલના નિર્ણય સહિત, ગેરકાયદેસર વસાહત પ્રવૃત્તિને વેગ આપવાની અને નિંદા કરી, જે આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન છે, જેમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવો અને આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતના ૨૦૨૪ના સલાહકાર અભિપ્રાયનો સમાવેશ થાય છે.

તેઓએ કબજા હેઠળના પશ્ચિમ કાંઠે પેલેસ્ટીનીઓ સામે સતત અને વધતી જતી વસાહતી હિંસાની નિંદા કરી, જેમાં પેલેસ્ટીની શાળાઓ અને બાળકો પર તાજેતરના હુમલાઓનો સમાવેશ થાય છે અને જવાબદારોને જવાબદાર ઠેરવવા હાકલ કરી. તેઓએ ભાર મૂક્યો કે ઈઝરાયેલનું કબજા હેઠળના પેલેસ્ટીની પ્રદેશ પર કોઈ સાર્વભૌમત્વ નથી અને કબજા હેઠળના પેલેસ્ટીની પ્રદેશને જોડવાના અથવા પેલેસ્ટીની લોકોને વિસ્થાપિત કરવાના



કોઈપણ પ્રયાસોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા. મંત્રીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આવી કાર્યવાહી પેલેસ્ટીની રાજ્યની સધ્ધરતા અને બે-રાજ્ય ઉકેલના અમલીકરણ પર ઈરાદાપૂર્વક અને સીધી હુમલો છે, તણાવ વધારે છે, શાંતિ પ્રયાસોને નબળી પાડે છે અને તણાવ ઓછો કરવા અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવાના હેતુથી ચાલી રહેલી પહેલોને અવરોધે છે. મંત્રીઓએ આંતરરાષ્ટ્રીય સમુદાયને તેની કાનૂની અને નૈતિક જવાબદારીઓ નિભાવવા અને ઈઝરાયેલને કબજા હેઠળના પશ્ચિમ કાંઠે તેની ખતરનાક વૃદ્ધિ અટકાવવા અને તેના ગેરકાયદેસર પ્રથાઓનો અંત લાવવા માટે દબાણ કરવા માટે તેમના આહ્વાનને પુનરાવર્તિત કર્યું. મંત્રીઓએ આંતરરાષ્ટ્રીય સમુદાયને તેની જવાબદારીઓ સ્વીકારવા અને આ ઉલ્લંઘનોને રોકવા માટે સ્પષ્ટ અને નિર્ણાયક પગલાં લેવા હાકલ કરી. તેમણે આંતરરાષ્ટ્રીય સમુદાયને બે-રાજ્ય ઉકેલ પર આધારિત વ્યાપક શાંતિ પ્રાપ્ત કરતા રાજકીય ઉકેલને આગળ વધારવા માટે તમામ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય પ્રયાસોને વધુ તીવ્ર બનાવવા હાકલ પણ કરી. મંત્રીઓએ પેલેસ્ટીની લોકોના કાયદેસર અધિકારો, ખાસ કરીને ૪ જૂન, ૧૯૬૭ની રેખાઓ પર સ્વ-નિર્ણયના તેમના અધિકાર અને પૂર્વ જેરૂસલેમ સાથે સ્વતંત્ર પેલેસ્ટીની રાજ્ય માટે તેમના અતૂટ સમર્થનનો પુનરાવર્તિત કર્યો.

# ઈઝરાયેલી હુમલાઓ વચ્ચે ગાઝામાં ૨૦ વર્ષથી વધુ સમય પછી પ્રથમ ચૂંટણી યોજાશે

## યુદ્ધવિરામ છતાં ઈઝરાયેલી હુમલાઓ ચાલુ રહેતાં બે દાયકાથી વધુ સમય પછી ગાઝામાં દેઈર અલ-બલાહમાં ગાઝાની પ્રથમ ચૂંટણી યોજવાની તૈયારીમાં છે

(એજન્સી) તા.૨૪

ગયા ઓક્ટોબરમાં યુદ્ધવિરામ થયો હોવા છતાં તાજેતરના ડ્રોન હુમલામાં ત્રણ બાળકો સહિત પાંચ પેલેસ્ટીનીઓના મોત થયા હોવાથી બે દાયકાથી વધુ સમય પછી ગાઝામાં પ્રથમ ચૂંટણી દેઈર અલ-બલાહમાં યોજાવાની છે. કબજા હેઠળના પશ્ચિમ કાંઠામાં મ્યુનિસિપલ ચૂંટણીઓ સાથે મધ્ય ગાઝા શહેરમાં શનિવારે મતદાન થવાનું છે.

ગાઝા માટે વિવાદાસ્પદ યુએસ દરખાસ્તો સામે પેલેસ્ટીનીઓ દ્વારા રાષ્ટ્રીય એકતાના પ્રતીક તરીકે વ્યાપકપણે જોવામાં આવે છે જે ઘણા માને છે કે, પશ્ચિમ કાંઠાથી તેનું અલગ થવું વધુ ગાઢ બનશે, આ મતદાન ૨૦૦૬ પછી ગાઝામાં કોઈપણ પ્રકારની પ્રથમ ચૂંટણી હશે. તે ૨૨ વર્ષમાં પ્રદેશમાં યોજાનારી પ્રથમ સ્થાનિક ચૂંટણી પણ હશે.

આ ચૂંટણીઓ કબજા હેઠળના પશ્ચિમ કાંઠામાં ૪૨૦ સ્થાનિક સંસ્થાઓને આવરી લેતા વ્યાપક મ્યુનિસિપલ મતદાનના ભાગરૂપે આવે છે. ચાર મતદાર યાદીઓ, જે બધી અપક્ષ તરીકે નોંધાયેલી છે, દીર અલ-બલાહ મત માટે લડી રહી છે : શાંતિ અને બાંધકામ, દીર અલ-બલાહ અમને એક કરે છે, દેર અલ-બલાહનું ભવિષ્ય અને દીર અલ-બલાહનું પુનર્જાગરણ. દરેક યાદીમાં ૧૫ ઉમેદવારોનો સમાવેશ થાય છે, જેમાં ઓછામાં ઓછી ચાર મહિલાઓનો સમાવેશ થાય છે, જેમાંથી મેયરની પસંદગી કરવામાં આવશે. ૨૦૦૬માં, હમાસે પેલેસ્ટીની ઓથોરિટીની વિધાનસભાની ચૂંટણીઓ જીતી હતી અને બાદમાં રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસના ફતહ ચળવળ સાથે ટૂંકા નાગરિક સંઘર્ષ બાદ ગાઝા પર નિયંત્રણ મેળવ્યું હતું, જે પશ્ચિમ કાંઠે પ્રભુત્વ ધરાવે છે.

૨૦૦૫થી ૨૦૨૩ સુધી, હમાસે ચૂંટણીઓ યોજવાને બદલે ગાઝામાં સ્થાનિક પરિષદો અને નગરપાલિકાઓમાં સભ્યોની નિમણૂક કરી હતી.

અબ્બાસ દ્વારા જારી કરાયેલા હુકમનામામાં દીર અલ-બલાહને ગાઝામાં એકમાત્ર મતદાન સ્થળ તરીકે નિયુક્ત કરવામાં આવ્યું હતું, જેમાં એન્ક્લેવના અન્ય વિનાશ પામેલા વિસ્તારોની તુલનામાં તેના પ્રમાણમાં ઓછા નુકસાન અને તેના મજબૂત બાકી રહેલા માળખાકીય સુવિધાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જો કે, દીર અલ-બલાહને ઈઝરાયેલના યુદ્ધ દરમિયાન પણ મોટો વિનાશ સહન કરવો પડ્યો છે, પરંતુ તે અન્ય વિસ્તારોની જેમ ઈઝરાયેલી ભૂમિ દળો દ્વારા સીધો કબજો કરવામાં આવ્યો ન હતો. ઈઝરાયેલે અગાઉ તેને "સલામત ક્ષેત્ર" તરીકે વર્ગીકૃત કર્યું હતું, જો કે, ઈઝરાયેલી દળોએ ૨૦૨૪ના અંતમાં મ્યુનિસિપાલિટી મુખ્યાલયનો નાશ કર્યો હતો અને તત્કાલીન મેયર ડાયબ અલ-જારોઉ અને ઘણા કર્મચારીઓને નાગરિક ફરજો બજાવતી વખતે મારી નાખ્યા હતા.

મતદાન ૧૨ મતદાન કેન્દ્રોમાં થશે જેમાં ૧૧ સ્ટેશનો શામેલ છે, જેમાં



તંબુઓથી સજ્જ ખુલ્લા વિસ્તારોનો સમાવેશ થાય છે, કારણ કે, ઘણી શાળાઓ વિસ્થાપિત રહેવાસીઓ માટે આશ્રયસ્થાનો તરીકે સેવા આપે છે. મતદાન સ્થાનિક સમય મુજબ સવારે ૭ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી ખુલ્લું રહેવાનું છે.

પેલેસ્ટીની સેન્ટ્રલ ઈલેક્શન કમિશનના પ્રવક્તા ફરીદ તામલ્લાહે જણાવ્યું હતું કે, દેઈર અલ-બલાહમાં લગભગ ૭૦,૦૦૦ પેલેસ્ટીની મતદાન કરવા માટે લાયક છે. આ આંકડામાં હાલમાં શહેરમાં આશ્રય લેનારા ઘણા વિસ્થાપિત લોકોને બાકાત રાખવામાં આવ્યા છે, કારણ કે, ફક્ત નોંધાયેલા મૂળ રહેવાસીઓ જ મતદાન કરી શકે છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, મતદાનનો હેતુ ફક્ત સ્થાનિક શાસન પુનઃસ્થાપિત કરવા અને સેવાઓમાં સુધારો કરવાનો નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય ભંડોળ મેળવવામાં મદદ કરવા અને યુદ્ધ છતાં લોકશાહી સંસ્થાઓ શક્ય છે તે દર્શાવવાનો પણ છે.

કેટલાક પેલેસ્ટીની વિશ્લેષકો કહે છે કે, આ પગલું પેલેસ્ટીની ઓથોરિટી દ્વારા ગાઝામાં પગપેસારો ફરીથી સ્થાપિત કરવાનો, હમાસનો સામનો કરવાનો અને આંતરરાષ્ટ્રીય સમુદાયને સંદેશ આપવાનો પણ છે કે, ગાઝા રાજકીય રીતે પશ્ચિમ કાંઠા સાથે એક પેલેસ્ટિનિયન માળખા હેઠળ જોડાયેલું છે. કમિશને કહ્યું છે કે, જો દેઈર અલ-બલાહ મતદાન સફળ થાય છે, તો તે ગાઝામાં અન્યત્ર સમાન ચૂંટણીઓ માટે માર્ગ મોકળો કરી શકે છે. આ ચૂંટણી બે વર્ષના નરસંહાર યુદ્ધ વચ્ચે આવી છે જેણે એન્ક્લેવને તબાહ કરી દીધો છે, જેમાં ઈઝરાયેલ પર હમાસ સાથે યુદ્ધવિરામ કરારના દૈનિક ઉલ્લંઘનનો આરોપ છે. ગયા ઓક્ટોબરમાં નાજુક યુદ્ધવિરામ પછી ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૭૮૬ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે અને ૨,૨૧૭ ઘાયલ થયા છે.

# કુવૈત કહે છે કે ઈરાકી દ્વારા છોડવામાં આવેલા ડ્રોન સરહદી ચોકીઓ પર હુમલો કરે છે

## પ્રાદેશિક તણાવ વધતા અને યુદ્ધવિરામ વાટાઘાટો નાજુક રહેતાં કુવૈતે સાવચેતીપૂર્વક બંધ કર્યા પછી હવાઈ ક્ષેત્ર ફરીથી ખોલ્યું

(એજન્સી) દુબઈ, તા.૨૪

કુવૈતની સેનાએ શુક્રવાર, ૨૪ એપ્રિલના રોજ જણાવ્યું હતું કે ઈરાકથી છોડવામાં આવેલા બે ડ્રોન ઉત્તરીય સરહદી ચોકીઓને નિશાન બનાવે છે, જેના કારણે ભૌતિક નુકસાન થયું છે પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી. સૈન્યએ આ હુમલાને કુવૈતની સરહદ પર એક નવી સુરક્ષા ઘટના તરીકે વર્ણવી હતી, જેમાં અધિકારીઓએ હજુ સુધી જવાબદાર લોકોની ઓળખ કરી નથી અથવા વધુ ઓપરેશનલ વિગતો આપી નથી. આ હુમલો ખાડીમાં વધતી અસ્થિરતા અને વ્યાપક પ્રાદેશિક સંઘર્ષમાંથી છલકાતા ભય વચ્ચે થયો છે. ચાલુ તણાવ સાથે જોડાયેલા સાવચેતી પ્રતિબંધો બાદ કુવૈતે તાજેતરમાં તેનું હવાઈ ક્ષેત્ર ફરીથી ખોલ્યા પછી આ વિકાસે પ્રાદેશિક હવાઈ ક્ષેત્ર અને સરહદ સુરક્ષા પર પણ નવેસરથી ધ્યાન દોર્યું હતું. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી આજે રાત્રે પાકિસ્તાન પહોંચે તેવી શક્યતા એસોસિએટેડ પ્રેસ દ્વારા ટાંકવામાં આવેલા બે પાકિસ્તાની અધિકારીઓ અનુસાર, ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી આ સપ્તાહના અંતે વાટાઘાટો માટે પાકિસ્તાન જાય તેવી અપેક્ષા છે. અધિકારીઓએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે અરાઘચી સાથે એક નાનું સરકારી પ્રતિનિધિમંડળ હશે અને શુક્રવાર સુધીમાં આવી શકે છે. મુલાકાતની વધુ વિગતો જાહેર કરવામાં આવી નથી. પેન્ટાગોનમાં પત્રકારો સાથે વાત કરતા, યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથે જણાવ્યું હતું કે ઈરાની શિપિંગ પર અમેરિકન નાકાબંધી ‘જ્યાં સુધી જરૂરી નથી’



ત્યાં સુધી ચાલુ રહેશે, જે વોશિંગ્ટનના વૈશ્વિક સુરક્ષા માટે ઈરાનના ખતરા તરીકે વર્ણવેલ મિશનને પૂર્ણ કરવા માટે ચાલુ રહેશે, એસોસિએટેડ પ્રેસ (એપી)એ અહેવાલ આપ્યો છે. યુએસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, નાકાબંધીએ અત્યાર સુધીમાં ૩૪ જહાજોને પાછા ફેરવી દીધા છે, જો કે, શિપ-ટ્રેકિંગ ડેટા દર્શાવે છે કે ઈરાન હજુ પણ કેટલાક મંજૂર તેલ નિકાસ ખસેડવામાં સફળ રહ્યું છે. લોયડ્સ લિસ્ટ ઈન્ટેલિજન્સે અહેવાલ આપ્યો છે કે, ‘શેડો ફ્લીટ ટ્રાફિકનો સતત પ્રવાહ’ પર્સિયન ગલ્ફમાં અંદર અને બહાર ફરતો રહ્યો છે, જેમાં ૧૩ એપ્રિલથી ઓમાનના અખાતમાંથી સ્ટ્રેટની બહાર નીકળેલા ઈરાની કાર્ગો વહન કરતા ૧૧ ટેન્કરોનો સમાવેશ થાય છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# પરપ્રાંતીય શ્રમિકોનું પલાયન : 'ગુજરાત મોડેલ'થી મોહભંગનો સંકેત ?

તાજેતરમાં જ આપણે સમાચાર જોયા કે ગુજરાતના સમૃદ્ધ જિલ્લા સુરતના રેલવે સ્ટેશનેથી વતન પરત જઈ રહેલા પરપ્રાંતીય શ્રમિકોની ભીડ એટલી પ્રચંડ હતી કે વ્યવસ્થાના નામે મીડું થઈ ગયું અને મહામુસીબતે વતન પરત જવા નીકળેલા આ યુપી બિહારના શ્રમિકો પર પોલીસે લાઠીઓ પણ વીંઝી અને ભારે અંધાધૂંધી પણ સર્જાઈ. વેકેશનના ગાળામાં આમ તો સુરત હોય કે અમદાવાદ હોય ત્યાંથી યુપી બિહાર કે અન્ય રાજ્યોમાં જતી ટ્રેનો હાઉસફૂલ જ હોય છે પરંતુ સુરતમાં આ વખતે સ્થિતિ જુદી જ છે. ત્યાં વેકેશન માણવા નહીં પરંતુ મંદી, બેકારી અને મોંઘવારીનો માર ઝીલી રહેલા હજારો પરપ્રાંતીયો બેકારીને કારણે પોતાના વતન પરત જઈ રહ્યા છે. કારણ કે જે આશાઓ અને સપનાઓ સાથે તેઓ સુરત અમદાવાદ કે મોરબી કે ગુજરાતમાં અન્યત્ર કામની શોધમાં આવ્યા હતા ત્યાં કામ હવે મળતું નથી. સંખ્યાબંધ કારખાનાઓ બંધ થઈ ગયા છે, ટેક્સટાઈલથી માંડીને સિરામીક ઉદ્યોગો પણ મંદીમાં છે. એમાંય વળી અમેરિકા-ઈઝરાયેલે ઈરાન પર લાદેલા યુદ્ધથી દેશમાં ઉદ્યોગો વેપાર ધંધાની હાલત કફોડી થઈ ગઈ છે. ગેસની અછતથી માંડીને બધી જ વસ્તુઓ મોંઘીદાટ થઈ ગઈ છે અને મોંઘવારી તેમજ અછત સતત વધી રહી છે. આયાત-નિકાસને પણ ગંભીર ફટકો પડયો છે. ટૂંકમાં દેશનું અર્થતંત્ર ગંભીર રીતે હાલક ડોલક થઈ ગયું છે. અખાતી યુદ્ધનો કેવો અને ક્યારે અંત આવશે એ અંગે ભારે અનિશ્ચિતતા પ્રવર્તે છે. અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ જેવા વિકસીત રાષ્ટ્રો પણ ફાંફે ચડી ગયા છે ત્યારે ભારત જેવા જંગી વસ્તી અને સમસ્યાઓ ધરાવતા દેશની હાલતનો અંદાજો આવી જ જાય છે. વળી દેશના શાસકો પાસે યુદ્ધના કારણે આવી પડેલી આફતના સામના માટે ખાસ કરીને આર્થિક મોરચે કોઈ 'રોડ મેપ' હોય એવું લાગતું નથી. પ્રજાને જાણે કે 'રામ ભરોસે' જ છોડી દેવાઈ છે.

આવી ગંભીર પરિસ્થિતિમાં પ્રમાણમાં દેશના સમૃદ્ધ ગણાતા ગુજરાત, મહારાષ્ટ્ર જેવા રાજ્યોની હાલત પણ કફોડી થઈ ગઈ છે જ્યારે યુપી, બિહાર, ઓરિસ્સા, ઝારખંડ વગેરે જેવા રાજ્યોમાં તો પહેલેથી જ સ્થિતિ ખરાબ છે એટલે તો ત્યાંના લોકો રોજગારી માટે પોતાનું વતન છોડીને ગુજરાત જેવા રાજ્યોમાં આવે છે પરંતુ ગુજરાતની આ પ્રકારની સમૃદ્ધિ કંઈ આજકાલની નહીં પરંતુ આઝાદી પહેલાની છે. વેપાર વણજ અહીંના લોહીમાં છે પરંતુ જ્યારે રાજ્યનું સુકાન ભાજપે સંભાળ્યું ત્યારથી તેણે ગુજરાતનું બ્રાન્ડિંગ પોતાની ચૂંટણી લક્ષી રાજનીતિમાં કરવા માંડયું. અને એમાંય પછી ૨૦૧૪માં ભાજપની સરકાર કેન્દ્રમાં આવીને એમાંય પાછું ગુજરાતના નરેન્દ્ર મોદીના હાથમાં દેશનું સુકાન આવ્યું એટલે ભાજપે પહેલાથી જ પ્રચારિત કરેલા 'ગુજરાત મોડેલ'ને જાણે કે પાંખો ફૂટીને સર્વત્ર 'ગુજરાત મોડેલ'ને મોખરે કરી દેવાયું. એ વાત સાચી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ બંને ગુજરાતના હોવાથી ગુજરાતને અન્ય રાજ્યોની સરખામણીમાં ઘણા વિશેષ લાભો મળ્યા અને મોદીનું ગૃહરાજ્ય હોવાથી તેના બ્રાન્ડિંગમાં કોઈ કમી ન રખાઈ જેના કારણે વચમાં તો એવી પરિસ્થિતિ સર્જાઈ હતી કે જો તમે યુપી બિહારમાં કે એવા કોઈ પ્રમાણમાં પછાત રાજ્યમાં જાવ તો ત્યાંના કેટલાયે સામાન્ય લોકો ગુજરાતના નાગરિકોને અહોભાવથી જોવા લાગ્યા હતા જાણે કે તેઓ દુબઈ કે ઓસ્ટ્રેલિયાથી આવ્યા હોય...

ટૂંકમાં ગુજરાત અંગે જે અતિશયોક્તિપૂર્ણ આભામંડળ રચાયું એના પરપોટા હવે ફૂટવા લાગ્યા હોય એમ પરપ્રાંતીય શ્રમિકો ગુજરાતમાંથી પલાયન કરવા લાગ્યા છે કારણ કે અહીં તેમને કામ મળી રહ્યું નથી. વાસ્તવિકતા સૌની સામે આવી રહી છે અને એટલે જ હજારો પરપ્રાંતીય લોકો એકી સાથે ગુજરાત છોડીને જઈ રહ્યા છે. કોવિડ વખતે પણ જ્યારે લોકડાઉન લાગ્યું અને ગુજરાત ઠપ થઈ ગયું ત્યારે પણ હજારો કામદારો ગુજરાત છોડી ગયા હતા જે ઘણા સમય સુધી પરત ફર્યા ન હતા. જો કે કોરાના સંકટનું એક અલગ પરિપ્રેક્ષ્ય હતું પરંતુ હાલ જે આર્થિક સંકટ સર્જાયું છે એ ઘણું ગંભીર છે અને એના દુષ્પ્રભાવથી જો ગુજરાત જેવું ભાજપનું મોડેલ સ્ટેટ પણ બચી શકયું ન હોય તો પછી અન્ય રાજ્યોની કે સમગ્ર દેશની સ્થિતિનો ક્યાસ સહેજે કાઢી શકાય એમ છે. બીજું વર્તમાન ઘટનાક્રમથી ગુજરાત મોડેલમાં પણ તિરાડો પડી રહ્યાનું સ્પષ્ટ સમજાઈ રહ્યું છે. આની વાસ્તવિકતાનો ખ્યાલ એના પરથી આવી જાય છે જ્યારે સુરતના રેલવે સ્ટેશન સર્જાયેલી અંધાધૂંધી અને પરત જઈ રહેલા પરપ્રાંતીયોને સુવિધાઓને બદલે પોલીસની લાઠીઓ મળી ત્યારે એક વ્યથિત શ્રમિકે પોતાનો આર્તનાદ વ્યકત કરતા જણાવ્યું હતું કે 'બહુત હો ગયા દોસ્ત, અબ દોબારા કભી નહીં આઉંગા'...!

# સીમાંકન સંબંધિત બંધારણીય સુધારા બિલ પર મોદી સરકારની હારમાંથી નવ મુખ્ય રાજકીય સંકેતો અને નિષ્કર્ષ



**સીમાંકન માટે નવા નિયમો નક્કી કરનારા અને લોકસભા બેઠકોની સંખ્યા ૮૫૦ સુધી વધારવાવાળા બંધારણીય સુધારા બિલ પર મોદી સરકારની હારથી ઘણા મહત્ત્વપૂર્ણ રાજકીય સંકેતો મળ્યા છે. લોકસભામાં આ હારથી મોદી સરકારની ''અજેય'' હોવાની છબીને પણ ફટકો પડ્યો છે.**

સીમાંકન માટે નવા નિયમો નક્કી કરનારા અને લોકસભા બેઠકોની સંખ્યા ૮૫૦ સુધી વધારવાવાળા બંધારણીય સુધારા બિલના ત્રણ-બિલ પેકેજ પર નરેન્દ્ર મોદી સરકારની હારથી ઘણા મહત્વપૂર્ણ રાજકીય સંકેતો મળ્યા છે. નવા સુધારાઓમાં વસ્તી વિષયક સંક્રમણ પ્રાપ્ત કરનારા રાજ્યો માટે કોઈ સુરક્ષા પગલાં સામેલ નહોતા.

આ ઘટનાક્રમમાંથી ઓછામાં ઓછા નવ મુખ્ય રાજકીય પાસાં બહાર આવે છે.

**લોકસભામાં હાર ભાજપ માટે મોટો ફટકો**

૨૦૧૪માં દિલ્હીમાં ૨૮૨ બેઠકો સાથે સત્તામાં અભૂતપૂર્વ ઉદય પછી, લોકસભામાં હાર ભાજપ માટે લગભગ અકલ્પનીય રહી છે. રાજ્યસભામાં અગાઉ વિરોધ અને અવરોધો જોવા મળ્યા છે, જેના કારણે માર્ચ ૨૦૧૫માં રાષ્ટ્રપતિના અભિભાષણમાં વિપક્ષનો સુધારો પણ પસાર થયો હતો. ચકાસણી ટાળવા માટે, ભાજપ ઘણીવાર બિલોને ''મની બિલ'' તરીકે લેબલ કરવાનો આશરો લે છે. જો કે, ૨૦૦૨ પછી, આ સદીમાં લોકસભામાં સરકારી બિલની આ બીજી હાર છે.

**મોદી સરકારની ''અજેય'' છબી પર પ્રહાર:** મોદી સરકારે કોર્ટ અને અન્ય મંચો પર સતત દલીલ કરી છે કે ફક્ત સંસદ ''લોકોની ઈચ્છા''નું પ્રતિનિધિત્વ કરે છે અને તેને ''બંધારણીય મૂલ્યો''થી ઉપર ગણવી જોઈએ. આ દલીલ તેની લોકસભાની બહુમતીમાંથી ઉદ્ભવતી ''અજેયતા''ની ભાવના પર આધારિત છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પરાજય છતાં, મોદીએ એક જ મંત્રીમંડળમાં શપથ લઈને અને સંસ્થાઓ પર પોતાની પકડ મજબૂત કરીને આ છબી જાળવી રાખવાનો પ્રયાસ કર્યો. જોકે, ગયા અઠવાડિયાની ઘટનાઓએ કાળજીપૂર્વક રચાયેલી આ છબીને નબળી પાડી છે.

વિપક્ષ મહત્વ ધરાવે છે: એવી ધારણા વિકસિત થઈ હતી કે, ૨૪૦ બેઠકો સુધી ઘટાડા છતાં, વિરોધ પક્ષ ભાજપ માટે મહત્વનો નથી. એવું પણ માનવામાં આવતું હતું કે પક્ષપાતી પ્રમુખ અધિકારીઓ દ્વારા અથવા વ્યક્તિગત પક્ષો સાથે વાટાઘાટો દ્વારા, સર્વપક્ષીય બેઠક બોલાવ્યા વિના, વિરોધને નિયંત્રિત કરી શકાય છે. જોકે, આ ધારણા તૂટી ગઈ કારણ કે વિપક્ષ, જે પ્રસ્તાવિત લોકસભા વિસ્તરણથી લાભ મેળવી શક્યા હોત, તેઓ પણ મક્કમ રહ્યા.

**આ ઘટનાક્રમે અમિત શાહની 'ચાણક્યગીરી'ને ફટકો માર્યો**

આ ઘટનાક્રમે મોદી સરકારના મુખ્ય રણનીતિકાર તરીકે અમિત શાહની છબીને નુકસાન પહોંચાડ્યું છે. શાહની વ્યૂહરચનાઓ સામાન્ય રીતે લોકસભાને પાછળ છોડી દેવામાં સફળ રહી છે. આનું પહેલું મોટું ઉદાહરણ ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ જોવા મળ્યું, જ્યારે 'રાષ્ટ્રીય સુરક્ષા'ના નામે, ચર્ચા વિના અને મર્યાદિત માહિતી સાથે નિર્ણય પસાર કરવામાં આવ્યો.

લોકસભામાં લઘુમતીમાં પડ્યા પછી, સરકારે ભ્રષ્ટાચારના આરોપોના આધારે મુખ્યમંત્રીઓને હટાવવા અને ધરપકડ કરવાની મંજૂરી આપતું બીજું બિલ રજૂ કરવાનો પ્રયાસ કર્યો. જોકે, આ પ્રયાસ નિષ્ફળ ગયો અને બિલને સમિતિને મોકલવું પડ્યું. જોકે, આ વખતે, આ પ્રયાસ સંપૂર્ણપણે નિષ્ફળ ગયો, અને બિલને સંપૂર્ણપણે નકારી કાઢવામાં આવ્યું.

**દેશના બે સૌથી શક્તિશાળી નેતાઓની રાજકીય વિશ્વસનીયતા પર અસર**

નરેન્દ્ર મોદી અને અમિત શાહ બંનેએ ગૃહને ખાતરી આપી હતી કે રાજ્યોના હિતોને અસર થશે નહીં, પરંતુ આ વચનોનો બહુ ઓછો પ્રભાવ પડ્યો. શરૂઆતમાં સમાધાન કરવાનો પ્રયાસ કર્યા પછી, જ્યારે ભાજપનો દૃષ્ટિકોણ નિષ્ફળ ગયો, ત્યારે મોદી આક્રમક વલણ અપનાવીને તેમના ૩૦ મિનિટના સંબોધનમાં ૫૯ વખત કોંગ્રેસનો ઉલ્લેખ કર્યો.

**વડાપ્રધાનના રાષ્ટ્રને સંબોધનની ટ્રાન્સક્રિપ્ટ**

નિયમો અને પ્રક્રિયાઓને વાળવી હંમેશા શક્ય નથી: આ વિકાસ એ ધારણાને તોડી નાખે છે કે ભાજપ સંસદીય પ્રક્રિયાઓને તેની ઈચ્છા મુજબ ચાલાકી કરી શકે છે અને તેનાથી છટકી શકે છે. સંસદને કારોબારીના વિસ્તરણ બનાવવાનો પ્રયાસ પણ સ્પષ્ટ છે; લોકસભાના ડેપ્યુટી સ્પીકરનું પદ ૨૦૧૯થી ખાલી છે, જે ભારતીય ઈતિહાસમાં પ્રથમ વખત છે.

૨૦૨૦ના ત્રણ કૃષિ કાયદાઓ અંગે સંસદીય પ્રક્રિયાઓ અને ધોરણોના ઉલ્લંઘનના આરોપો પહેલાથી જ સામે આવી ચૂક્યા છે. તાજેતરમાં, CAPF બિલોને ઝડપથી પસાર કરવાના પ્રયાસમાં નિયમ ૧૧૬, જેમાં પૂરતો સમય અને વિચાર-વિમર્શ જરૂરી છે, તેને અવગણવાનો પ્રયાસ નિષ્ફળ ગયો, કારણ કે ગૃહની રાજકીય ઈચ્છાશક્તિ નિષ્ફળ ગઈ.

**વૈચારિક આંચકો :** આ બિલોનો હેતુ ભાજપના રાજકીય વર્ચસ્વને મજબૂત બનાવવા માટે હતો, તેને બેઠકોનો ઝડપી વિસ્તરણ આપીને, અન્ય ક્ષેત્રોને તેનાથી થનારા નુકસાનની ચર્ચા કર્યા વિના. જો કે, ''મહિલા અનામત''નું બહાનું પણ નિષ્ફળ ગયું, જેનાથી ભાજપના ઈરાદાઓ ખુલ્લા પડ્યા.

પરિણામે, ભારતીય રાજકારણનું પુનર્ગઠન અને રાજ્યોની ભૂમિકાને નબળી પાડવાની તેની લાંબા ગાળાની યોજનાને મોટો ફટકો પડ્યો છે.

**પ્રદેશ અને ભાષાનો ત્રીજો ધરી રમતમાં આવે છે :** રાજકારણ અત્યાર સુધી મુખ્યત્વે ધર્મ અને જાતિના સ્પર્ધાત્મક ધરીઓની આસપાસ ફરતું રહ્યું છે, ભલે ભાજપે જાતિને સમાવવાનો પ્રયાસ કર્યો હોય. જોકે, આ ચર્ચા દ્વારા, ભાષા, પ્રદેશ અને વિવિધતા સાથે સંબંધિત ત્રીજો ધરી ઉભરી રહી હોય તેવું લાગે છે, જે ભવિષ્યની તમામ રાજકીય ચર્ચાઓને પ્રભાવિત કરી શકે છે, ખાસ કરીને જ્યારે ભાજપ નવા ક્ષેત્રોમાં વિસ્તરણ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

વિડંબના એ છે કે ૨૦૧૪ અને ૨૦૨૩ વચ્ચે 'ગાય પટ્ટા'માં મજબૂત પકડ હોવા છતાં, ૨૦૨૪ ભાજપ માટે આંચકો સાબિત થયું. તેને ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને પંજાબમાં ભારે નુકસાન સહન કરવું પડ્યું. આ પ્રદેશોની બહાર, ખાસ કરીને આ ચર્ચાથી ઉત્પન્ન થતી ભાવનાત્મક અસર દક્ષિણ અને પૂર્વમાં રાજકીય વિસ્તરણના પ્રયાસો પર પણ અસર કરી શકે છે. રાજ્યમાં ભાજપને પડકારવા માટે બીજુ જનતા દળ (BJD)નું પુનરાગમન એ એક ઉદાહરણ છે.

૧૯૫૦ના દાયકામાં ભાષાકીય રાજ્યોની રચના પહેલા થયેલા રમખાણો અને વિભાજન આજે દૂરના લાગે છે, પરંતુ જો આ મુદ્દાઓને ઉશ્કેરવામાં આવે તો, આ તિરાડો ફરી ઉભી થઈ શકે છે.

કથાનું પ્રભુત્વ નિયંત્રિત/જાળવવામાં નિષ્ફળતાઃ ભાજપ સામાન્ય રીતે કથા યુદ્ધ જીતવાનો વિશ્વાસ ધરાવે છે, પરંતુ મહિલા ભાજપ કાર્યકરો, પાર્ટીના એકમાત્ર મહિલા મુખ્યમંત્રી રેખા ગુપ્તાને પણ રાહુલ ગાંધીના ઘરે મોકલવાના પગલાએ તેમનું કદ વધાર્યું. જેમ ભાજપે અગાઉ ''વિશ્વગુરુ'' અને અન્ય વિદેશ નીતિ મુદ્દાઓ પર મોદીની મજાક ઉડાવતા ઓનલાઈન મીમ્સ, જોક્સ અને કાર્ટૂનને દબાવવા માટે કડક પગલાં લેવા પડ્યા છે, તેવી જ રીતે આ વખતે કથાને તેના પક્ષમાં આકાર આપવા માટે પણ આવા જ પગલાં લેવામાં આવી શકે છે.

હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી, પરંતુ શનિવારે રાત્રે નરેન્દ્ર મોદીના ભાષણ દરમિયાન થયેલી લાઈવ ટિપ્પણીઓ NDA માટે એક મોટી ચેતવણી ગણી શકાય. ભાજપ પાસે હજુ સુધી કેટલાક મૂળભૂત પ્રશ્નોના જવાબ આપવાના બાકી છેઃ ૨૦૨૪ પહેલા મહિલા અનામત કેમ લાગુ કરવામાં આવી નથી? પાર્ટીમાં મહિલા સાંસદોનું પ્રમાણ સૌથી ઓછું કેમ છે? અને સંસદમાં વડાપ્રધાન અને ગૃહ પ્રધાનના નિવેદનો બિલના લખાણ સાથે કેમ સુસંગત નથી?

તથ્યો સાથે લવચીક રહેવા અને પોતાનો મુદ્દો રજૂ કરવા ટેવાયેલા પક્ષ માટે, મુખ્ય મીડિયા (ટીવી અને મોટાભાગના અખબારો) પર મજબૂત પકડ હોવા છતાં આ પ્રશ્નોને દબાવવામાં અસમર્થતા એક આંચકો છે. તે મોદી સરકારની ''અજેય'' છબીને પણ નુકસાન પહોંચાડે છે.

**(સૌ. : ધ વાયર)**

**હત્યાનું કારણ અકબંધ**

## વડોદરા નજીક કુરાલીના વૃદ્ધની હત્યા કરીને થેલામાં બાંધી દીધી હોવાનો ઘટસ્ફોટ

**કરજણમાં કેનાલ પાસે ગુમ થયેલા વૃદ્ધની લાશ ૫ દિવસ બાદ ઝાંડી-ઝાંખરામાંથી મળી હતી**

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

કુરાલી ગામના રહેવાસી કનકસિંહ માનસિંહ ચૌહાણ (ઉંમર ૬૫) ગુમ થયા હતા. વકીલ પુત્ર અનિરૂદ્ધસિંહ ચૌહાણે કરજણ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ કરી હતી. દરમિયાન તા. ૨૩ એપ્રિલના રોજ બપોરે લગભગ ૨.૩૦ વાગ્યે તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે અજાણ્યા શખ્સ દ્વારા કોઈ અગમ્ય કારણોસર વૃદ્ધની હત્યા કરવામાં આવી હતી. આરોપીએ પુરાવા નાશ કરવા માટે લાશને પ્લાસ્ટિકના કોથળામાં મુકી દૂર ફેંકી દીધી હોવાનું સામે આવ્યું છે.

આ બનાવ અંગે મૃતકના પુત્ર અનિરૂધ્ધસિંહ કનકસિંહ ચૌહાણ (ઉંમર ૩૪), જે વ્યવસાયે વકીલ છે, તેમની ફરિયાદના આધારે કરજણ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા કલમ ૧૦૩(૧) અને ૨૩૮ મુજબ ગુનો નોંધાયો છે. હાલ આરોપી અજાણ્યો હોવાથી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

પીઆઈ બી.એમ. પટેલે જણાવ્યુ હતુ કે કરજણ કેનાલ પાસેથી મળી આવેલી લાશની તપાસ ચાલી રહી છે, જ્યારે ઉચ્ચ અધિકારીઓ પણ દ્વારા સ્થળની મુલાકાત લઈ તપાસને સુચના આપવામાં આવી છે. પોલીસે હત્યાના કારણો તેમજ આરોપીની ઓળખ અંગે તપાસ શરૂ કરી છે. બીજી તરફ હત્યાનું કારણ જાણવા માટે પોલીસે લાશનું પીએમ કરાવ્યું છે જોકે લાસ ડીકમ્પોઝ હાલતમાં હોવાથી હત્યાનું હજુ ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. ત્યારે આગામી દિવસોમાં વિસેરા લઈ ચકાસણી અર્થે મોકલાશે.

અજાણ્યા શખ્સ દ્વારા કનકસિંહ ચૌહાણની કોઈ અગમ્ય કારણોસર હત્યા કરવામાં આવી હતી. આરોપીએ પુરાવા નાશ કરવા માટે મૃતદેહને પ્લાસ્ટિકના કન્તાનના કોથળામાં મુકી સંતાડવાનો પ્રયાસ કર્યો હતો. મૃતદેહને કુરાલીથી કોઠાવ જતી કેનાલ રોડની નીચેના અવાવરૂ વિસ્તારમાં ઝાંડી-ઝાંખરામાં ફેંકી દેવામાં આવ્યો હતો.

**ગરમીના કારણે આરોગ્ય અધિકારીએ આદેશ જારી કર્યો**

## વડગામ તાલુકામાં ૨૪૬ મતદાન મથકો ઉપર આરોગ્ય કર્મીઓ તૈનાત રહેશે

(સંવાદદાતા દ્વારા) છાપી, તા.૨૪

વડગામ તાલુકામાં સ્થાનિક સ્વરાજ ચૂંટણી ૨૦૨૬ અંતર્ગત રવિવારે મતદાન કેન્દ્રો ઉપર હીટવેવથી જરૂર પડે ત્યારે પ્રાથમિક સારવાર મળી રહે તે માટે વડગામ આરોગ્ય કેન્દ્ર દ્વારા મતદારો માટે મેડિકલ ટિમો તૈનાત રાખવા આદેશ જારી કરવામાં આવ્યા છે.

વડગામ તાલુકામાં જીલ્લાપંચાયત અને તાલુકા પંચાયડની સ્થાનિક સ્વરાજની ચૂંટણી તા.૨૬/૪/૨૦૨૬ની થવાની હોય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી બનાસકાંઠાના આદેશ અને તાલુકા આરોગ્ય અધિકારી પ્રકાશકુમાર ચૌધરી ના માર્ગદર્શન નીચે દરેક મતદાન મથક પર ગરમીના કારણે જરૂરપડે પ્રાથમિક સારવાર મળી રહે તે માટે કુલ ૧૧૦ ગામો ના ૨૪૬ મતદાન મથકો ઉપર મેડિકલ ટીમો મેડિકલ કીટ સાથે હાજર રહેવા આદેશ જારી કરેલ છે. જેમાં ઓ.આર.એસ.નું દ્રાવણ બનાવી રાખવા સુચના આપેલ છે. તદઉપરાંત ડીસ્પેસિંગ અને રીસીવિંગ સેન્ટર પણ મેડિકલ ટીમ હાજર રહશે. તાલુકાના તમામ CHC, PHC પણ તે દિવસે રાબેતા મુજબચાલુ રાખવા આદેશ કરેલ છે.

**જીપીએસ લોકેશન સાથેના વીડિયો પુરાવા ચૂંટણી પંચને સોંપાયા**

## સાવલીમાં ભાજપના ધારાસભ્ય કેતન ઈનામદાર વિરૂદ્ધ કોંગ્રેસ દ્વારા આચારસંહિતા ભંગની ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

ચૂંટણીના માહોલ વચ્ચે રાજ્યમાં રાજકીય ગરમાવો તેજ બન્યો છે, ત્યારે વડોદરા જિલ્લાના સાવલી મતવિસ્તારમાં ભાજપના ધારાસભ્ય કેતન ઈનામદાર વિવાદમાં સપડાયા છે. સાવલી શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા કેતન ઈનામદાર પર આદર્શ આચારસંહિતાના ભંગનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. આ મામલે કોંગ્રેસે ચૂંટણી પંચને લેખિત ફરિયાદ કરી કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલા દાવા મુજબ, ભાજપના ઉમેદવાર અને ધારાસભ્ય કેતન ઈનામદારે નિર્ધારિત સમય મર્યાદા બાદ પણ જાહેર સભાઓ યોજીને કાયદાનું ઉલ્લંઘન કર્યું છે. સામાન્ય રીતે ચૂંટણી પ્રચાર માટે રાત્રે ૧૦ વાગ્યા સુધીનો સમય નક્કી કરવામાં આવતો હોય છે, પરંતુ કેતન ઈનામદારે રાત્રે ૧૧:૩૦ થી ૧૨ વાગ્યા સુધી સભાઓ ચાલુ રાખી હોવાનો આક્ષેપ થયો છે.

આ ફરિયાદને મજબૂત બનાવવા માટે કોંગ્રેસ દ્વારા પુરાવા તરીકે જીપીએસ કેમેરાથી શૂટ કરવામાં આવેલા વીડિયો પણ રજૂ કરવામાં આવ્યા છે. આ વીડિયોમાં સમય અને સ્થળ સ્પષ્ટપણે જોઈ શકાય છે. કોંગ્રેસનો આરોપ છે કે એક સ્થળેથી સભા બંધ કરાવ્યા બાદ અન્ય સ્થળે ફરીથી સભા શરૂ કરવામાં આવી હતી, જે આચારસંહિતાના લીરેલીરા ઉડાવવા સમાન છે.

વિશેષમાં, જે વીડિયો પુરાવા તરીકે રજૂ કરાયો છે તેમાં ખુદ ધારાસભ્ય કેતન ઈનામદાર પોતાની સ્પીચ દરમિયાન સમયનો ઉલ્લેખ કરતા સાંભળવા મળી રહ્યા છે. વીડિયોમાં તેઓ કહી રહ્યા છે કે, ''તમારો ભાઈ અત્યારે ૧૨ વાગ્યા સુધી આ બધે ફરતો ના હોત'', જે તેમના દ્વારા મોડી રાત્રે પ્રચાર ચાલુ હોવાની વાતને સમર્થન આપે છે.

ચૂંટણી પંચ હવે આ રજૂ કરવામાં આવેલા વીડિયો અને જીપીએસ લોકેશનના આધારે તપાસ કરી શકે છે. જો આ મામલે તથ્ય જણાશે તો ભાજપના ધારાસભ્ય સામે ચૂંટણી લક્ષી નિયમોના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. સાવલીમાં બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે.

## નડિયાદમાં કામવાળી બાઈએ કબાટમાંથી રૂા.૧.૪૦ લાખની રોકડ તફડાવી

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૪

નડિયાદ શહેરના વી.કે.વી. રોડ પર આવેલ કર્મવીર સામ્રાજ્ય ફ્લેટ મા જી.આઈ.ડી.સી.માં ભંગારનો વ્યવસાય કરતા રાજેશકુમાર ભૈરૂલાલ શાહ પત્ની ક્રીષ્નાબેને અને પુત્ર પાર્થ સહિતના પરિવાર સાથે રહે છે તેમના ઘરે કાયમી ઘરકામ કરતા મીનાબેન તેમના માતુશ્રીનું અવસાન થતા રજા પર ગયા હતા. આ સમય દરમિયાન રાજેશ કુમારે પોતાના ઘેર ફ્લેટની આજુબાજુમાં જ કામ કરતા મયુરી (રહે. યોગીનગર, નડિયાદ)ને માસિક ૧,૦૦૦ રૂપિયાના પગારે કચરા-પોતા કરવા માટે રાખ્યા હતા તેમના ઘેર કામ કરવા માટે મયુરી ગત ૧૫ એપ્રિલથી દરરોજ બપોરે ૧૨:૦૦થી ૧૩:૦૦ વાગ્યાના સમયગાળામાં આવતા હતા.

રાજેશકુમારે અઠવાડિયા અગાઉ તેમના પુત્ર પાર્થને વ્યવસાયના કામ માટે ૧,૪૦,૦૦૦ રૂપિયા આપ્યા હતા, જે પાર્થે પોતાના રૂમના કબાટના ડ્રોવરમાં મૂક્યા હતા. દરમિયાન મયુરીએ કચરા પોતા કરતી વખતે પ્રાર્થના રૂમમાંના કબાટમાં મુકેલ રોકડા રૂપિયા ૧,૪૦,૦૦૦ તારીખ ૧૫ એપ્રિલ અને તારીખ ૨૦ એપ્રિલ દરમિયાન બે વખત થઈ ચોરી લીધા હતા. નડિયાદ શહેર પોલીસે આ અંગે મયુરી વિરૂદ્ધ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## લખતરના કલ્યાણપરા નજીક અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોનાં મોત

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૪

સુરેન્દ્રનગર જિલ્લામાં જાણે કે નેશનલ હાઈવે દિન પ્રતિદિન ગોઝારા સાબિત થઈ રહ્યા છે અને અકસ્માતોની સંખ્યા દિન પ્રતિદિન વધતી જઈ રહી છે ત્યારે હજુ ગઈકાલે જ હજુ મૂડી પાસે અકસ્માત સર્જાયો હતો જેમાં બે વ્યક્તિઓના મોતની શાહી સૂકાઈ નથી ત્યાં ફરીવાર લખતર તાલુકાના કલ્યાણપુરા ગામ નજીક એક અકસ્માત સર્જાવા પામ્યો છે જેમાં બોલેરોના ચાલકે બાઈક ચાલકને હડફેટે લઈ અને ઘટના સ્થળ ઉપર ત્રણ વ્યક્તિઓના મોત નિપજાવ્યા છે. આ અંગેની માહિતી મળતા ૧૦૮ અને લખતર પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચી અને તમામ મૃતદેવોને તાત્કાલિક અસરે લખતર સાર્વજનિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે અને ફરાર થઈ ગયેલા વાહન ચાલકને સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરવામાં આવી રહી છે ત્યારે લખતર પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો અનુસાર લખતર તાલુકાના કલ્યાણપરા ગામ નજીક એક ગંભીર માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના કરૂણ મોત થયા છે. આ ઘટનાથી કલ્યાણપરા ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.આ અકસ્માતમાં બાઈક પર સવાર મેણીયા પરિવારના ત્રણ સભ્યોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જ્યા બાદ પીકઅપ ચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસે અજાણ્યા પીકઅપ ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# પરપ્રાંતીય શ્રમિકોનું પલાયન : 'ગુજરાત મોડેલ'થી મોહભંગનો સંકેત ?

તાજેતરમાં જ આપણે સમાચાર જોયા કે ગુજરાતના સમૃદ્ધ જિલ્લા સુરતના રેલવે સ્ટેશનેથી વતન પરત જઈ રહેલા પરપ્રાંતીય શ્રમિકોની ભીડ એટલી પ્રચંડ હતી કે વ્યવસ્થાના નામે મીડું થઈ ગયું અને મહામુસીબતે વતન પરત જવા નીકળેલા આ યુપી બિહારના શ્રમિકો પર પોલીસે લાઠીઓ પણ વીંઝી અને ભારે અંધાધૂંધી પણ સર્જાઈ. વેકેશનના ગાળામાં આમ તો સુરત હોય કે અમદાવાદ હોય ત્યાંથી યુપી બિહાર કે અન્ય રાજ્યોમાં જતી ટ્રેનો હાઉસફૂલ જ હોય છે પરંતુ સુરતમાં આ વખતે સ્થિતિ જુદી જ છે. ત્યાં વેકેશન માણવા નહીં પરંતુ મંદી, બેકારી અને મોંઘવારીનો માર ઝીલી રહેલા હજારો પરપ્રાંતીયો બેકારીને કારણે પોતાના વતન પરત જઈ રહ્યા છે. કારણ કે જે આશાઓ અને સપનાઓ સાથે તેઓ સુરત અમદાવાદ કે મોરબી કે ગુજરાતમાં અન્યત્ર કામની શોધમાં આવ્યા હતા ત્યાં કામ હવે મળતું નથી. સંખ્યાબંધ કારખાનાઓ બંધ થઈ ગયા છે, ટેક્સટાઈલથી માંડીને સિરામીક ઉદ્યોગો પણ મંદીમાં છે. એમાંય વળી અમેરિકા-ઈઝરાયેલે ઈરાન પર લાદેલા યુદ્ધથી દેશમાં ઉદ્યોગો વેપાર ધંધાની હાલત કફોડી થઈ ગઈ છે. ગેસની અછતથી માંડીને બધી જ વસ્તુઓ મોંઘીદાટ થઈ ગઈ છે અને મોંઘવારી તેમજ અછત સતત વધી રહી છે. આયાત-નિકાસને પણ ગંભીર ફટકો પડયો છે. ટૂંકમાં દેશનું અર્થતંત્ર ગંભીર રીતે હાલક ડોલક થઈ ગયું છે. અખાતી યુદ્ધનો કેવો અને ક્યારે અંત આવશે એ અંગે ભારે અનિશ્ચિતતા પ્રવર્તે છે. અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ જેવા વિકસીત રાષ્ટ્રો પણ ફાંફેં ચડી ગયા છે ત્યારે ભારત જેવા જંગી વસ્તી અને સમસ્યાઓ ધરાવતા દેશની હાલતનો અંદાજો આવી જ જાય છે. વળી દેશના શાસકો પાસે યુદ્ધના કારણે આવી પડેલી આફતના સામના માટે ખાસ કરીને આર્થિક મોરચે કોઈ 'રોડ મેપ' હોય એવું લાગતું નથી. પ્રજાને જાણે કે 'રામ ભરોસે' જ છોડી દેવાઈ છે.

આવી ગંભીર પરિસ્થિતિમાં પ્રમાણમાં દેશના સમૃદ્ધ ગણાતા ગુજરાત, મહારાષ્ટ્ર જેવા રાજ્યોની હાલત પણ કફોડી થઈ ગઈ છે જ્યારે યુપી, બિહાર, ઓરિસ્સા, ઝારખંડ વગેરે જેવા રાજ્યોમાં તો પહેલેથી જ સ્થિતિ ખરાબ છે એટલે તો ત્યાંના લોકો રોજગારી માટે પોતાનું વતન છોડીને ગુજરાત જેવા રાજ્યોમાં આવે છે પરંતુ ગુજરાતની આ પ્રકારની સમૃદ્ધિ કંઈ આજકાલની નહીં પરંતુ આઝાદી પહેલાની છે. વેપાર વણજ અહીંના લોહીમાં છે પરંતુ જ્યારે રાજ્યનું સુકાન ભાજપે સંભાળ્યું ત્યારથી તેણે ગુજરાતનું બ્રાન્ડિંગ પોતાની ચૂંટણી લક્ષી રાજનીતિમાં કરવા માંડયું. અને એમાંય પછી ૨૦૧૪માં ભાજપની સરકાર કેન્દ્રમાં આવીને એમાંય પાછું ગુજરાતના નરેન્દ્ર મોદીના હાથમાં દેશનું સુકાન આવ્યું એટલે ભાજપે પહેલાથી જ પ્રચારિત કરેલા 'ગુજરાત મોડેલ'ને જાણે કે પાંખો ફૂટીને સર્વત્ર 'ગુજરાત મોડેલ'ને મોખરે કરી દેવાયું. એ વાત સાચી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ બંને ગુજરાતના હોવાથી ગુજરાતને અન્ય રાજ્યોની સરખામણીમાં ઘણા વિશેષ લાભો મળ્યા અને મોદીનું ગૃહરાજ્ય હોવાથી તેના બ્રાન્ડિંગમાં કોઈ કમી ન રખાઈ જેના કારણે વચમાં તો એવી પરિસ્થિતિ સર્જાઈ હતી કે જો તમે યુપી બિહારમાં કે એવા કોઈ પ્રમાણમાં પછાત રાજ્યમાં જાવ તો ત્યાંના કેટલાયે સામાન્ય લોકો ગુજરાતના નાગરિકોને અહોભાવથી જોવા લાગ્યા હતા જાણે કે તેઓ દુબઈ કે ઓસ્ટ્રેલિયાથી આવ્યા હોય...

ટૂંકમાં ગુજરાત અંગે જે અતિશયોક્તિપૂર્ણ આભામંડળ રચાયું એના પરપોટા હવે ફૂટવા લાગ્યા હોય એમ પરપ્રાંતીય શ્રમિકો ગુજરાતમાંથી પલાયન કરવા લાગ્યા છે કારણ કે અહીં તેમને કામ મળી રહ્યું નથી. વાસ્તવિકતા સૌની સામે આવી રહી છે અને એટલે જ હજારો પરપ્રાંતીય લોકો એકી સાથે ગુજરાત છોડીને જઈ રહ્યા છે. કોવિડ વખતે પણ જ્યારે લોકડાઉન લાગ્યું અને ગુજરાત ઠપ થઈ ગયું ત્યારે પણ હજારો કામદારો ગુજરાત છોડી ગયા હતા જે ઘણા સમય સુધી પરત ફર્યા ન હતા. જો કે કોરાના સંકટનું એક અલગ પરિપ્રેક્ષ્ય હતું પરંતુ હાલ જે આર્થિક સંકટ સર્જાયું છે એ ઘણું ગંભીર છે અને એના દુષ્પ્રભાવથી જો ગુજરાત જેવું ભાજપનું મોડેલ સ્ટેટ પણ બચી શકયું ન હોય તો પછી અન્ય રાજ્યોની કે સમગ્ર દેશની સ્થિતિનો ક્યાસ સહેજે કાઢી શકાય એમ છે. બીજું વર્તમાન ઘટનાક્રમથી ગુજરાત મોડેલમાં પણ તિરાડો પડી રહ્યાનું સ્પષ્ટ સમજાઈ રહ્યું છે. આની વાસ્તવિકતાનો ખ્યાલ એના પરથી આવી જાય છે જ્યારે સુરતના રેલવે સ્ટેશન સર્જાયેલી અંધાધૂંધી અને પરત જઈ રહેલા પરપ્રાંતીયોને સુવિધાઓને બદલે પોલીસની લાઠીઓ મળી ત્યારે એક વ્યથિત શ્રમિકે પોતાનો આર્તનાદ વ્યકત કરતા જણાવ્યું હતું કે 'બહુત હો ગયા દોસ્ત, અબ દોબારા કભી નહી આઉંગા'...!

# સીમાંકન સંબંધિત બંધારણીય સુધારા બિલ પર મોદી સરકારની હારમાંથી નવ મુખ્ય રાજકીય સંકેતો અને નિષ્કર્ષ



**સીમાંકન માટે નવા નિયમો નક્કી કરનારા અને લોકસભા બેઠકોની સંખ્યા ૮૫૦ સુધી વધારવાવાળા બંધારણીય સુધારા બિલ પર મોદી સરકારની હારથી ઘણા મહત્ત્વપૂર્ણ રાજકીય સંકેતો મળ્યા છે. લોકસભામાં આ હારથી મોદી સરકારની ''અજેય'' હોવાની છબીને પણ ફટકો પડ્યો છે.**

સીમાંકન માટે નવા નિયમો નક્કી કરનારા અને લોકસભા બેઠકોની સંખ્યા ૮૫૦ સુધી વધારવાવાળા બંધારણીય સુધારા બિલના ત્રણ-બિલ પેકેજ પર નરેન્દ્ર મોદી સરકારની હારથી ઘણા મહત્વપૂર્ણ રાજકીય સંકેતો મળ્યા છે. નવા સુધારાઓમાં વસ્તી વિષયક સંક્રમણ પ્રાપ્ત કરનારા રાજ્યો માટે કોઈ સુરક્ષા પગલાં સામેલ નહોતા.

આ ઘટનાક્રમમાંથી ઓછામાં ઓછા નવ મુખ્ય રાજકીય પાસાં બહાર આવે છે.

**લોકસભામાં હાર ભાજપ માટે મોટો ફટકો**

૨૦૧૪માં દિલ્હીમાં ૨૮૨ બેઠકો સાથે સત્તામાં અભૂતપૂર્વ ઉદય પછી, લોકસભામાં હાર ભાજપ માટે લગભગ અકલ્પનીય રહી છે. રાજ્યસભામાં અગાઉ વિરોધ અને અવરોધો જોવા મળ્યા છે, જેના કારણે માર્ચ ૨૦૧૫માં રાષ્ટ્રપતિના અભિભાષણમાં વિપક્ષનો સુધારો પણ પસાર થયો હતો. ચકાસણી ટાળવા માટે, ભાજપ ઘણીવાર બિલોને ''મની બિલ'' તરીકે લેબલ કરવાનો આશરો લે છે. જો કે, ૨૦૦૨ પછી, આ સદીમાં લોકસભામાં સરકારી બિલની આ બીજી હાર છે.

**મોદી સરકારની ''અજેય'' છબી પર પ્રહારઃ** મોદી સરકારે કોર્ટ અને અન્ય મંચો પર સતત દલીલ કરી છે કે ફક્ત સંસદ ''લોકોની ઈચ્છા''નું પ્રતિનિધિત્વ કરે છે અને તેને ''બંધારણીય મૂલ્યો''થી ઉપર ગણવી જોઈએ. આ દલીલ તેની લોકસભાની બહુમતીમાંથી ઉદ્ભવતી ''અજેયતા''ની ભાવના પર આધારિત છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પરાજય છતાં, મોદીએ એક જ મંત્રીમંડળમાં શપથ લઈને અને સંસ્થાઓ પર પોતાની પકડ મજબૂત કરીને આ છબી જાળવી રાખવાનો પ્રયાસ કર્યો. જોકે, ગયા અઠવાડિયાની ઘટનાઓએ કાળજીપૂર્વક રચાયેલી આ છબીને નબળી પાડી છે.

વિપક્ષ મહત્વ ધરાવે છેઃ એવી ધારણા વિકસિત થઈ હતી કે, ૨૪૦ બેઠકો સુધી ઘટાડા છતાં, વિરોધ પક્ષ ભાજપ માટે મહત્વનો નથી. એવું પણ માનવામાં આવતું હતું કે પક્ષપાતી પ્રમુખ અધિકારીઓ દ્વારા અથવા વ્યક્તિગત પક્ષો સાથે વાટાઘાટો દ્વારા, સર્વપક્ષીય બેઠક બોલાવ્યા વિના, વિરોધને નિયંત્રિત કરી શકાય છે. જોકે, આ ધારણા તૂટી ગઈ કારણ કે વિપક્ષ, જે પ્રસ્તાવિત લોકસભા વિસ્તરણથી લાભ મેળવી શક્યા હોત, તેઓ પણ મક્કમ રહ્યા.

**આ ઘટનાક્રમે અમિત શાહની 'ચાણક્યગીરી'ને ફટકો માર્યો**

આ ઘટનાક્રમે મોદી સરકારના મુખ્ય રણનીતિકાર તરીકે અમિત શાહની છબીને નુકસાન પહોંચાડ્યું છે. શાહની વ્યૂહરચનાઓ સામાન્ય રીતે લોકસભાને પાછળ છોડી દેવામાં સફળ રહી છે. આનું પહેલું મોટું ઉદાહરણ ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ જોવા મળ્યું, જ્યારે 'રાષ્ટ્રીય સુરક્ષા'ના નામે, ચર્ચા વિના અને મર્યાદિત માહિતી સાથે નિર્ણય પસાર કરવામાં આવ્યો.

લોકસભામાં લઘુમતીમાં પડ્યા પછી, સરકારે ભ્રષ્ટાચારના આરોપોના આધારે મુખ્યમંત્રીઓને હટાવવા અને ધરપકડ કરવાની મંજૂરી આપતું બીજું બિલ રજૂ કરવાનો પ્રયાસ કર્યો. જોકે, આ પ્રયાસ નિષ્ફળ ગયો અને બિલને સમિતિને મોકલવું પડ્યું. જોકે, આ વખતે, આ પ્રયાસ સંપૂર્ણપણે નિષ્ફળ ગયો, અને બિલને સંપૂર્ણપણે નકારી કાઢવામાં આવ્યું.

**દેશના બે સૌથી શક્તિશાળી નેતાઓની રાજકીય વિશ્વસનીયતા પર અસર**

નરેન્દ્ર મોદી અને અમિત શાહ બંનેએ ગૃહને ખાતરી આપી હતી કે રાજ્યોના હિતોને અસર થશે નહીં, પરંતુ આ વચનોનો બહુ ઓછો પ્રભાવ પડ્યો. શરૂઆતમાં સમાધાન કરવાનો પ્રયાસ કર્યા પછી, જ્યારે ભાજપનો દૃષ્ટિકોણ નિષ્ફળ ગયો, ત્યારે મોદી આક્રમક વલણ અપનાવીને તેમના ૩૦ મિનિટના સંબોધનમાં ૫૯ વખત કોંગ્રેસનો ઉલ્લેખ કર્યો.

**વડાપ્રધાનના રાષ્ટ્રને સંબોધનની ટ્રાન્સક્રિપ્ટ**

નિયમો અને પ્રક્રિયાઓને વાળવી હંમેશા શક્ય નથીઃ આ વિકાસ એ ધારણાને તોડી નાખે છે કે ભાજપ સંસદીય પ્રક્રિયાઓને તેની ઈચ્છા મુજબ ચાલાકી કરી શકે છે અને તેનાથી છટકી શકે છે. સંસદને કારોબારીના વિસ્તરણ બનાવવાનો પ્રયાસ પણ સ્પષ્ટ છે; લોકસભાના ડેપ્યુટી સ્પીકરનું પદ ૨૦૧૯થી ખાલી છે, જે ભારતીય ઈતિહાસમાં પ્રથમ વખત છે.

૨૦૨૦ના ત્રણ કૃષિ કાયદાઓ અંગે સંસદીય પ્રક્રિયાઓ અને ધોરણોના ઉલ્લંઘનના આરોપો પહેલાથી જ સામે આવી ચૂક્યા છે. તાજેતરમાં, CAPF બિલોને ઝડપથી પસાર કરવાના પ્રયાસમાં નિયમ ૧૧૬, જેમાં પૂરતો સમય અને વિચાર-વિમર્શ જરૂરી છે, તેને અવગણવાનો પ્રયાસ નિષ્ફળ ગયો, કારણ કે ગૃહની રાજકીય ઈચ્છાશક્તિ નિષ્ફળ ગઈ.

**વૈચારિક આંચકો :** આ બિલોનો હેતુ ભાજપના રાજકીય વર્ચસ્વને મજબૂત બનાવવા માટે હતો, તેને બેઠકોનો ઝડપી વિસ્તરણ આપીને, અન્ય ક્ષેત્રોને તેનાથી થનારા નુકસાનની ચર્ચા કર્યા વિના. જો કે, ''મહિલા અનામત''નું બહાનું પણ નિષ્ફળ ગયું, જેનાથી ભાજપના ઈરાદાઓ ખુલ્લા પડ્યા.

પરિણામે, ભારતીય રાજકારણનું પુનર્ગઠન અને રાજ્યોની ભૂમિકાને નબળી પાડવાની તેની લાંબા ગાળાની યોજનાને મોટો ફટકો પડ્યો છે.

**પ્રદેશ અને ભાષાનો ત્રીજો ધરી રમતમાં આવે છે :** રાજકારણ અત્યાર સુધી મુખ્યત્વે ધર્મ અને જાતિના સ્પર્ધાત્મક ધરીઓની આસપાસ ફરતું રહ્યું છે, ભલે ભાજપે જાતિને સમાવવાનો પ્રયાસ કર્યો હોય. જોકે, આ ચર્ચા દ્વારા, ભાષા, પ્રદેશ અને વિવિધતા સાથે સંબંધિત ત્રીજો ધરી ઉભરી રહી હોય તેવું લાગે છે, જે ભવિષ્યની તમામ રાજકીય ચર્ચાઓને પ્રભાવિત કરી શકે છે, ખાસ કરીને જ્યારે ભાજપ નવા ક્ષેત્રોમાં વિસ્તરણ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

વિડંબના એ છે કે ૨૦૧૪ અને ૨૦૨૩ વચ્ચે 'ગાય પટ્ટા'માં મજબૂત પકડ હોવા છતાં, ૨૦૨૪ ભાજપ માટે આંચકો સાબિત થયું. તેને ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને પંજાબમાં ભારે નુકસાન સહન કરવું પડ્યું. આ પ્રદેશોની બહાર, ખાસ કરીને આ ચર્ચાથી ઉત્પન્ન થતી ભાવનાત્મક અસર દક્ષિણ અને પૂર્વમાં રાજકીય વિસ્તરણના પ્રયાસો પર પણ અસર કરી શકે છે. રાજ્યમાં ભાજપને પડકારવા માટે બીજુ જનતા દળ (BJD)નું પુનરાગમન એ એક ઉદાહરણ છે.

૧૯૫૦ના દાયકામાં ભાષાકીય રાજ્યોની રચના પહેલા થયેલા રમખાણો અને વિભાજન આજે દૂરના લાગે છે, પરંતુ જો આ મુદ્દાઓને ઉશ્કેરવામાં આવે તો, આ તિરાડો ફરી ઉભી થઈ શકે છે.

કથાનું પ્રભુત્વ નિયંત્રિત/જાળવવામાં નિષ્ફળતાઃ ભાજપ સામાન્ય રીતે કથા યુદ્ધ જીતવાનો વિશ્વાસ ધરાવે છે, પરંતુ મહિલા ભાજપ કાર્યકરો, પાર્ટીના એકમાત્ર મહિલા મુખ્યમંત્રી રેખા ગુપ્તાને પણ રાહુલ ગાંધીના ઘરે મોકલવાના પગલાએ તેમનું કદ વધાર્યું. જેમ ભાજપે અગાઉ ''વિશ્વગુરુ'' અને અન્ય વિદેશ નીતિ મુદ્દાઓ પર મોદીની મજાક ઉડાવતા ઓનલાઈન મીમ્સ, જોક્સ અને કાર્ટૂનને દબાવવા માટે કડક પગલાં લેવા પડ્યા છે, તેવી જ રીતે આ વખતે કથાને તેના પક્ષમાં આકાર આપવા માટે પણ આવા જ પગલાં લેવામાં આવી શકે છે.

હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી, પરંતુ શનિવારે રાત્રે નરેન્દ્ર મોદીના ભાષણ દરમિયાન થયેલી લાઈવ ટિપ્પણીઓ NDA માટે એક મોટી ચેતવણી ગણી શકાય. ભાજપ પાસે હજુ સુધી કેટલાક મૂળભૂત પ્રશ્નોના જવાબ આપવાના બાકી છેઃ ૨૦૨૪ પહેલા મહિલા અનામત કેમ લાગુ કરવામાં આવી નથી? પાર્ટીમાં મહિલા સાંસદોનું પ્રમાણ સૌથી ઓછું કેમ છે? અને સંસદમાં વડાપ્રધાન અને ગૃહ પ્રધાનના નિવેદનો બિલના લખાણ સાથે કેમ સુસંગત નથી?

તથ્યો સાથે લવચીક રહેવા અને પોતાનો મુદ્દો રજૂ કરવા ટેવાયેલા પક્ષ માટે, મુખ્ય મીડિયા (ટીવી અને મોટાભાગના અખબારો) પર મજબૂત પકડ હોવા છતાં આ પ્રશ્નોને દબાવવામાં અસમર્થતા એક આંચકો છે. તે મોદી સરકારની ''અજેય'' છબીને પણ નુકસાન પહોંચાડે છે.

(સૌ. : ધ વાયર)

# મેટા, ઓરેકલ અને માઈક્રોસોફ્ટે માત્ર એક મહિનામાં ૪૬,૭૫૦ કર્મચારીઓની છટણી કરી

**ટેક ઉદ્યોગ AI તરફ ઝડપથી આગળ વધી રહ્યો હોવાથી મેટા, ઓરેકલ અને માઈક્રોસોફ્ટે મળીને માત્ર એક મહિનામાં લગભગ ૪૬,૭૫૦ કર્મચારીઓને અસર કરી છે. કંપનીઓ તેને AIમાં પુનર્ગઠન અને રોકાણ કહે છે, ત્યારે હજારો કામદારો હવે નોકરી ગુમાવવા અને અનિશ્ચિતતાની તાત્કાલિક વાસ્તવિકતાનો સામનો કરી રહ્યા છે**

(એજન્સી) તા.૨૪

ગયા મહિનો વૈશ્વિક ટેક ઉદ્યોગ માટે અસામાન્ય રીતે તોફાની રહ્યો છે, તેના કેટલાક મોટા નામો AIમાં અબજો ડોલરનું રોકાણ કરવા છતાં શાંતિથી તેમના કાર્યબળને ઘટાડી રહ્યા છે. આ તબક્કાને વધુ આકર્ષક બનાવતી બાબત ફક્ત છટણીનું પ્રમાણ નથી, પરંતુ તે સમય આવી રહ્યો છે જ્યારે કંપનીઓ વૃદ્ધિ, નવીનતા અને કામના ભવિષ્ય વિશે આક્રમક રીતે વાત કરી રહી છે. હેડલાઈન્સ પાછળ, હજારો કર્મચારીઓ હવે અચાનક બહાર નીકળવા, અનિશ્ચિત નોકરીની સંભાવનાઓ અને ઝડપથી બદલાતા ઉદ્યોગનો સામનો કરી રહ્યા છે જે પોતાના નિયમો ફરીથી લખી રહ્યું હોય તેવું લાગે છે. ફક્ત એક મહિનામાં મેટા, ઓરેકલ અને માઈક્રોસોફ્ટે મળીને છટણી અને ખરીદીની ઓફર દ્વારા લગભગ ૪૬,૭૫૦ કર્મચારીઓને અસર કરી છે, જે ટેક ક્ષેત્રના ઘણા લોકો માટે ખૂબ જ આઘાતજનક અને ચિંતાજનક છે.

**મેટાએ AI પર બમણું કામ કર્યું, છટણીના નવા રાઉન્ડમાં ૮,૦૦૦ નોકરીઓમાં ઘટાડો કર્યો**

એકલા મેટા લગભગ ૮,૦૦૦ નોકરીઓમાં કાપ મૂકવાની તૈયારી કરી રહ્યું છે, જે તેના કર્મચારીઓના લગભગ ૧૦ ટકા છે. કંપનીએ અગાઉ ભરતી કરવાની યોજના બનાવી હતી તે હજારો ખાલી જગ્યાઓ ન ભરવાનો પણ નિર્ણય લીધો છે. આ પગલું મેટાએ AI પર ખર્ચમાં તીવ્ર વધારો કર્યો છે, આ વર્ષે $135 બિલિયનનું રોકાણ કરવાની યોજના સાથે છેલ્લા ત્રણ વર્ષમાં તેણે AI પર ખર્ચ કરેલા ખર્ચ જેટલી જ રકમ છે. સીઈઓ માર્ક ઝુકરબર્ગે આ વર્ષની શરૂઆતમાં આ દિશામાં સંકેત આપ્યો હતો, સૂચવ્યું હતું કે, AI મોટી ટીમોની જરૂરિયાત ઘટાડી શકે છે. "મને લાગે છે કે, ૨૦૨૬એ વર્ષ હશે જ્યારે AI આપણા કામ કરવાની રીતમાં નાટ્યાત્મક ફેરફાર કરવાનું શરૂ કરશે," તેમણે કહ્યું.

**કેક, ચાહકો, પરિવાર અને મુશ્કેલી સર્જનાર : સચિન તેંડુલકરે તેનો ૫૩મો જન્મદિવસ કેવી રીતે ઉજવ્યો**

કંપનીની અંદર, આ પરિવર્તન ચૂકી જવું મુશ્કેલ છે. કેટલાક કર્મચારીઓએ AI પર વધતા ધ્યાન અંગે ચિંતા વ્યક્ત કરી છે, ખાસ કરીને કારણ કે, મેટાએ તેની સિસ્ટમોને તાલીમ આપવા માટે કામદારો તેમના કમ્પ્યુટરનો ઉપયોગ કેવી રીતે કરે છે તે ટ્રેક કરવાનું શરૂ કર્યું છે. એક કર્મચારીએ વાતાવરણને અસ્વસ્થતાભર્યું ગણાવતા કહ્યું, "આ કંપની AI સાથે ગ્રસ્ત બની ગઈ છે." આગામી છટણી ૨૦૨૩ પછી મેટા દ્વારા કરવામાં આવેલી સૌથી મોટી છટણી હશે અને ૨૦૨૨થી કંપની દ્વારા કરવામાં આવેલા અનેક તબક્કાના છટણીમાં ઉમેરો કરશે.

**ઓરેકલ છટણી કર્મચારીઓની પ્રતિક્રિયાને વેગ આપે છે કારણ કે, ૩૦,૦૦૦ કર્મચારીઓએ નોકરી ગુમાવી દીધી છે**

ઓરેકલની પરિસ્થિતિએ ફક્ત અહેવાલિત સ્કેલને કારણે જ નહીં, જે ૩૦,૦૦૦ છટણી સુધીના હોવાના અહેવાલને કારણે પણ ધ્યાન ખેંચ્યું છે, પરંતુ કાપને કેવી રીતે હેન્ડલ કરવામાં આવ્યો તેના કારણે પણ ઘણા કર્મચારીઓ કહે છે કે, તેઓ બેભાન થઈ ગયા હતા, તાત્કાલિક અસરથી વહેલી સવારે ટર્મિનેશન ઈમેઈલ્સ પ્રાપ્ત થયા હતા.

લાંબા સમયથી કર્મચારી, નીના લુઈસ દ્વારા વ્યાપકપણે શેર કરાયેલ લિંક્ડઈન પોસ્ટે અસરગ્રસ્ત લોકોમાં મૂડ કબજે કર્યો હતો. "સારૂં, ઓરેકલમાં ૩૪ (તેમાંથી ૩૩ મહાન) વર્ષો પછી હું આજે ૩૦,૦૦૦ જેટલા છટણી કરાયેલા લોકોમાં જોડાઈ છું. ખૂબ જ આઘાત ઘણા શ્રેષ્ઠ સાથીદારોને પણ છટણી કરવામાં આવ્યા હતા," તેણીએ લખ્યું.

તેમણે નિર્ણયો કેવી રીતે લેવામાં આવ્યા હશે તે અંગે પણ ચિંતા વ્યક્ત કરી ઉમેર્યું કે, "એવું લાગે છે કે, છટણી ઉચ્ચ-સ્તરના વ્યક્તિગત ફાળો આપનારાઓ અને મધ્યમ-સ્તરના મેનેજરોના અલ્ગોરિધમને અનુસરે છે ખાસ કરીને જેમના પાસે બાકી સ્ટોક વિકલ્પો છે." ક્લાઉડ, વેચાણ અને ગ્રાહક સફળતા જેવી ટીમોમાં અન્ય લોકો દ્વારા તેમની ટિપ્પણીઓનો પડઘો પડ્યો ઘણા લોકોએ છટણીને અચાનક અને ભાવનાત્મક રીતે મુશ્કેલ ગણાવી. અન્ય એક કર્મચારીએ કહ્યું, "તે ઘણા સારા અને સ્માર્ટ લોકો હતા," જ્યારે યોગ્ય વિદાયનો અભાવ પણ દર્શાવ્યો.

કંપનીએ છટણીની ચોક્કસ સંખ્યાની સત્તાવાર પુષ્ટિ કરી નથી, પરંતુ બહુવિધ અહેવાલો અને કર્મચારીઓના અહેવાલો સૂચવે છે કે, આ આંકડો ૩૦,૦૦૦ જેટલો ઊંચો હોઈ શકે છે. ભારતમાં પીટીઆઈએ અહેવાલ આપ્યો છે કે, લગભગ ૧૨,૦૦૦ કર્મચારીઓને કાઢી મૂકવામાં આવ્યા હતા અને જો આપણે બીબીસીના અહેવાલ પર નજર કરીએ તો, કોઈપણ કામગીરી સમસ્યાઓને કારણે હજારો લોકોને છોડી દેવામાં આવ્યા ન હતા.

ઓરેકલના સિનિયર મેનેજર માઈકલ શેફર્ડે લિંક્ડઈન પર અહેવાલ આપ્યો હતો કે, "વરિષ્ઠ એન્જિનિયરો, આર્કિટેક્ટ્સ, ઓપરેશન્સ લીડર્સ, પ્રોગ્રામ મેનેજર્સ અને ટેકનિકલ નિષ્ણાતો" છટણીના નવીનતમ સેટથી પ્રભાવિત થયા હતા.

**માઈક્રોસોફ્ટ કર્મચારીઓને પગાર સાથે નોકરી છોડવાની ઓફર કરે છે**

તે દરમિયાન, માઈક્રોસોફ્ટે થોડો અલગ રસ્તો અપનાવ્યો છે. સીધી છટણી કરવાને બદલે કંપની તેના યુએસ કર્મચારીઓના લગભગ ૭ ટકા, જે લગભગ ૮,૭૫૦ કર્મચારીઓ છે, તેમને સ્વૈચ્છિક ખરીદીની ઓફર કરી રહી છે. તેના ૫૧ વર્ષના ઈતિહાસમાં આ પહેલી વાર છે જ્યારે માઈક્રોસોફ્ટે આ પ્રકારનો નિવૃત્તિ કાર્યક્રમ રજૂ કર્યો છે.

આ ઓફર એવા કર્મચારીઓ માટે છે જેમની ઉંમર અને સેવાના વર્ષો ૭૦ કે તેથી વધુ હોય છે, જે તેમને નાણાકીય સહાય સાથે નોકરી છોડવાનો વિકલ્પ આપે છે. "અમારી આશા છે કે, આ કાર્યક્રમ લાયક લોકોને ઉદાર કંપની સહાય સાથે પોતાની શરતો પર આગળનું પગલું ભરવાનો વિકલ્પ આપશે," કંપનીના ચીફ પીપલ ઓફિસર એમી કોલમેને જણાવ્યું હતું.

આ પગલું ત્યારે આવ્યું છે જ્યારે માઈક્રોસોફ્ટ જનરેટિવ AIને ટેકો આપવા માટે ડેટા સેન્ટરો અને ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખર્ચમાં વધારો કરે છે. તે જ સમયે, તે પ્રદર્શન સમીક્ષાઓને સરળ બનાવી રહ્યું છે અને સ્ટોક રિવોર્ડ્સ આંતરિક રીતે કેવી રીતે વિતરિત કરવામાં આવે છે તે બદલી રહ્યું છે.

# વિપક્ષે રાજ્યસભામાં જ્ઞાનેશ કુમારને હટાવવાની નવી નોટિસ રજૂ કરી

**આ નોટિસ પર રાજ્યસભાના ૭૩ સાંસદોએ સહી કરી હતી, જ્યારે ૫૦ સહીઓની જરૂર છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

વિપક્ષી પક્ષોએ શુક્રવાર, ૨૪ એપ્રિલના રોજ રાજ્યસભામાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવા માટે પ્રસ્તાવ લાવવા માટે એક નવી નોટિસ રજૂ કરી હતી, સૂત્રોએ જણાવ્યું હતું. મુખ્ય ચૂંટણી કમિશનર સામેના નવા આરોપોમાં 'આદર્શ આચારસંહિતાના અમલમાં સતત પક્ષપાતી અસમપ્રમાણતા'નો સમાવેશ થાય છે. વિપક્ષે ચૂંટણી પંચ પર પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં વિધાનસભા ચૂંટણી પહેલા ૧૮ એપ્રિલના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'રાષ્ટ્રને સંબોધન' સામેની ફરિયાદો પર કાર્યવાહી ન કરવાનો આરોપ મૂક્યો છે. વિવિધ વિપક્ષી પક્ષો દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓનો ઉલ્લેખ કરતા, નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, 'આ નોટિસની તારીખ સુધી, જ્ઞાનેશ કુમારે કોઈ કારણદર્શક નોટિસ, કોઈ સલાહકાર અને કોઈપણ ફરિયાદનો જાહેર પ્રતિભાવ આપ્યો નથી.' સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસના નેતા જયરામ રમેશ અને ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના નેતા સાગરિકા ઘોષે રાજ્યસભાના મહાસચિવને નોટિસ સુપરત કરી હતી. આ નોટિસ પર રાજ્યસભાના ૭૩ સાંસદોએ સહી કરી હતી, જ્યારે ૫૦ સહીઓની આવશ્યકતા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ, ટીએમસી, સમાજવાદી પાર્ટી, દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે), ડાબેરી પક્ષો, શિવસેના (યુબીટી), રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એસપી), રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી), ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (આઈયુએમએલ) અને 'સમાન વિચારધારા ધરાવતા' પક્ષો જેવા વિરોધ પક્ષોના સભ્યોએ નોટિસ પર હસ્તાક્ષર કર્યા છે. લોકસભા અને રાજ્યસભા બંનેમાં વિપક્ષી સાંસદો દ્વારા રજૂ કરાયેલી સમાન નોટિસોને સંબંધિત પ્રિસાઈડિંગ અધિકારીઓ દ્વારા ફગાવી દેવામાં આવ્યાના થોડા દિવસો પછી આ પગલું લેવામાં આવ્યું છે. સંસદમાં સીઈસીને હટાવવાની માંગ કરતી નોટિસ પહેલી વાર રજૂ કરવામાં આવી હતી. અગાઉની નોટિસોમાં, વિપક્ષે સીઈસી કુમાર પર 'સ્વતંત્રતા અને બંધારણીય વફાદારી જાળવવામાં નિષ્ફળતા' અને 'કાર્યપાલિકાના અંગૂઠા હેઠળ' કામ કરવાનો આરોપ લગાવ્યો હતો. જો કે, લગભગ સમાન પ્રતિભાવોમાં, લોકસભા સ્પીકર ઓમ બિરલા અને રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણને નોટિસને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, જો આરોપો સાચા માનવામાં આવે તો પણ તેઓ તેમને હટાવવા માટે જરૂરી 'ગેરવર્તણૂક'ની ઉચ્ચ બંધારણીય મર્યાદાને પૂર્ણ કરતા નથી.

**હદીસ બોધ**

આપવાવાળા હાથ લેવાવાળા હાથથી બહેતર છે.

(હદીસ બોધ)

**બોધ વચન**

જરૂરિયાત ડરપોકને પણ સાહસિક બનાવી દે છે.

- સૈલસ્ટ

**આજની આરસી**

૨૫ એપ્રિલ શનિવાર ૨૦૨૬
૭ ઝિલકદ હિજરી ૧૪૪૭
વૈશાખ સુદ નોમ સંવત ૨૦૮૨

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૪-૪૮ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૮ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૧૧ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૭-૦૪ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# ટ્રમ્પે ભારતને 'નરક' ગણાવતી પોસ્ટ શેર કરી; જન્મજાત નાગરિકતા પર હુમલો

**અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર એક પત્ર શેર કર્યો છે જેમાં ભારત અને ચીનને 'નરક' તરીકે વર્ણવવામાં આવ્યા છે અને જન્મજાત નાગરિકતાની ટીકા કરવામાં આવી છે, આ પત્ર શેર કરીને, ટ્રમ્પ તેમાં વ્યક્ત કરાયેલા વિચારોને સમર્થન આપવાનો સંકેત આપે છે**

(એજન્સી) તા.૨૪

એક ભારતીય પ્રતિનિધિમંડળ હાલમાં વેપાર કરાર માટે વાટાઘાટો કરવા માટે અમેરિકાની મુલાકાત લેવાની તૈયારી કરી રહ્યું છે. થોડા દિવસો પહેલા - ઈરાન સાથેના સંઘર્ષ વચ્ચે - યુએસ પ્રમુખ ટ્રમ્પે વડા પ્રધાન મોદી સાથે ૪૦ મિનિટ સુધી વાત કરી હતી. આ બંને ઘટનાઓને ભારતીય ટેલિવિઝન મીડિયા દ્વારા વ્યાપકપણે પ્રકાશિત કરવામાં આવી હતી. જો કે, તે જ ટ્રમ્પે હવે તેમના ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર એક પત્ર શેર કર્યો છે જે ભારત અને ચીનને "નરક" રાષ્ટ્રો તરીકે દર્શાવે છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ટ્રુથ સોશિયલ પર એક વિવાદાસ્પદ પત્ર ફરીથી પોસ્ટ કર્યો છે, જેમાં ભારત, ચીન અને અન્ય રાષ્ટ્રોને "નરકના ખાડા" તરીકે લેબલ કરવામાં આવ્યા છે. આ પત્ર યુનાઈટેડ સ્ટેટ્સમાં જન્મજાત નાગરિકતાની નીતિ પર આકરા પ્રહારો શરૂ કરે છે. પત્રમાં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે જન્મજાત નાગરિકતા ઈમિગ્રન્ટ્સને યુએસમાં સરળતાથી પગપેસારો કરવાની મંજૂરી આપે છે. પત્ર મુજબ: "અહીં બાળકનો જન્મ થાય છે તે જ ક્ષણે, તેઓ તરત જ નાગરિક બની જાય છે અને ત્યારબાદ ચીન, ભારત અથવા વિશ્વના કોઈપણ અન્ય નર્કશાળ દેશમાંથી તેમના આખા પરિવારને ત્યાં લાવે છે." આ પત્ર ફરીથી શેર કરીને, ટ્રમ્પે જન્મજાત નાગરિકતા સામેના તેમના લાંબા સમયથી ચાલતા વલણનો પુનરોચ્ચાર કર્યો છે. પત્રમાં દાવો કરવામાં આવ્યો છે કે આ નીતિ ઈમિગ્રન્ટ્સને દેશમાં સ્થાયી થવાનો સરળ માર્ગ પૂરો પાડે છે, જેનાથી ગેરકાયદેસર ઈમિગ્રેશનને પ્રોત્સાહન મળે છે. મૂળ પોસ્ટ અમેરિકન રેડિયો હોસ્ટ માઈકલ સેવેજ દ્વારા લખવામાં આવી હતી - એક વ્યક્તિ જેની સાથે ટ્રમ્પ વારંવાર તેમની સામગ્રી ફરીથી પોસ્ટ કરીને સંમતિ વ્યક્ત કરે છે. પત્રમાં જન્મજાત નાગરિકતાના મુદ્દાનો નિર્ણય કોર્ટ દ્વારા નહીં પણ સામાન્ય નાગરિકો દ્વારા લેવામાં આવે તેવી હિમાયત કરવામાં આવી છે. તે અમેરિકન સિવિલ લિબર્ટીઝ યુનિયન (ACLU) અને અન્ય કાનૂની સંગઠનોની પણ ટીકા કરે છે, આરોપ લગાવે છે કે આ સંસ્થાઓ ગેરકાયદેસર ઈમિગ્રેશનને પ્રોત્સાહન આપતી નીતિઓને પ્રભાવિત કરે છે, જેનાથી જાહેર સંસાધનો પર અનુચિત બોજ પડે છે. પત્રમાં વધુમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈમિગ્રન્ટ્સ આરોગ્યસંભાળ સેવાઓ અને કલ્યાણ કાર્યક્રમોનો દુરુપયોગ કરે છે, ખાસ કરીને કેલિફોર્નિયા જેવા રાજ્યોમાં. આને સાંસ્કૃતિક અને આર્થિક ચિંતાઓ સાથે જોડીને, તે ભારપૂર્વક જણાવે છે કે આવી નીતિઓ અમેરિકન સિસ્ટમ પર તાણ લાવી રહી છે. આ પત્રમાં RICO એક્ટ (ધમાલખોર પ્રભાવિત અને ભ્રષ્ટ સંગઠનો અધિનિયમ) હેઠળ ACLU અને સંબંધિત સંગઠનો સામે કાર્યવાહી કરવાની પણ માંગ કરવામાં આવી છે. ટ્રમ્પનું આ પગલું ઈમિગ્રેશન અને નાગરિકતા નીતિ પરના તેમના કટ્ટર વલણને પ્રતિબિંબિત કરે છે. તેમણે અગાઉ જન્મજાત નાગરિકત્વને સમાપ્ત કરવા અથવા પ્રતિબંધિત કરવાની હિમાયત કરી છે. ભારત અને ચીન જેવા દેશોને "નરકના ખાડા" તરીકે દર્શાવવાને કારણે આ પોસ્ટે આંતરરાષ્ટ્રીય વિવાદ ઉભો કર્યો છે. ભારત અને ચીન બંને મુખ્ય સ્ત્રોત દેશો છે, જે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો અને ઈમિગ્રન્ટ્સને યુનાઈટેડ સ્ટેટ્સમાં મોકલે છે. ટ્રમ્પના નિવેદનથી બંને દેશોમાં રોષ ભડકવાની શક્યતા છે, જોકે હજુસુધી બંનેમાંથી કોઈ સરકારે સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી. આ ઘટના યુ.એસ.માં ઈમિગ્રેશન નીતિ અંગે ચાલી રહેલી ગરમાગરમ ચર્ચા વચ્ચે આવી છે, જ્યાં ટ્રમ્પ વહીવટીતંત્ર ગેરકાયદેસર ઈમિગ્રેશનને રોકવા માટે કડક પગલાં લેવા માટે દબાણ કરી રહ્યું છે.

# RCB vs GT પ્રિવ્યૂ : ચિન્નાસ્વામીના ગઢમાં બેંગલુરૂની વાપસીની આશા, ઘાયલ ગુજરાત ટાઇટન્સનો શિકાર કરવા તૈયાર







બેંગ્લુરૂ, તા.૨૪

ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૬ની સિઝનમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ (RCB) અને ગુજરાત ટાઇટન્સ (GT) વચ્ચે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે હાઈ-વોલ્ટેજ મુકાબલો થવા જઈ રહ્યો છે. આ મેચને વિરાટ કોહલી અને શુભમન ગિલ વચ્ચેના 'કિંગ વિરૂદ્ધ પ્રિન્સ'ના જંગ તરીકે જોવામાં આવી રહી છે. બંને ટીમો માટે આ મેચ નિર્ણાયક છે કારણ કે, આ સિઝનની હોમ ગ્રાઉન્ડ પર આ છેલ્લી લીગ મેચ છે.

ગુજરાત ટાઇટન્સ હાલમાં મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યું છે. છેલ્લી મેચમાં મુંબઈ ઇન્ડિયન્સ સામે ૯૯ રને થયેલી કારમી હારને કારણે ટીમનું મનોબળ ડગમગ્યું છે. ખાસ કરીને ટીમનું મિડલ ઓર્ડર રન બનાવવામાં સંઘર્ષ કરી રહ્યું છે, જેનો સ્ટ્રાઈક રેટ માત્ર ૧૩૫ છે. બીજી તરફ, રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂનું ફોર્મ થોડું સારૂં છે, જેણે છેલ્લી છ મેચોમાંથી ચારમાં જીત મેળવી છે. જો કે, દિલ્હી કેપિટલ્સ સામેની છેલ્લી ઘરઆંગણેની હાર બાદ રજત પાટીદારની આગેવાની હેઠળની આ ટીમ ફરી લય મેળવવા આતુર છે.

આ મુકાબલો બેટિંગ કરતા બોલિંગ વચ્ચેનો જંગ વધુ સાબિત થઈ શકે છે. RCB પાસે મોહમ્મદ સિરાજ અને ભુવનેશ્વર કુમાર જેવા અનુભવી બોલરો છે, જ્યારે GT પાસે રાશિદ ખાન અને કાગિસો રબાડા જેવા દિગ્ગજો છે. ખાસ કરીને ભુવનેશ્વર કુમારનો ગુજરાતના ટોપ ઓર્ડર સામેનો રેકોર્ડ શાનદાર રહ્યો છે. તેણે જોસ બટલરને સાત વાર અને શુભમન ગિલને ચાર વાર આઉટ કર્યા છે, જે ગુજરાત માટે ચિંતાનો વિષય બની શકે છે.

પિચની વાત કરીએ તો ચિન્નાસ્વામી સ્ટેડિયમ હંમેશા બેટ્સમેનો માટે સ્વર્ગ સમાન રહ્યું છે. અહીંની ટૂંકી બાઉન્ડ્રી અને રન-ફ્રેન્ડલી વિકેટ પર હાઈ-સ્કોરિંગ મેચ જોવા મળી શકે છે. જો કે, મેચના બીજા ભાગમાં ઝાકળ (Dew) મહત્વની ભૂમિકા ભજવશે, જે ટોસ જીતનાર ટીમને બીજી બેટિંગ કરવા માટે પ્રેરિત કરી શકે છે. અત્યાર સુધીના હેડ-ટુ-હેડ રેકોર્ડમાં બંને ટીમો ૩-૩ની બરાબરી પર છે, પરંતુ આ મેદાન પર ગુજરાતનું પલ્લું થોડું ભારે છે.

બંને ટીમોની સંભવિત પ્લેઈંગ ઇલેવન :

**રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ (RCB) :** ફિલ સોલ્ટ, વિરાટ કોહલી, દેવદત્ત પડિક્કલ, રજત પાટીદાર (કેપ્ટન), જીતેશ શર્મા, ટિમ ડેવિડ, રોમારિયો શેફર્ડ, કૃણાલ પંડ્યા, ભુવનેશ્વર કુમાર, જોશ હેઝલવુડ, સુયશ શર્મા. (ઇમ્પેક્ટ સબઃ રસિખ સલામ ધાર)

**ગુજરાત ટાઈટન્સ (GT) :** શુભમન ગિલ (કેપ્ટન), સાઈ સુદર્શન, જોસ બટલર, કુમાર કુશાગ્ર, જેસન હોલ્ડર, રાહુલ તેવટિયા, વોશિંગ્ટન સુંદર, રાશિદ ખાન, પ્રસિદ્ધ કૃષ્ણા, કાગિસો રબાડા, મોહમ્મદ સિરાજ. (ઇમ્પેક્ટ સબઃ શાહરૂખ ખાન)

# વીડિયો : મુંબઈ ઈન્ડિયન્સની CSK સામે હાર વચ્ચે આકાશ અંબાણી અધવચ્ચે જ વાનખેડે સ્ટેડિયમ છોડીને ચાલ્યા ગયા



મુંબઈ, તા.૨૪

IPL ૨૦૨૬માં મુંબઈ ઈન્ડિયન્સની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) સામે રમાયેલી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સની કારમી હાર બાદ ફ્રેન્ચાઈઝી માલિક આકાશ અંબાણી મેચ અધવચ્ચે જ છોડીને સ્ટેડિયમની બહાર નીકળી ગયા હતા. આ ક્ષણ મુંબઈ ઈન્ડિયન્સના કેમ્પમાં વ્યાપેલી નિરાશા અને વધતી જતી ચિંતાને સ્પષ્ટપણે દર્શાવે છે. ગુરૂવારે રમાયેલી આ મેચમાં મુંબઈની ટીમ ૨૦૮ રનના લક્ષ્યાંકનો પીછો કરતા માત્ર ૧૦૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, જેના પરિણામે ટીમનો ૧૦૩ રને પરાજય થયો હતો. રનની દૃષ્ટિએ મુંબઈની આ સૌથી મોટી હાર છે. મેચ પૂરી થાય તે પહેલા જ આકાશ અંબાણી ડગઆઉટ છોડીને જતા જોવા મળ્યા હતા. એટલું જ નહીં, વાયરલ થયેલા વીડિયોમાં તેઓ સ્ટેડિયમના કેટલાક ભાગમાં ચાહકોને પણ બહાર જવાનો ઈશારો કરતા નજરે પડ્યા હતા, જે ટીમના કથળતા પ્રદર્શન પ્રત્યેનો તેમનો આક્રોશ સૂચવે છે. IPL ૨૦૨૬માં અત્યાર સુધી મુંબઈ ઈન્ડિયન્સનું પ્રદર્શન અત્યંત નબળું રહ્યું છે. સાત મેચમાંથી પાંચ હાર અને માત્ર બે જીત સાથે ટીમ પોઈન્ટ ટેબલમાં આઠમાં સ્થાને ધકેલાઈ ગઈ છે. રોહિત શર્માના સ્થાને હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવ્યા બાદ ટીમમાં એકતાનો અભાવ જોવા મળી રહ્યો છે. પંડ્યા પોતે પણ બેટ અને બોલ બંનેથી સંઘર્ષ કરી રહ્યો છે. ટીમના મુખ્ય ખેલાડીઓ જેવા કે સૂર્યકુમાર યાદવ અને જસપ્રીત બુમરાહ પણ લયમાં જણાતા નથી, જેના કારણે પ્લેઓફમાં પહોંચવાની ટીમની આશાઓ હવે ધૂંધળી બની ગઈ છે. ટીમના મુખ્ય કોચ મહેલા જયવર્દનેએ હાર બાદ ટીમના પ્રદર્શન પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ખેલાડીઓના થાક વિશેની વાતોને નકારી કાઢતા જણાવ્યું હતું કે, 'આધુનિક ક્રિકેટમાં પ્રોફેશનલિઝમ જરૂરી છે. અમારી ટીમમાં લય અને સાતત્યનો (Consistency) અભાવ છે. બોલિંગ અને બેટિંગ બંનેમાં આપણે સુધારો કરવાની જરૂર છે.' હવે જો મુંબઈ ઈન્ડિયન્સે ટૂર્નામેન્ટમાં ટકી રહેવું હોય તો બાકી રહેલી સાતેય મેચોમાં શિસ્તબદ્ધ અને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવું અનિવાર્ય છે.

# સંજુ સેમસન માટે કવિતા : શશી થરૂરે MI સામેની સદી બાદ CSK સ્ટારની કાવ્યાત્મક પ્રશંસા કરી






મુંબઈ, તા.૨૪

આઈપીએલ ૨૦૨૬માં ગુરૂવારે વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી રોમાંચક મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)એ મુંબઈ ઈન્ડિયન્સ (MI) સામે શાનદાર વિજય મેળવ્યો હતો. આ જીતના હીરો રહેલા સંજુ સેમસનની સદીની ચર્ચા માત્ર ક્રિકેટ જગતમાં જ નહીં પરંતુ સાહિત્ય જગતમાં પણ થઈ રહી છે. કેરળના સાંસદ અને જાણીતા લેખક શશી થરૂરે સોશિયલ મીડિયા પર સેમસન માટે એક ખાસ કવિતા લખીને તેને બિરદાવ્યો છે. રાજસ્થાન રોયલ્સમાંથી ટ્રેડ થઈને ચેન્નાઈ સુપર કિંગ્સમાં આવેલા સંજુ સેમસને આ સિઝનમાં બીજી સદી ફટકારીને તરખાટ મચાવ્યો છે. તેણે માત્ર ૫૪ બોલમાં અણનમ ૧૦૧ રન બનાવીને ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી હતી. શશી થરૂર, જેઓ લાંબા સમયથી સેમસનની પ્રતિભાના સમર્થક રહ્યા છે, તેમણે ક્લાસિક ગીત શૈલીમાં કવિતા લખીને તેની બેટિંગની સુંદરતા અને ટેકનિકની પ્રશંસા કરી હતી. સેમસન શેન વોટસન પછી એક જ સિઝનમાં બે સદી ફટકારનાર CSKનો બીજો બેટ્સમેન બની ગયો છે. મેચમાં સેમસનની સમજદારીભરી બેટિંગ જોવા મળી હતી. તેણે જસપ્રીત બુમરાહ સામે જોખમ લીધા વિના ઈનિંગને અંત સુધી ખેંચી હતી અને છેલ્લી ઓવરમાં આક્રમક રમત બતાવી સ્કોર ૨૦૦ને પાર પહોંચાડ્યો હતો. ત્યારબાદ બોલિંગમાં અકેલ હોસેને તરખાટ મચાવતા ૧૭ રનમાં ૪ વિકેટ ઝડપી હતી, જેના કારણે મુંબઈની ટીમ માત્ર ૧૦૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી અને ચેન્નાઈનો ભવ્ય વિજય થયો હતો.

# મધ્યપ્રદેશના દામોહ જિલ્લામાં ઘોડા પર સવારી કરવા બદલ શારીરિક રીતે અપંગ દલિત વરરાજા પર હુમલો; ૪ની ધરપકડ, NSA લાગુ કરી શકાય છે

**મધ્યપ્રદેશના દમોહ જિલ્લામાં તેના લગ્ન સમારોહમાં ભાગ લઈ રહેલા શારીરિક રીતે અપંગ દલિત વરરાજા પર એક પ્રભાવશાળી જાતિના સભ્યો દ્વારા ઘોડા પર સવારી કરવા બદલ હુમલો કરવામાં આવ્યો હતો અને જાતિવાદી દુર્વ્યવહારનો ભોગ બન્યો હતો, પોલીસે ગરૂવારે જણાવ્યું હતું**

(એજન્સી) તા.૨૪

નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL)એ વડોદરા રેલવે સ્ટેશન પર નવા પ્લેટફોર્મ નં.૭ના સિવિલ બાંધકામ માટે ટેન્ડર બહાર પાડ્યું છે. આ પ્લેટફોર્મ ઉપર નિર્માણ પામી રહેલા બુલેટ ટ્રેન સ્ટેશન સાથે સીધું જોડાણ કરશે. વડોદરા જંક્શન ખાતે પ્લેટફોર્મ નં.૭ હાઈ સ્પીડ રેલ (HSR) પ્રોજેક્ટની સુધારેલી એલાઈનમેન્ટ ડિઝાઈનના ભાગ રૂપે તોડી પાડવામાં આવ્યું હતું. આ નવી ડિઝાઈનથી પ્રોજેક્ટના કુલ બજેટમાંથી આશરે રૂા.૨,૦૦૦ કરોડની બચત થઈ છે. નવું પ્લેટફોર્મ નં.૭ પરથી મુસાફરો ટ્રેનો અને બુલેટ ટ્રેન વચ્ચે સરળતાથી અવર-જવર કરી શકે તે પ્રકારે રહેશે. ટૂંકમાં, આ પ્લેટફોર્મ સામાન્ય રેલવેથી બુલેટ ટ્રેન સુધીના સફરનો "પ્રવેશદ્વાર" બનશે.

# અંકલેશ્વર ખાતે પોલીસ કર્મીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું

અંકલેશ્વર, તા.૨૪

અંકલેશ્વરની જીનવાલા હાઈસ્કૂલ ખાતે પોલીસ કર્મચારીઓ અને જીઆરડીના જવાનોએ પોસ્ટલ બેલેટથી મતદાન કરી પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

અંકલેશ્વર તાલુકા અને જિલ્લા પંચાયત તેમજ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ની પ્રક્રિયા હાલ પ્રગતિમાં છે, ત્યારે ચૂંટણી ફરજ પરના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે હેતુથી અંકલેશ્વરની જીનવાલા હાઈસ્કૂલ ખાતે પોસ્ટલ બેલેટ મતદાન ફેસીલીટેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. આજરોજ અંકલેશ્વર તાલુકા પંચાયતની ૨૩ બેઠકો, જિલ્લા પંચાયતની ૫ બેઠકો અને નગરપાલિકાની ૩૬ બેઠકો માટે પોલીસ કર્મચારીઓ અને હોમગાર્ડના કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું. ગત રોજ પણ પોલીસકર્મીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું.

# ખેડા અને માતર તાલુકામાં જિ.પં. અને તા.પં.ની ચૂંટણીમાં ભારે રસાકસી

(સંવાદદાતા દ્વારા)

ખેડા, તા.૨૪

ખેડા તથા માતર તાલુકામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભારે રસાકસી જોવા મળે છે.

પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર માતર તાલુકાની જિલ્લા પંચાયતની ત્રણ સીટો છે. ત્રણેય સીટોના વિસ્તારમાં માજી ધારાસભ્ય કેસરીસિંહ જેઓ કોંગ્રેસમાં આવી જતા ભાજપને નુકસાન થવાની શક્યતા છે. કોંગ્રેસી આગેવાનો અને જિલ્લા બેઠકો ઉપર ઉમેદવારો તથા ટેકેદારો જે તે ગામમાં જાય છે ત્યાં મોટી સંખ્યામાં લોકોની જનમેદની ઊમટી પડે છે.

જ્યારે માતર તાલુકાની તાલુકા પંચાયત જે ગત ટર્મમાં નજીવી બહુમતીથી સત્તા સંભાળી હતી. ત્યારે અત્યારે રતનપુર-આંતરોલી-સંધાણા-સોખડા-હરિયાળા-મહેલેજ-ગરમાળા સહિત અનેક ગામોમાં તાલુકા પંચાયતના કોંગ્રેસના ઉમેદવારોને સારું એવું જન સમર્થન મળી રહ્યું હોવાના દાવા કરાઈ રહ્યા છે.

## હિંમતનગરના વોર્ડ નં.૬ની કેટલીક સોસાયટીઓમાં ગંદું પાણી આવતું હોવાની બૂમ

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૪

હિંમતનગર નગરપાલિકાની ચૂંટણી ચાલી રહી છે ત્યારે છેલ્લા કેટલાક સમયથી શહેરના વિવિધ વોર્ડમાં રહેતા રહીશો અનેક સમસ્યાઓથી ત્રસ્ત છે ત્યારે છેલ્લા ત્રણ દિવસથી વોર્ડ નં.૬માં આવેલ કેટલીક સોસાયટીઓમાં ગંદુપાણી આવતુ હોવાની બૂમ ઉઠવા પામી છે. જેથી સત્વરે નગરપાલિકાના અધિકારીઓએ જરૂર પડે સ્થળ તપાસ કરીને રહીશોની સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ. આ અંગેની વિગત એવી છે કે વોર્ડ નં.૬માં આવેલ શારદાકુંજ, એવન સોસાયટી, સુંદરવન, સહયોગનગર, જીઆઈડીસી વિસ્તાર સહિત અન્ય વિસ્તારોમાં ત્રણ દિવસથી નગરપાલિકા દ્વારા સવારે વિતરણ કરાતું પીવાનું પાણી માટી યુક્ત તથા ગંદુ અને ખુબજ દુર્ગંધ મારતુ આવતું હોવાને કારણે સ્થાનિક રહીશોને જીવન જરૂરિયાત માટે વપરાતું ચોખ્ખુ પાણી મેળવવા માટે અન્ય વિકલ્પોનો સહારો લેવાની નોબત આવી છે. દરમ્યાન અત્યારે નગરપાલિકાની ચુંટણી ચાલતી હોવાને કારણે સ્થાનિક રહીશો પણ વોર્ડના અગાઉના કોર્પોરેટરો સમક્ષ રજૂઆતો કરી રહયા છે. એટલુ જ નહીં પણ ટીપી રોડ, ગટર લાઈન સહિત અન્ય સમસ્યાઓનો છેલ્લા ઘણા સમયથી નિવેડો ન આવવાને કારણે રહીશો પણ પરેશાન છે. જેથી સત્વરે નગરપાલિકાના સત્તાવાળાઓએ યોગ્ય કરવાની માંગ રહીશો દ્વારા કરાઈ છે.

# ખેડાના જેસવાપુર પાસે માર્ગ અકસ્માતમાં શ્રમજીવીનું મોત

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૪

આણંદ તાલુકાના સામરખા ખાતે રહેતા દિલીપસિંહ જશવંતસિંહ વાઘેલા મોર્ડન રોડ મેકર્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં લેબર તરીકે કામ કરે છે. તેમની સાથે સામરખાના જ ૫૦ વર્ષીય કનુભાઈ ધુળાભાઈ મકવાણા પણ મજૂરી કામ કરતા હતા. ગતરોજ બપોરના સમયે ડ્રાઈવર વિષ્ણુભાઈ ચંદુભાઈ ઠાકોર આઈશર ગાડી લઈને રઘવાણજથી ડુંગળી ટીંબા લાટ પાસે આવેલ સેફ્ટી કોન ભરવા માટે જઈ રહ્યા હતા. તેમની સાથે આ બંને હતા આ દરમિયાન નેશનલ હાઈવે નંબર ૪૮ પર જેસવાપુરા સીમમાં સનરાઈઝ હોટલ પાસેથી પસાર થતી વખતે પાછળથી પૂરઝડપે આવી રહેલા એક કન્ટેનરે આઈશર ગાડીને જોરદાર ટક્કર મારી હતી.

કન્ટેનરની ટક્કર એટલી પ્રચંડ હતી કે આઈશર ગાડી અનિયંત્રિત થઈને રોડ પરના ડિવાઈડર ઉપર ચડી ગઈ હતી. અકસ્માતના આ આંચકાને કારણે ગાડીની કેબિનમાં બેઠેલા દિલીપસિંહ વાઘેલા અને કનુભાઈ મકવાણા બંને રોડ પર નીચે પટકાયા હતા. આ દુર્ઘટનામાં કનુભાઈ મકવાણાને માથાના ભાગે તથા ડાબા હાથના બાવડા પર ગંભીર ઈજાઓ પહોંચતા તેઓ સ્થળ પર જ બેભાન થઈ ગયા હતા, જ્યારે દિલીપસિંહને પણ શરીરના ભાગે ઈજાઓ પહોંચી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખેડા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં હાજર તબીબોએ તપાસ બાદ કનુભાઈ મકવાણાને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ સંદર્ભે દિલીપસિંહ વાઘેલાએ ખેડા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## ઝઘડિયા GIDCની મેટ્રોપોલિટન એક્ઝિકેમ કંપનીને ક્લોઝર નોટિસ ફટકારાઇ

અંકલેશ્વર, તા.૨૪

ઝઘડિયા ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી ખાનગી કેમિકલ કંપનીમાં ભીષણ આગ લાગવાનો ગંભીર બનાવ સામે આવ્યો હતો. મેટ્રોપોલિટન એક્ઝિકેમ કંપનીના પ્લાન્ટમાં મિથેનોલના જથ્થામાં અચાનક આગ ભભૂકી ઉઠતા પળવારમાં આખા યુનિટમાં ફેલાઈ ગઈ હતી. આ આગની ઘટનામાં ૧૫ કામદારો દાઝી જતા તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તોમાં કેટલાકની હાલત ગંભીર હોવાનું જણાવાઈ રહ્યું છે. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની અનેક ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને લાંબા સમયની મહેનત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. હાલ પણ પ્લાન્ટમાં કુલિંગ પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી રહી છે જેથી ફરી આગ ભભૂકી ન ઉઠે. આ ઘટનાને પગલે ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગે ગંભીર નોંધ લઈને કંપનીને તાત્કાલિક અસરથી ક્લોઝર નોટિસ ફટકારી છે.

# ક્રિપ્ટો કરન્સીના ૬૭ લાખની ઉઘરાણીમાં વડોદરાના યુવકનું અપહરણ

### પોલીસે આખી રાત ૧૫૦ કિલોમીટર પીછો કરી અપહૃતને મુક્ત કરાવ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

મકરપુરા બસ ડેપોની પાછળ શિવશક્તિનગરમાં રહેતા નિલેશકુમાર મનુભાઇ ચૌહાણ દુબઇની એક કંપનીમાં માર્કેટિંગ મેનેજર તરીકે નોકરી કરે છે. મકરપુરા પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૧૫ મી એપ્રિલે હું મારા ઘરે હતો. તે દરમિયાન અગાઉ મારી સાથે દુબઇમાં નોકરી કરતા અને અમદાવાદ રહેતા ખુશીલ ઉર્ફે ગોપુ જયેશભાઇ સોની (રહે. ચાંદખેડા, અમદાવાદ) એ મને કોલ કરીને યુ.એસ.ડી.ટી. નામની ક્રિપ્ટો કરન્સી અંગે પૂછતા મેં તપાસ કરીને જણાવવાનું કહ્યું હતું. યુ.એસ.ડી.ટી.નું કામ કરતા તેજસ ભટ્ટને વાત કરી હતી. ત્યારબાદ તેજસ ભટ્ટ, ખુશીલ ઉર્ફે ગોપુ તથા તેના મિત્ર કુલદિપને એકબીજાના નંબર આપી દીધા હતા.

થોડાદિવસ પછી એક અજાણ્યા નંબર પરથી મને કોલ આવ્યો હતો અને મને કહ્યું કે, યુ.એસ.ડી.ટી. આપવાના છે કે કેમ ? પરંતુ, તેણે મારી સાથે યોગ્ય રીતે વાત નહીં કરતા મેં ફોન કટ કરી દીધો હતો. ગત ૨૧ મી તારીખે હું મારા મામાના ઘરે વડસર હતો. મારો પુત્ર આદિત્ય ઉર્ફે લક્કી અમારા બીજા ઘરે સરસ્વતી ટાઉનશિપમાં સફાઇના કામકાજ માટે ગયો હતો. મારા પુત્રનું અપહરણ થયું હોવાનું જાણવા મળતા હું ત્યાં દોડી ગયો હતો. સોસાયટીના રહીશો ભેગા થઇ ગયા હતા. મને જાણવા મળ્યું કે, ચાર આરોપીઓ ફોર વ્હિલર લઇને આવ્યા હતા. તેઓ મારા પુત્ર આદિત્ય અને તેના મિત્ર વિશાલને ઢસડીને સોસાયટીના બહારના રસ્તા સુધી લઇ જઇ કારમાં લઇ ગયા હતા. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા મકરપુરા પોલીસે એક ટીમ બનાવી આરોપીઓના મોબાઇલ લોકેશન અને કારના સીસીટીવી ફૂટેજના આધારે અંદાજે ૧૫૦ કિલોમીટર સુધી સતત પીછો કરી આરોપીઓને પ્રાંતિજ નજીકથી ઝડપી પાડી અપહૃતને મુક્ત કરાવ્યો હતો. પોલીસે એક મહિલા સહિત ચારને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આ ગુનામાં (૧) સુરેશ કાળાભાઇ વણકર (૨) કૈલાસબેન સુરેશભાઇ વણકર (બંને રહે. પ્રાંતિજ) (૩) કુલદિપ હરજીભાઇ ચૌધરી (રહે. રાણીપ, અમદાવાદ, મૂળ રહે.બનાસકાંઠા) તથા (૪) ખુશીલ જયેશભાઇ સોની (રહે. ચાંદખેડા, અમદાવાદ)ને ઝડપી પાડ્યા છે. ક્રિપ્ટો કરન્સી લેવા માટે આરોપીઓએ અમદાવાદથી આંગડિયા પેઢી મારફતે મુંબઇના તેજસ ભટ્ટને રૂપિયા મોકલ્યા હતા.

# રાજસ્થાનમાં ૪૫ લાખના ઘરેણાની ચોરી કરનાર આરોપી સુરતમાં ઝડપાયો

### ૧૨ દિવસ પહેલા તસ્કરોએ જયપુરની જ્વેલરી શોપમાં ચોરી કરી હતી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

રાજસ્થાનના સદર જયપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા ૧૨ દિવસ પહેલા એક જ્વેલરી શોપમાં ત્રાટકેલા તસ્કરોએ સોના અને ચાંદીના ઘરેણા મળી રૂા.૪૫ લાખની કિંમતના ઘરેણાંની ચોરી કરી નાસી છૂટ્યા હતા. ચોરીની આ ઘટનાને પગલે સમગ્ર સદર જયપુર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. જયારે ચોરીની આ ઘટનાને અંજામ આપ્યા બાદ ભાગતા આરોપીઓને પકડવા માટે સ્થાનિક પોલીસ તપાસમાં હતી તે દરમ્યાન સુરતની અમરોલી પોલીસે એક રીઢા આરોપીને ઝડપી પાડવા સફળતા મેળવી છે. અમરોલી પોલીસ સ્ટેશનના - સર્વેલેન્સ સ્ટાફના માણસો ટીમ બનાવીને ચોરીના બનાવોને શોધી કાઢવા માટે વર્કઆઉટ કરી રહી હતી ત્યારે મળેલ બાતમીને આધારે પોલીસે અમરોલીના જુના કોસાડ રોડ ઉપરથી રીઢા આરોપી મનોજ ઉર્ફે મનીયો પીતાંમ્બર વણોદીયાને ઝડપી પાડ્યો હતો. ત્યાર બાદ પોલીસે આરોપીની પૂછપરછ કરતા તેને કબુલ્યું હતું તેને પોતાના મિત્ર રાકેશ સાથે મળી ગઇ તારીખ ૧૨/૪/૨૦૨૬ના રોજ રાત્રિના સમયે રાજસ્થાન જયપુર ખાસા કોઠી પુલીયા પાસે આવેલા વિનાયક જવેલર્સ શોપને નિશાન બનાવી હતી. દુકાનની અંદરથી આશરે ૧૮થી ૨૦ કિલોગ્રામ ચાંદી તથા ૫થી ૧૦ ગ્રામ સોનાના દાગીના મળી કુલ રૂા.૪૫ લાખની ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ ચોરીની ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી મનોજ ઉર્ફે મનીયો સુરત ભાગી આવ્યો હતો. બીજી તરફ સ્થાનિક પોલીસ તેને પકડવા માટે તપાસમાં હતી ત્યારે સુરતની અમરોલી પોલીસે આરોપીને ઝડપી જયપુર પોલીસનો ચોરીનો ગુનો ઉકેલી કાઢ્યો છે.

### સુરત ખાતે દવા લેવા આવતા રસ્તામાં કાળ ભેટી ગયો

# પુણામાં બેફામ ટ્રકચાલકે બાઈક સવાર દંપતીને અડફેટે લેતાં પતિનું મોત, પત્ની ઈજાગ્રસ્ત

### પત્નીએ ના પાડી કે તાપ વધુ છે દવા લેવા નથી જવું પણ પતિ માન્યા નહીં

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૪

શહેરના પુણા લેન્ડમાર્ક ચાર રસ્તા પાસે બેફામ બનેલા ટ્રક ચાલકે બાઇકને ટક્કર મારતા બાઈક ઉપર સવાર દંપતી રોડ ઉપર પટકાયા હતા. પરિણામે ટ્રકનું વ્હીલ યુવકના માથા ઉપરથી ફરી વળતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું જયારે પત્નીને શરીરે ઈજાઓ પહોંચી હતો. અકસ્માતના બનાવના દૃશ્યો જોઈને સ્થળ ઉપર હાજર લોકો હચમચી ગયા હતા.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર, પલસાણા ખાતે આવેલા ઉર્મિલાનગર સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય કમલેશકુમાર રામાશંકર પરમાર અને તેમના પત્ની ચિંતાદેવી બાઈક ઉપર લેન્ડમાર્ક ચાર રસ્તા પાસે, ગ્રીન ટ્રાન્સપોર્ટની સામે રોડ ઉપરથી જતા હતા ત્યારે બેફામ બનીને આવેલા ટ્રક ચાલકે બાઈકને ટક્કર મારી હતી, ટક્કર એટલી ભયંકર હતી કે, દંપતી પૈકી પત્નીને રોડ ઉપર પટકાઈ ગઈ હતી. જયારે પતિના માથા ઉપરથી ટ્રકનું વ્હીલ ફરી વળ્યું હતું તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. આ અકસ્માત સર્જીને ટ્રક ચાલકે સ્થળ પરથી નાસી જવાની કોશિશ કરી હતી જોકે આગળ જતા પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. અકસ્માત એટલો ગમખ્વાર હતો કે પત્નીની નજર સામે જ પતિએ દમ તોડતા ચિંતાદેવી આઘાતમાં સરી પડ્યા હતા અને બેભાન થઈ ગયા હતા. જ્યારે અકસ્માતમાં ચિંતાદેવીના હાથ અને કમરના ભાગે ઈજાઓ પહોંચી હતી. તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે પોસ્ટમોર્ટમ કમલેશકુમારના મૃતદેહ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પોલીસે ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી આગળી વધુ તપાસ હાથ ધરી હતી. આ ઘટના બાદ પરિવારજનોને જાણ થતા તેઓ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. આ અંગે નાના ભાઈ રાજુ સીંગે જણાવ્યું હતું કે, તેના મોટા ભાઈ કમલેશ કુમાર પરિવારમાં પત્ની અને બે બાળકો સાથે રહેતા હતા એન પલસાણામાં ચાની લારી ચલાવીને પરિવારનું ગુજરાન કરતા હતા. ચિંતાદેવીએ પતિને ના પાડી હતી કે, આજે તાપ વધુ છે એટલે કાલે શુક્રવારે જઈએ પરંતુ પતિ કમલેશ માન્યા નહીં અને બાઈક ઉપર પત્નીને લઈ સુરત આવી ગયા હતા અને પર્વત પાટિયા ખાતે દવા લેવા જઈ રહ્યા હતા ત્યારે અકસ્માતનો ભોગ બની ગયા હતા. જો તેઓ પત્નીની વાત માની ગયા હોત અને આવવાનું ટાળી દીધું હોત કદાચ તેમનો જીવ બચી ગયો હોત.

## અમરેલીમાં આવતીકાલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી

### ૩૯૪ બેઠકો માટે ૧૦.૭૫ લાખ મતદારો કરશે મતદાન

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાં રવિવારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન યોજાવાનું છે. કુલ ૩૯૪ બેઠકો માટે યોજાનારી આ ચૂંટણીમાં ૧૦,૭૫,૫૫૪ સ્ત્રી-પુરૂષ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ઉમેદવારોનું ભવિષ્ય નક્કી કરશે. જિલ્લાની છ નગરપાલિકાઓ - અમરેલી, સાવરકુંડલા, બગસરા, બાબરા, ધારી અને દામનગરના કુલ ૪૬ વોર્ડની ૧૭૪ બેઠકો માટે ૪૬૧ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. તે ઉપરાંત તાલુકા પંચાયતની ૧૮૪ બેઠકો માટે ૫૫૩ ઉમેદવારો અને જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો માટે ૧૦૩ ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર જોવા મળશે. આ રીતે ત્રણેય સ્તરની ચૂંટણીમાં કુલ ૧૧૧૭ ઉમેદવારો વચ્ચે જંગ જામ્યો છે. જિલ્લામાં ચૂંટણીને લઈને તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે અને મતદાન શાંતિપૂર્ણ રીતે પાર પડે તે માટે સુરક્ષા વ્યવસ્થા પણ કડક બનાવવામાં આવી છે. મતદારોમાં પણ ચૂંટણીને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને આવતીકાલે મતદાન ટકાવારી ઉંચી રહે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

# વડોદરામાં ભાજપની રેલીના શક્તિ પ્રદર્શનમાં કલાકો સુધી ટ્રાફિકમાં ફસાઈ 'શબવાહિની'

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

વડોદરા શહેરના વોર્ડ નંબર ૧૩ના ઉમેદવારો દ્વારા એક ભવ્ય પ્રચાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી જ્યારે શહેરની જૂની કલેક્ટર કચેરી પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે કાર્યકરો અને વાહનોના કાફલાને કારણે રસ્તા પર ભારે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. રેલીના ઉત્સાહમાં નેતાઓ અને કાર્યકરો એટલા મગ્ન હતા કે સામાન્ય નાગરિકોને પડતી અગવડ તરફ કોઈનું ધ્યાન ગયું નહોતું. આ ટ્રાફિક જામની સ્થિતિ એટલી ગંભીર હતી કે રસ્તા પરથી પસાર થઈ રહેલી એક શબવાહિની પણ તેમાં ફસાઈ ગઈ હતી. અંતિમ સંસ્કાર માટે જતી આ ગાડીને લાંબો સમય સુધી ટ્રાફિકમાં ઊભા રહેવાની ફરજ પડી હતી. સામાન્ય રીતે એમ્બ્યુલન્સ, ફાયરબ્રિગેડ કે શબવાહિની જેવા ઈમરજન્સી વાહનોને રસ્તો આપવો એ નૈતિક ફરજ ગણાય છે, પરંતુ રાજકીય શક્તિ પ્રદર્શન વચ્ચે આ માનવતા વિસરાઈ હોય તેવું જણાતું હતું.




(તસવીર :- અતિક શેખ, વડોદરા)

વડોદરામાં ટ્રાફિકની સમસ્યા તો રોજિંદી છે, પરંતુ જ્યારે કોઈના દુઃખદ સમયે આ પ્રકારે રાજકીય રેલીઓ અવરોધ બને ત્યારે સમાજની સંવેદનશીલતા પર પ્રશ્નો ઊભા થાય છે. પ્રચાર કરવો એ લોકશાહીનો ભાગ છે, પરંતુ તે અન્ય નાગરિકો કે ખાસ કરીને આ પ્રકારની કટોકટીની સ્થિતિમાં અવરોધ ન બને તેનું ધ્યાન રાખવું અત્યંત અનિવાર્ય છે.

# હોલીડે પેકેજ અને સારા વળતરની લાલચ આપી જમીન દલાલ સાથે ૫૮.૮૦ લાખની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૪

શહેરના સોલા વિસ્તારમાં ઓફિસ ધરાવતી કંપની દ્વારા હોલીડે પેકેજ અને સારા વળતરની લાલચ આપીને લાખો રૂપિયાની ઠગાઈ આચરવામાં આવી છે. વિસનગરના જમીન દલાલ સહિત તેમના પરિવાર-મિત્રો પાસેથી લાખો રૂપિયાની રકમ ઉઘરાવી આરોપીઓ ઓફિસને તાળા મારી ફરાર થઈ ગયા છે. ૫૮.૮૦ લાખ પડાવતા ત્રણ લોકો સામે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

સોલામાં કાર્યરત તુલસી આરાધ્યા ઈન્ફ્રા એન્ડ હોલીડે રિસોર્ટ ઈન્ડિયા નામની કંપનીના સંચાલકો વિરૂદ્ધ મોટી ઠગાઈનો ગુનો નોંધાયો છે. વિસનગરમાં રહેતા ભગવાનભાઈ પ્રજાપતિ જમીન-મકાન દલાલીનું કામ કરે છે. તેમના મિત્ર સોલામાં આવેલ તુલસી આરાધ્યા ઈન્ફ્રા એન્ડ હોલીડે રિસોર્ટ ઈન્ડિયા કંપનીમાં બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરતા હતા. કંપનીમાં રોકાણ કરશો સારૂ વળતર મળશે એવી લાલચ આપવામાં આવી હતી. જેથી જાન્યુઆરી ૨૦૨૪માં તેઓ સોલા ખાતેની કંપનીની ઓફિસમાં માલિક કિશોરસિંહ રાઠોડ અને અન્ય સંચાલકોને મળ્યા હતા.

જ્યાં તેમણે રોયલ, સિલ્વર અને ગોલ્ડ જેવા વિવિધ હોલીડે પેકેજ સમજાવ્યા હતા. જેમાં ૧.૨૫ લાખના રોકાણ સામે દર મહિને ૧૧ હજાર વળતર આપવાની લાલચ આપવામાં આવી હતી. જેથી ભગવાનભાઈ વિશ્વાસમાં આવીને પોતાના પરિવારના અને મિત્રોના મળીને કુલ ૪૨ રોયલ પેકેજ, એક ગોલ્ડન પેકેજ અને ગાંધીનગર ખાતે ફ્રેન્ચાઈઝી પેટે ૬૫.૫૦ લાખનું રોકાણ કર્યુ હતું.

જો કે, શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ ૭ લાખ વળતર આપ્યુ હતું પરંતુ, જૂન ૨૦૨૪થી વળતર આપવાનું બંધ કરી દીધું હતું. જેથી ભગવાનભાઈએ બાકી રહેતા ૫૮.૫૦ લાખની ઉઘરાણી કરી હતી. ત્યારે આરોપીઓએ સેક્યુરિટી પેટે ચેક આપ્યા હતા. જેથી ઓફિસે તપાસ કરતા આરોપીઓ ઓફિસને તાળા મારીને ફરાર થઈ ચૂક્યા હતા. આરોપીઓએ છેતરપિંડી યાત્રી હોવાનું સામે આવતા કિશોરસિંહ રાઠોડ, ભરતસિંહ રાઠોડ, તુલસી બા રાઠોડ સામે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાય છે.

# ૨૦૧૬ના કસ્ટોડિયલ ડેથ કેસમાં ૮ પોલીસ કર્મચારી નિર્દોષ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૪

અમદાવાદના સરદાર નગર પોલીસ મથકે ૮ પોલીસ કર્મચારીઓ સામે વર્ષ ૨૦૧૬ના હત્યાનો ગુનો નોંધાયો હતો. જેનો કેસ અમદાવાદમાં ચાલી જતા કોર્ટે ૬૬ સાહેદ અને ૫૭ દસ્તાવેજી પુરાવા તપાસીને તમામ આરોપીઓને નિર્દોષ છોડ્યા છે. જ્યારે ટ્રાયલ દરમિયાન એક પોલીસ કર્મચારીને મૃત્યુ નીપજ્યું હતું.

કેસની વિગતો મુજબ, સરદાર નગર વિસ્તારમાં મોબાઈલ ચોરીના કેસમાં ફરિયાદીની શંકાના આધારે ચોરાયેલ મોબાઈલનું IMEI નંબરના આધારે લોકેશન ટ્રેક કરવામાં આવ્યું હતું. એક આરોપીની જેમ અટકાયત કરવામાં આવી હતી. આક્ષેપ મુજબ પોલીસ કર્મચારીઓ દ્વારા રાજુ ઠક્કર નામના આરોપીને ગુનાની કબુલાત માટે માર મારવામાં આવ્યો હતો જેમાં તેનું મૃત્યુ નીપજ્યું હતું. જેથી, PI સહિતના કુલ ૮ પોલીસ કર્મચારીઓ સામે કસ્ટોડિયલ ડેથનો ગુનો નોંધાયો હતો. તેમના પર આક્ષેપ હતો કે, તેઓએ શંકાના આધારે રાજુ ઠક્કરને માર માર્યો હતો. જેમાં તેનું મૃત્યુ નીપજ્યા બાદ તેની લાશ પણ સગેવગે વગેરે કરી હતી. તેની લાશ ખુલ્લામાં નગ્ન અવસ્થામાં મળી આવી હતી.

જો કે, પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું હતું કે મૃતકને કોઈ ફેક્ચર નહોતું કે કોઈ ગંભીર માર માર્યાના નિશાન નહોતા, તેને સામાન્ય ઈજાઓ હતી. વળી સામે આવ્યું હતું કે તે એક ગંભીર બીમારી છે છેલ્લા ૧૦ વર્ષથી પીડાઈ રહ્યો હતો. સાહેદો અને પુરાવાઓનું મૂલ્યાંકન કરીને સેશન્સ કોર્ટે તમામ આરોપીને નિર્દોષ છોડ્યા છે.

### CETPના પાલન અંગે અલ્ટીમેટમ

# સાબરમતી નદીના વધતા પ્રદૂષણ મુદ્દે હાઈકોર્ટની GPCB અને CPCBને ટકોર

## 'નદી શુદ્ધિકરણ મામલે સોગંદનામામાં લખેલા 'નથિંગ ઈઝ પોસિબલ' જેવા વાકયો તાત્કાલિક હટાવી દો'

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૨૪

સાબરમતી નદીના વધતા પ્રદૂષણ મામલે ચાલી રહેલી સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે શુક્રવારે અત્યંત કડક વલણ અપનાવ્યું હતું. ચીફ જસ્ટિસની ખંડપીઠે જીપીસીબી (GPCB) અને સીપીસીબી (CPCB)ને સ્પષ્ટ શબ્દોમાં ટકોર કરી છે કે, નદી શુદ્ધિકરણ મામલે તમારા સોગંદનામામાં જે 'નથિંગ ઈઝ પોસિબલ' (કંઈ પણ શક્ય નથી) જેવા વાક્યો લખ્યા છે તેને તાત્કાલિક હટાવી દો. કોર્ટે અવલોકન કર્યું હતું કે આપણે સૌ જાણીએ છીએ કે ૧૦૦ ટકા કામ કરી શકવાના નથી, પરંતુ તેનો અર્થ એ નથી કે પ્રયાસો જ છોડી દેવાય. હાઈકોર્ટે જણાવ્યું હતું કે નદીના પ્રદૂષણને લઈને વર્તમાન સ્થિતિ બિલકુલ સારી નથી. જો ઔદ્યોગિક એકમો, જીપીસીબી, મ્યુનિસિપલ કોર્પોરેશન અને ખાનગી સીઈટીપી (CETP) આ તમામ સંસ્થાઓ એક જ લક્ષ્ય સાથે કામ કરશે, તો જ સ્થિતિમાં સુધારો આવવો શક્ય છે. સુનાવણી દરમિયાન જીપીસીબીએ સ્વીકાર્યું હતું કે શહેરના એક પણ સીઈટીપી હાલમાં નિયમોનું સંપૂર્ણ પાલન કરી રહ્યા નથી. આ બાબતે કોર્ટે આકરું વલણ અપનાવતા કહ્યું કે, જો જીપીસીબીની આ વાત ખોટી હોય તો તેને સોગંદનામા પર સાબિત કરવી પડશે. કોર્ટ કોઈ પણ પક્ષની મૌખિક દલીલોને ગ્રાહ્ય રાખશે નહીં. જીપીસીબીની રજૂઆત મુજબ સીઈટીપીની જવાબદારી કોર્ટે નક્કી કરી હોવા છતાં ખાનગી સીઈટીપી નિયમોનું પાલન કરતા નથી. પાલન અંગે 'સંપૂર્ણ પાલન', 'આંશિક પાલન' અને 'પાલન નહીં કરનાર' એમ ત્રણ કેટેગરી બનાવવામાં આવી છે. હાલમાં ૭ સીઈટીપી પૈકી ૨ સીઈટીપી એવા છે જે આંશિક પાલન પણ કરી રહ્યા નથી. હાઈકોર્ટે સ્પષ્ટ અલ્ટીમેટમ આપતા કહ્યું છે કે જો સીઈટીપી દ્વારા નિયમોનું પાલન કરવામાં નહીં આવે, તો તેમની સામે અત્યંત આકરાં પગલાં લેવામાં આવશે. કોર્ટે હવે આ કેસની વધુ સુનાવણી ૧૯ જૂન પર મુલતવી રાખી છે. ત્યાં સુધીમાં તમામ સંબંધિત પક્ષોએ નિયમ પાલન અંગેની સ્પષ્ટતા અને કામગીરીનો અહેવાલ રજૂ કરવો પડશે.

# ગુજરાતમાં પરમિટવાળા દારૂ-બિયરના ભાવમાં વધારો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૪

ગુજરાતમાં નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૬ અને ૨૦૨૭ માટે વિદેશી દારૂ અને બિયરના નવા દર નક્કી કરવામાં આવ્યા છે. વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા જાહેરનામા અનુસાર, દારૂ અને બિયરની વિવિધ બ્રાન્ડની કિંમતોમાં સરેરાશ ૫થી ૧૦ ટકાનો વધારો કરાયો છે. આ નવા ભાવના અમલ સાથે જ હવે પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવતા દારૂના મુદ્દામાલની ગણતરી પણ ઊંચી કિંમતે કરવામાં આવશે.

ગુજરાત પોલીસ દ્વારા દર વર્ષે દરોડા દરમિયાન કરોડો રૂપિયાનો વિદેશી દારૂ જપ્ત કરવામાં આવે છે. અત્યાર સુધી પોલીસ જૂના ભાવ મુજબ જપ્ત કરેલા જથ્થાની કિંમત આંકતી હતી, પરંતુ હવે આબકારી વિભાગના નવા પરિપત્ર મુજબ, હવે પોલીસ જપ્ત કરેલી બોટલોની કિંમત નવા દર પ્રમાણે નક્કી કરશે, જેનાથી કુલ મુદ્દામાલના આંકડામાં મોટો ઉછાળો જોવા મળશે. દરોડા દરમિયાન પકડાયેલ જથ્થાની બજાર કિંમત હવે નવી બ્રાન્ડ વાઈઝ યાદી મુજબ જાહેર કરાશે.

રાજ્યમાં જે લોકો લિકર લાયસન્સ ધરાવે છે અને અધિકૃત હોટલો કે વાઈન શોપમાંથી દારૂ-બિયર ખરીદે છે, તેમના માટે કિંમતોમાં વધારો થયો છે. વિભાગ દ્વારા વિવિધ બ્રાન્ડની દારૂની બોટલ અને બિયર ટીન/બોટલની નવી કિંમતો જાહેર કરાઈ છે. જેમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ભાવમાં ૧૦ ટકા સુધીનો વધારો જોવા મળ્યો છે.

પોલીસ દ્વારા પકડાતા દારૂના કેસોમાં હવે રકમનો આંકડો મોટો દેખાશે.

કાયદેસર રીતે દારૂ મેળવતા પરમિટ ધારકોએ હવે વધુ કિંમત ચૂકવવી પડશે.

આબકારી વિભાગે આગામી બે વર્ષ માટે આ દરો નક્કી કર્યા હોવાથી તમામ લાયસન્સ ધરાવતી સંસ્થાઓએ આ ભાવપત્રાકનો અમલ કરવાનો રહેશે.

નોંધનીય છે કે, નશાબંધી અને આબકારી વિભાગ દર વર્ષે બજારની સ્થિતિ અને અન્ય પાસાઓને ધ્યાનમાં રાખીને ભાવમાં સુધારો કરતું હોય છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટેનો આ નવો પરિપત્ર તાત્કાલિક અસરથી અમલી બનશે.

# ચાંદખેડામાં સાત વર્ષના બાળકને ઉઠાવી જવાનો પ્રયાસ

## સ્થાનિકોએ યુવકને પકડી માર માર્યો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૪

શહેરના ચાંદખેડા વિસ્તારમાં ધોળા દિવસે બાળકને ઉઠાવી જવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. બપોરના સમયે છાશ લેવા નીકળેલા સાત વર્ષના બાળકને એક યુવક સાથે લઈ જઈ રહ્યો હતો, ત્યારે સ્થાનિકોની સતર્કતાને કારણે બાળકનો બચાવ થયો હતો. લોકોએ શંકાસ્પદ યુવકને પકડી પાડી પોલીસને હવાલે કર્યો છે.

ચાંદખેડામાં જી.એસ.સી. કો-ઓપરેટિવ બેંક પાસે આવેલી સોસાયટીમાં રહેતો સાત વર્ષનો બાળક બપોરે ઘર નજીક છાશ લેવા જઈ રહ્યો હતો. આ દરમિયાન ઉત્તર પ્રદેશનો શિવમ યાદવ નામનો યુવક ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. તેણે બાળકને જોઈ તેને પોતાની સાથે લઈ જવાનો પ્રયાસ કર્યો હતો.

યુવક જ્યારે બાળકને લઈ જઈ રહ્યો હતો, ત્યારે આસપાસના લોકોનું ધ્યાન ગયું હતું. બનાવની ગંભીરતા જોઈ સ્થાનિકોએ તરત જ શિવમને અટકાવ્યો હતો અને બાળકની પૂછપરછ કરી તેને મુક્ત કરાવ્યો હતો. ગુસ્સે ભરાયેલા લોકોએ શિવમ યાદવને જાહેરમાં 'મેથીપાક' આપ્યો હતો અને સમગ્ર મામલે ચાંદખેડા પોલીસને જાણ કરી હતી.

ચાંદખેડા પોલીસે શિવમ યાદવની અટકાયત કરી છે. પોલીસએ પાસા પર તપાસ કરી રહી છે કે, આરોપી અગાઉ કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલો છે કે કેમ અને તેનો ચોક્કસ ઈરાદો શું હતો.

# વધુ લોકો એકઠા થતાં સિંહ શિકાર મૂકી બાળકી પાછળ દોડ્યો : વીડિયો વાયરલ

## દોડતા દોડતા એક ગલીમાં ઘૂસી જતા બાળકીનો બચાવ થયો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૪

સૌરાષ્ટ્ર પંથક એ સિંહનું ઘર ગણાય છે અને અવાર-નવાર ગ્રામજનોને સિંહ રસ્તામાં તેમજ ઘર આંગણે જોવા મળતો હોય છે, ત્યારે જૂનાગઢના ગીરના ગામડાઓમાં સિંહનો વધુ વસવાટ છે, એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે જેમાં સિંહ શિકારની મીજબાની માણી રહ્યો હોય છે અને લોકો વધુ ભેગા થતાં તે શિકાર મૂકીને ભાગ્યો હતો.

જૂનાગઢના ગીરના ગામડાનો વીડિયો વાયરલ થયો છે જેમાં ગામના લોકોની પરવા કર્યા વિના સિંહ શિકારની મીજબાની માણી રહ્યો હતો ત્યારે ગામના રહેવાસીઓ મીજબાનીનો વીડિયો મોબાઈલમાં કેદ કરી રહ્યા હતા અને વધુ લોકો એકઠા થઈ જતા સિંહનો મીજાજ બગડ્યો અને તે શિકાર છોડીને નાની બાળકી પાછળ દોડ્યો હતો, બાળકી પોતાનો બચાવ કરવા માટે દોડીને ગામની એક ગલીમાં જતી રહી હતી અને મારણ પર બેઠેલા સિંહને ખલેલ પહોંચતા બાળકી પાછળ દોટ મૂકી હોવાનું અનુમાન ગ્રામજનોનું છે.

તો સમગ્ર ઘટનાની વાત કરીએ તો એક સાથે વધુ લોકો ભેગા થતા સિંહને પણ શિકારની મીજબાની માણવામાં તકલીફ પડી હોય તેવું માની શકાય, જે રીતનો વીડિયો છે અને તેને જોઈને લાગી રહ્યું છે કે, કોઈએ સિંહને છંછેડયો નથી પણ એક જગ્યાએ એક કરતા વધારે લોકો ભેગા થતા સિંહ અકળાયો હતો અને દોડ મૂકી હતી, આમ તો ઘણા સીસીટીવી એવા પણ સામે આવ્યા છે કે, જેમાં જોવા મળ્યું છે કે, ગામની શેરીમાં સિંહ મોડી રાત્રે પ્રવેશ કરતો હોય છે અને મારણ કરતો હોય છે, ગીરના જંગલોમાં પણ સિંહનો સૌથી વધુ વસવાટ છે.

# રાજ્યમાં સાત શહેરનું તાપમાન ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યું : બપોરે 'કરફ્યુ' જેવો માહોલ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૨૪

રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. ગુરુવારે રાજકોટ ૪૨.૭ ડિગ્રી મહત્તમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં ૪૧.૫ ગરમી સાથે 'રિયલ ફીલ'ની અસર જોવા મળી રહી છે. બપોરે ૧૨થી ૪ શહેરના મુખ્ય રસ્તાઓ પર 'કરફ્યુ' જેવો માહોલ જોવા મળી રહ્યો છે. કાળઝાળ ગરમીને કારણે બપોરના સમયે લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળતા ટૂ-વ્હીલર ચાલકો મોઢે રૂમાલ, હેલ્મેટ અને ચશ્મા પહેરીને 'લૂ'થી બચવા મથામણ કરી રહ્યા છે. હવામાન વિભાગે ૨૯ એપ્રિલ સુધી સમગ્ર રાજ્યમાં ભારે ગરમીની

### અમદાવાદમાં ૪૧ ડિગ્રીએ હિટવેવ જેવી સ્થિતિ

આગાહી સાથે 'યલો એલર્ટ' જાહેર કર્યું છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ઓછી થતા અને પશ્ચિમી સૂકા પવનો ફૂંકાવાને કારણે વાતાવરણ વધુ શુષ્ક બનશે, જેનાથી લોકોએ હજી વધુ શેકાવું પડશે. આગામી ૨૬મી એપ્રિલે જ્યારે રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન થવાનું છે, ત્યારે કુદરત પણ કસોટી કરશે. હવામાન વિભાગના મતે ૨૬ તારીખે વાતાવરણ એકદમ શુષ્ક રહેશે અને પારો ૪૦થી ૪૩ ડિગ્રી વચ્ચે રહેવાની પૂરી શક્યતા છે. રાજ્યમા પવનની દિશા બદલાઈને શરૂ થયેલાં ગરમ-સુકા પવનોની અસરથી ગુરુવારે અમદાવાદનું મહત્તમ તાપમાન સામાન્યથી ૧.૩ ડિગ્રી વધીને ૪૧.૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ કલાકે ૫૯ ટકા અને સાંજે ૫.૩૦ કલાકે ૧૮ ટકા નોંધાયું હતું. દિવસ દરમિયાન આકાશ સ્વચ્છ રહેતાં ગરમીની સાથે બફારો વધતાં લોકોએ ૪૧.૦ ડિગ્રીએ ૪૩ ડિગ્રી ગરમીનો અનુભવ કર્યો હતો. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, ૨૪થી ૩૦ એપ્રિલ સુધી રાજ્યમાં હવામાન મુખ્યત્વે શુષ્ક રહેવાની શક્યતા છે. આગામી ૩ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો જોવા મળી શકે છે. જોકે, ત્યારબાદના દિવસોમાં તાપમાનમાં ફરી ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે.

# રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની શુભકામના પાઠવતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

અમદાવાદ, તા.૨૪



ભારતના પાયાના સ્તરે અસ્તિત્વમાં રહેલી લોકશાહી અને સ્વ શાસનની સૌથી જૂની પ્રણાલી ગ્રામ પંચાયતોના દિવસ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સૌને શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે આ નિમિત્તે જણાવ્યું હતું કે ગામડાઓના સશક્તિકરણ દ્વારા જ સમૃદ્ધ અને મજબૂત ભારતના નિર્માણનું સ્વપ્ન શક્ય છે.જો ગ્રામજનો તેમના ગામોની પ્રગતિ માટે સરકાર સાથે મળીને કામ કરે અને દરેક શક્ય યોગદાન આપે, તો #NationalPanchayatiRajdayનો હેતુ સરળતાથી પૂર્ણ થશે. પંચાયતની ચૂંટણી છે અને ''પંચાયતી રાજ દિવસ'' છે. વધુમાં વધુ મતદાન કરી દિવસને યાદગાર અને સાર્થક બનાવીએ. એમ વધુમાં તેમણે જણાવ્યું હતું.

# માણેકચોકમાં આવેલ જીણાભાઈ ચેમ્બર્સના ભોંયરામાં આગ લાગી,

## સાંકડી ગલીઓને કારણે ફાયર બ્રિગેડની ગાડીઓને મુશ્કેલી પડી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૪



શહેરના કોટ વિસ્તારમાં આવેલા ધમધમતા માણેકચોક વિસ્તારમાં આગની ઘટના બનતા અફરાતફરી મચી હતી. અહીં આવેલી જીણાભાઈ ચેમ્બર્સના ભોંયરામાં અચાનક આગ ફાટી નીકળી હતી. ભરચક બજારમાં આગ લાગવાના સમાચાર મળતા જ વેપારીઓ અને ગ્રાહકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. સદનસીબે, ફાયર વિભાગની ત્વરિત કામગીરીને કારણે મોટી જાનહાનિ ટળી છે.

આગ જીણાભાઈ ચેમ્બર્સના ભોંયરામાં આવેલી વીજ મીટર પેટીમાં લાગી હતી. મીટર પેટીમાં અચાનક ધડાકા સાથે આગ લાગ્યા બાદ ધુમાડાના ગોટેગોટા બહાર નીકળવા લાગ્યા હતા. પ્રાથમિક દૃષ્ટિએ શોર્ટ સર્કિટના કારણે આ આગ લાગી હોવાનું મનાઈ રહ્યું છે. ભોંયરામાં આગ લાગી હોવાથી ધુમાડો ઝડપથી ફેલાયો હતો, જેને પગલે બિલ્ડિંગમાં રહેલા લોકો સલામત રીતે બહાર દોડી આવ્યા હતા.

ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે રવાના થઈ હતી. જોકે, માણેકચોકની સાંકડી ગલીઓ અને રસ્તા પરના દબાણોને કારણે ફાયર ફાઈટરના વાહનોને ઘટનાસ્થળ સુધી પહોંચવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ભારે જહેમત બાદ ફાયરના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આગ બુઝાયા બાદ હવે નુકસાનીનો અંદાજ મેળવવામાં આવી રહ્યો છે અને વીજ પુરવઠો પૂર્વવત કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

### ભારતીય એગ્રિ-ઈનપુટ ઉદ્યોગ માટે ક્રાંતિકારી મોડેલ રજૂ



અમદાવાદ, તા.૨૪

અમદાવાદ સ્થિત યુનિવિઆ પ્રાઈવેટ લિમિટેડે એગ્રિ-ઈનપુટ ક્ષેત્રમાં એક નવી દિશા દર્શાવતા ડીલર્સ પાર્ટનરશીપ આધારિત મોડેલની જાહેરાત કરી છે. અમદાવાદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કંપનીએ પોતાના ડીલર્સને રિયલ સેન્સમાં ગ્રોથ પાર્ટનર્સ માનીને કંપનીની ઈક્વિટી આપી છે. ગુજરાત અને રાજસ્થાનના અંદાજે ૫૦ ડીલર્સને આ પહેલ હેઠળ સામેલ કરવામાં આવ્યા છે, જે ઉદ્યોગ માટે એક મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન ગણાય છે. ભારતીય એગ્રિ-ઈનપુટ ઉદ્યોગમાં આવી પહેલ અભૂતપૂર્વ છે. યુનિવિઆનું વિઝન, ખેડૂતોને વધુ સમૃદ્ધ અને ઉત્પાદક બનાવવાનું છે, જેનાથી ભારત તેની સાચી કૃષિ ક્ષમતા પ્રાપ્ત કરી શકે.

# મહાઠગ મિહિર પરીખ વિરૂદ્ધ વધુ ચાર ફરિયાદ નોંધાઈ

## ૨૫.૬૦ કરોડથી વધુના કૌભાંડનો પર્દાફાશ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૨૪

શેરબજાર અને સોનામાં રોકાણ પર વળતરની લાલચ આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરનાર મહાઠગ મિહિર પરીખ અને તેની ટોળકી સામે ફરિયાદોનો સિલસિલો યથાવત છે. શહેર ક્રાઈમ બ્રાન્ચમાં મિહિર પરીખ અને તેના સાગરીતો વિરુદ્ધ વધુ ૪ ફરિયાદો નોંધાઈ છે, જેમાં વધુ ૨૫.૬૦ કરોડથી વધુના કૌભાંડનો પર્દાફાશ થયો છે. એસ.જી. હાઈવે અને આંબલી ખાતે 'એમ.પી. ફિનકોર્પ સર્વિસીસ' તથા 'બીમાવાલે' નામની ઓફિસો ધરાવતો મિહિર પરીખ, તેની પત્ની ધારા પરીખ, માતા ગીતાબેન પરીખ અને હેમરાજસિંહ રાણાએ જૂના સંબંધો તથા બાળકો એક જ સ્કૂલમાં ભણતા હોવાના પરિચયનો દુરુપયોગ કરી અનેક લોકોને શિકાર બનાવ્યા છે. આ ભેજાબાજો રોકાણકારોના નાણાંનું ખરેખરું રોકાણ કરવાને બદલે તેમને અંધારામાં રાખવા માટે વિવિધ તરકીબો અજમાવતા હતા. 'માય વે' (My Way) અને 'My Wealth' નામની નકલી એપ્સ બનાવી તેમાં કાલ્પનિક નફો દર્શાવતા હતા. કોટક સિક્યુરિટીઝ અને મોતીલાલ ઓસવાલ જેવી પ્રતિષ્ઠિત કંપનીઓના નામે નકલી ડીમેટ એકાઉન્ટ અને લેઝર સ્ટેટમેન્ટ પધરાવી દેતા હતા. રોકાણકારોના કરોડો રૂપિયા શેરબજારમાં રોકવાને બદલે આરોપીઓ પોતાના અંગત મોજશોખ માટે વાપરી નાખતા હતા.

### રિલાયન્સ સાથેની ભાગીદારીમાં TIME પ્રથમ વખત

# વિવિધ ક્ષેત્રના ૧૦૦ ઊભરતા ભારતીય આગેવાનોને સન્માનિત કરશે

જામનગર, તા.૨૪

રિલાયન્સ સાથેની ભાગીદારીમાં ટાઈમ તેના 'TIME100 Next' ફ્રેન્ચાઈઝીની નવી આવૃત્તિ 'TIME100 Next India' લોન્ચ કરશે. આ પહેલ ભવિષ્યને આકાર આપી રહેલા કાર્યો કરતા અને વિઝન ધરાવતા ભારતીય લીડર્સની આગામી પેઢીને સન્માનિત કરશે. ગુરૂવારે ન્યૂયોર્કમાં આયોજિત વાર્ષિક TIME100 સમારંભ દરમિયાન સ્ટેજ પરથી ટાઈમના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર જેસિકા સિબલી અને રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક તથા ચેરપર્સન નીતા મુકેશ અંબાણી દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી. TIME100 Next Indiaની યાદી TIMEના સંપાદકો દ્વારા તૈયાર કરવામાં આવશે જેમાં કળા, વિજ્ઞાન, બિઝનેસ, સ્પોર્ટ્સ, એડવોકેસી અને અન્ય ક્ષેત્રોમાં ભારતનું ભવિષ્ય ઘડી રહેલા ભારત અને વિદેશમાં વસતા ભારતીયોના ૧૦૦ ઉભરતા આગેવાનોને સ્થાન આપવામાં આવશે. આ યાદી ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવશે અને ડિસેમ્બર ૨૦૨૬માં મુંબઈમાં નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર ખાતે 'TIME100 Next India Gala'માં તેની ઉજવણી કરવામાંઆવશે. પ્રથમ 'TIME100 Next India' લિસ્ટ અને ગાલા સમારોહ વિશેની વધારાની વિગતો આગામી મહિનાઓમાં જાહેર કરવામાં આવશે.

### ગિફ્ટ સિટીમાં NRI અને રિઈન્સ્યોરર્સ માટે વ્યૂહાત્મક રોકાણની તક

અમદાવાદ,તા.૨૪

ગિફ્ટ સિટી વૈશ્વિક સ્તરે ભારતીયો નાણાકીય ઉત્પાદનોને કેવી રીતે સરળતાથી એક્સેસ કરે છે તે મુદ્દાને ફરીથી આકાર આપી રહ્યું છે. આ સંદર્ભમાં પોલિસીબજાર NRIs માટે રોકાણને પહેલા કરતા વધુ સરળ બનાવવા માટે તેની ઓફરોનો વિસ્તાર કરી રહ્યું છે. ભારતના ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર (IFSC)માં તેની હાજરી દ્વારા, પોલિસીબજાર ૩૫+ દેશોમાં NRIsને યુએસ ડોલરમાં રોકાણ-લિંક્ડ વીમા સોલ્યુશન્સ એક્સેસ કરવા સક્ષમ બનાવી રહ્યું છે. ઘણા આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ IFSCમાં તેમની હાજરી સ્થાપિત કરી રહ્યા છે ત્યારે ગિફ્ટ સિટી તેના વૈશ્વિક રિઈન્સ્યોરર્સ કામગીરી માટે એક આધાર તરીકે પણ ઉભરી રહ્યું છે.

# બાપુનગરમાં ચાર લાખના ગાંજા સાથે બે રીઢા ગુનેગારો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૨૪

અમદાવાદ શહેરમાં નશાના કારોબાર સામે લાલઆંખ કરતા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ બાપુનગર વિસ્તારમાં સપાટો બોલાવ્યો છે. SOGની ટીમે બાપુનગરના બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને ૮ કિલોથી વધુ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ મામલે પોલીસે બે શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, SOGની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે બાપુનગરમાં આવેલી મણીલાલ મથુરદાસની ચાલીમાં રેહાન મસ્જિદ સામેના એક તૂટેલા મકાન તેમજ સત્યમ ફ્લેટના ગ્રાઉન્ડ ફ્લોર પર દરોડો પાડવામાં આવ્યો હતો. ૮ કિલો ૧૪૨ ગ્રામ ગાંજા સહિત અન્ય ચીજવસ્તુઓ મળી કુલ ૪,૧૨,૯૫૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પોલીસે આ ગુનામાં ૩૦ વર્ષીય મોહમ્મદ તાહીર અબ્દુલ કરીમ ભુરજી અને ૩૧ વર્ષીય કરણ કોકુલવારની ધરપકડ કરી છે. ઝડપાયેલા બંને શખ્સો અગાઉ પણ પોલીસ ચોપડે ચડી ચૂક્યા છે. ખાસ કરીને મુખ્ય આરોપી મોહમ્મદ તાહીર સામે ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. તે અગાઉ ચોરી, ઘરફોડ ચોરી અને પ્રોહિબિશનના ગુનાઓમાં સંડોવાયેલો છે. વર્ષ ૨૦૧૯-૨૦માં તેને બાપુનગર વિસ્તારમાંથી તડીપાર પણ કરવામાં આવ્યો હતો. કરણ કોકુલવાર સામે પણ વર્ષ ૨૦૨૪માં ગુનો નોંધાઈ ચૂક્યો છે. હાલ આ કેસમાં આરોપીઓ આટલો મોટો જથ્થો ક્યાંથી લાવ્યા હતા અને કોને સપ્લાય કરવાના હતા તે દિશામાં SOG દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરવામાં આવી છે.

### ભારતની ત્રીજી SM REIT યોજના એકસચેન્જ પર રજૂ થઈ

અમદાવાદ,તા.૨૪

ભારતની ત્રીજી SM REIT યોજના, પ્રોપશેર સેલેસ્ટીયાના યુનિટસ BSE પર રૂા.૧૦,૫૦,૦૦૦ પ્રતિ યુનિટના ઈશ્યુ ભાવ સાથે લિસ્ટ થયા. પ્રોપશેર સેલેસ્ટીયાના સહ સ્થાપક કૃણાલ મોકતને જણાવ્યું હતું કે પ્રોપશેર સેલેસ્ટીયાનું સફળ લિસ્ટિંગ ભારતમાં SM REITsના ઉત્ક્રાંતિમાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. વિનસ ગ્રુપના મેનેજિંગ ડિરેકટર રાજેશ વાસવાણીએ જણાવ્યું હતું કે, પ્રોપશેર સેલેસ્ટીયા દ્વારા અમદાવાદમાં સંસ્થાકીય મૂડી લાવવામાં આવી રહી છે તે જોઈને અમે ઉત્સાહિત છીએ. શહેરના વાણિજ્યિક રિયલ એસ્ટેટ બજારની પરિપકવતામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે અમે ભવિષ્યમાં મોટી સંસ્થાકીય ભાગીદારીને સક્ષમ બનાવવા અને આવા વધુ સ્કેલ કરેલા વ્યવહારોને સુવિધા આપવા માટે આતુર છીએ, કારણ કે અમદાવાદ ઉચ્ચ-ગુણવત્તાવાળા કબજેદારો અને રોકાણ રસને આકર્ષવાનું ચાલુ રાખે છે.

# મમતા બેનરજીની ભાજપને ચેતવણી, ''બંગાળ પહેલા, હવે પછી દિલ્હી'' : અમિત શાહ શું બોલ્યા

(એજન્સી) તા.૨૪

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ગુરુવારે રાજ્યના એક ભાગમાં મતદાન થતાં ભાજપ પર હુમલો કર્યો છે, અને જણાવ્યું છે કે વિધાનસભા ચૂંટણી જીત્યા પછી તેઓ પોતાનું ધ્યાન દિલ્હી તરફ વાળશે. તેમના પર વળતો પ્રહાર કરતા, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે બંગાળમાં તેમના માટે કંઈ બચ્યું નથી. કોલકાતાના ચૌરંગી વિસ્તારમાં એક રેલીમાં બોલતા, મુખ્યમંત્રીએ કહ્યું કે તેઓ વિપક્ષી પક્ષોને એકસાથે લાવીને કેન્દ્રમાં ભાજપને ''દૂર'' કરશે. યાદ રાખો, તમે અમને હરાવી શકતા નથી. અમે અન્યાય સામે લડીએ છીએ; અમે અમારા અધિકારો માટે લડીએ છીએ. મારો જન્મ બંગાળમાં થયો હતો, અને હું આ જ બંગાળમાં મારા છેલ્લા શ્વાસ લઈશ. બંગાળમાં વિજય મેળવ્યા પછી હું દિલ્હીનો કબજો લઈશ. હું બધા રાજકીય પક્ષોને એકસાથે ભેગા કરીને આવું કરીશ. મને સત્તાની ખુરશી નહીં; હું દિલ્હીમાં ભાજપનો સંપૂર્ણ નાશ ઈચ્છું છું. જ્યારે બંગાળમાં તેમનો વિનાશ અનિવાર્ય



છે, ત્યારે ભાજપને દિલ્હીમાંથી પણ હાંકી કાઢવો જોઈએ. બેનરજી તેમના પક્ષના ઉમેદવાર અને બે વખતના વર્તમાન ધારાસભ્ય નયના બંદોપાધ્યાય માટે પ્રચાર કરી રહ્યા હતા, જે તેમના ભાજપ હરીફ સંતોષ પાઠક સામે ચૂંટણી લડી રહ્યા છે. ભાજપ પર નિશાન સાધતા તેમણે કહ્યું કે તેમણે ભાજપ માટે કામ કરતા દરેક વ્યક્તિના નામ નોંધી લીધા છે. તમને લાગે છે કે તમે અમારા પર નજર રાખી શકો છો? તમે જે પણ વ્યક્તિને સામેલ કરી છે, તમે તેમના કૌટુંબિક પૃષ્ઠભૂમિની તપાસ કર્યા પછી જ તેમને ભાજપમાં લાવ્યા છો, અને તમે તે જ માપદંડના આધારે અધિકારીઓની નિમણૂક કરી છે. કોલકાતામાં ચૂંટણી પ્રચાર કરી રહેલા ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે બેનરજીની ટિપ્પણી પર હાંસી ઉડાવી અને કહ્યું, ''અહીં કંઈ બચ્યું નથી. તે દિલ્હી કેવી રીતે આવશે?''

બેનરજી જ્યારે ચૌરંગીમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા હતા. રાજ્યની અન્ય ૧૫૨ બેઠકો પર લગભગ ૩.૩૫ કરોડ લોકોએ મતદાન કર્યું હતું. ચોરંગી બેઠક, જે ૨૦૧૧થી તૃણમૂલ કોંગ્રેસ પાસે છે, તે ૨૯ એપ્રિલે કોલકાતાની અન્ય બેઠકો સાથે બીજા તબક્કામાં મતદાન કરશે. ગઈકાલે મતદાનના પ્રથમ તબક્કામાં, બંગાળમાં ૯૨.૮ ટકા મતદાન થયું હતું, જે આ વર્ષની શરૂઆતમાં મતદાર યાદી સુધારણા દરમિયાન ૯૦ લાખ મતદાન પછી મતદારોની રેકોર્ડ ભાગીદારી દર્શાવે છે.

# 'બંગાળના અધિકારો છીનવી લેવાનું કાવતરૂં ઘડનાર સફળ થશે નહીં' મમતાએ પ્રથમ તબક્કાની ચૂંટણી પછી ભાજપ પર હુમલો કર્યો

## પશ્ચિમ બંગાળમાં મહત્ત્વપૂર્ણ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન પછી Xના એક પોસ્ટમાં, મમતાએ રાજ્યની ઓળખનું રક્ષણ કરવા માટે લોકોના દઢ નિશ્ચયને કારણે ઉચ્ચ મતદાન થયું હોવાનું જણાવ્યું હતું

(એજન્સી) કોલકાતા, તા.૨૪

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ શુક્રવારે ભાજપ પર નિશાન સાધ્યું અને તેમના પર રાજ્યના રાજકારણ પર ''હુકમ'' ચલાવવાનો અને તેના લોકોને વિભાજીત કરવાનો અને તેની સંસ્કૃતિને વિકૃત કરવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો, અને ભારપૂર્વક કહ્યું કે આવા પ્રયાસોનો પ્રતિકાર કરવામાં આવશે.

પશ્ચિમ બંગાળમાં મહત્ત્વપૂર્ણ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાનના એક દિવસ પછી, ઠ પર એક પોસ્ટમાં, મમતાએ રાજ્યની ઓળખનું રક્ષણ કરવા માટે લોકોના દઢ નિશ્ચયને કારણે ઉચ્ચ મતદાન થયું હોવાનું જણાવ્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ રાજ્ય દિલ્હીથી ચલાવવામાં આવશે નહીં કે નિર્દેશિત કરવામાં આવશે નહીં.

ચૌરંગી, ભવાનીપુર, જાદવપુર અને ટોલીગંજમાં, મેં લોકોને સ્પષ્ટ ઈરાદા, દઢનિશ્ચયી, સંયુક્ત અને બંગાળ, તેની ઓળખ અને તેના ભવિષ્યનું રક્ષણ કરવા માટે તૈયાર જોયા છે. જેઓ માને છે કે તેઓ દિલ્હીથી બંગાળ ચલાવી શકે છે, તેના રાજકારણને નિર્દેશિત કરી શકે છે, તેના લોકોને વિભાજીત કરી શકે છે અને તેની સંસ્કૃતિને વિકૃત કરી શકે છે તેઓ ભૂલમાં છે. આ ભૂમિની યાદશક્તિ લાંબી છે અને મજબૂત કરોડરજ્જુ ધરાવે છે. તેણીએ ખાતરી આપી કે બંગાળને નબળા પાડવાના પ્રયાસોનો સામનો કરવો ''લોકશાહી માટે મહત્ત્વપૂર્ણ'' સાબિત થશે. ભાજપ પર બંગાળના અધિકારો છીનવી લેવાનો અને એજન્ડા લાદવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવતા, તેણીએ ચૂંટણીઓને પ્રતિકારના પ્રયાસ તરીકે ઓળખાવી હતી.

જે લોકો દિલ્હીમાં બેઠેલા છે, બંગાળના અધિકારો છીનવી લેવાનું અને પોતાનો એજન્ડા લાદવાનું કાવતરું ઘડી રહ્યા છે, તેમણે સ્પષ્ટપણે સમજવું જોઈએ કે બંગાળના લોકો જોઈ રહ્યા છે અને તેઓ તેમના મત દ્વારા જવાબ આપશે. બંગાળને નબળા પાડવાના દરેક પ્રયાસનો સામનો કરવામાં આવશે. આ ચૂંટણી બંગાળને નબળા પાડવા અને તેને નિયંત્રિત કરવાના વ્યવસ્થિત પ્રયાસનો પ્રતિકાર કરવા વિશે છે.

બેનરજીએ શાસક ટીએમસી દ્વારા વિકાસ અને કલ્યાણના પ્રયાસો પર કહ્યું કે બંગાળ ''સતત અવરોધ'' છતાં વિકાસ પામ્યો



છે. તેમણે લોકોને મતભેદોથી ઉપર ઉઠીને ફરી એકવાર TMCને મતદાન કરીને બંગાળની ઓળખ માટે સર્વસંમતિથી મતદાન કરવા વિનંતી કરી હતી.

તેમણે કહ્યું કે, સતત અવરોધો છતાં બંગાળના દરેક ઘર સુધી વિકાસ પહોંચ્યો છે. આપણી કલ્યાણકારી યોજનાઓ જીવનરેખા છે અને કોઈ પણ શક્તિ, ભલે તે પોતાને ગમે તેટલી શક્તિશાળી માને, તે લોકોથી તેને છીનવી શકતી નથી. બંગાળ આજે પ્રગતિ, શાંતિ અને ગૌરવ માટે ઊભું છે. લોકોનો પ્રેમ અને વિશ્વાસ આપણી સૌથી મોટી તાકાત છે. તેઓ આપણને આગળ ધપાવે છે અને બંગાળને નબળા પાડવાના દરેક પ્રયાસને નિષ્ફળ બનાવશે. હું દરેક નાગરિકને મતભેદોથી ઉપર ઉઠીને, એક થવા અને બંગાળની ભાષા, સંસ્કૃતિ અને ભવિષ્યને સુરક્ષિત રાખવા માટે મતદાન કરવા વિનંતી કરૂં છું. ચૌરંગીમાં નયના બંદોપાધ્યાય, જાદવપુરમાં દેવબ્રત મજુમદાર, ટોલીગંજમાં અરૂપ બિશ્વાસ અને દરેક મા-માટી-માનુષ ઉમેદવારને મત આપો.

ભારતીય ચૂંટણી પંચના તાજેતરના આંકડા અનુસાર, પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાના મતદાનમાં ૯૧.૯૧ ટકા મતદાન નોંધાયું છે. બીજા તબક્કાનું મતદાન ૨૯ એપ્રિલે યોજાશે અને ત્યારબાદ ૪ મેના રોજ મતગણતરી થશે.

### ઈઝરાયેલ ભારતના ઉત્તરપૂર્વમાંથી આ 'લુપ્ત થતી આદિજાતિ'ને એરલિફ્ટ શા માટે કરી રહ્યું છે

# ભારતના પૂર્વોત્તર પ્રદેશમાંથી ૨૫૦ ભારતીય યહૂદીઓ ઈઝરાયેલ પહોંચ્યા; ૨૦૨૬ના અંત સુધીમાં વધુ ૧,૨૦૦ લોકોનું સ્થળાંતર થશે

(એજન્સી) તા.૨૪

ઈરાનથી લગભગ ૪,૦૦૦ કિમી દૂર, ઈઝરાયેલ ભારતમાં બીજું એક ઓપરેશન હાથ ધરી રહ્યું છે. ઓપરેશન વિંગ્સ ઓફ ડોન નામનું આ મિશન ઉત્તરપૂર્વની પહાડીઓમાં બનેઈમેનાશે સમુદાયના લગભગ ૫,૦૦૦ સભ્યોને મણિપુરથી તેલ અવીવ લઈ જવામાં આવી રહ્યા છે. કેટલાક લોકો માટે તે એક હિંસાગ્રસ્ત પ્રદેશથી બીજા પ્રદેશમાં પ્રવાસ છે. પરંતુ મોટાભાગના બનેઈમેનાશે સમુદાયના સભ્યો માટે જેઓ ઈઝરાયેલના બાઈબલના ''લુપ્ત આદિવાસીઓ''માંથી એકમાં મૂળ ધરાવે છે, તે તેમના પૂર્વજોના ઘર સુધીની લાંબી યાત્રાનો અંત છે. ઈઝરાયેલી સરકારે ગુરૂવારે દિલ્હી દ્વારા લગભગ ૨૫૦ સમુદાયના સભ્યોના પ્રથમ જૂથને એરલિફ્ટ કર્યું. ગયા વર્ષે, બેન્જામિન નેતન્યાહૂ સરકારે ભારતમાંથી સમુદાયના




## મધ્ય પૂર્વથી દૂર, ઈઝરાયેલે ભારતમાં એક મૌન મિશન હાથ ધર્યું. ગયા વર્ષે બેન્જામિન નેતન્યાહૂ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી, ઈઝરાયેલે ગુરૂવારે તેના ઓપરેશન વિંગ્સ ઓફ ડોનના ભાગ રૂપે બનઈમેનાશે સમુદાયના લગભગ ૨૫૦ સભ્યોને એરલિફ્ટ કર્યા હતા

લગભગ ૪,૬૦૦ સભ્યોના ઈમિગ્રેશન માટે ભંડોળ પૂરૂં પાડવાની પહેલની જાહેરાત કરી હતી. છેલ્લા બે દાયકામાં, લગભગ ૫,૦૦૦ લોકો ઈઝરાયેલમાં સ્થળાંતર કરી ચૂક્યા છે. આ એક એવી કામગીરીની શરૂઆત છે જે સમગ્ર સમુદાયને દર વર્ષે ૧,૨૦૦ સ્થળાંતર કરવાની મંજૂરી આપશે.

તમે વિચારી રહ્યા હશો કે, તેઓ કોણ છે ? તેઓ ઈઝરાયેલથી દૂર ઉત્તરપૂર્વમાં ભારતના દૂરના ઉત્તરપૂર્વમાં કેવી રીતે પહોંચ્યા ?

બાઈબલ મુજબ, ઈઝરાયેલના પ્રાચીન લોકો ૧૨ જાતિઓમાં વહેંચાયેલા હતા. દસ જાતિઓનું નામ જેકબના પુત્રો અને બે તેમના પૌત્રો, એફ્રાઈમ અને મેનાશે (અથવા મનાશ્શે)ના નામ પરથી રાખવામાં આવ્યું હતું, જે જોસેફના બાળકો હતા. આ સમુદાય મેનાશેના વંશજો હોવાનો દાવો કરે છે. ઈસ્ત્રાએલ રાજ્યના પરાજય પછી, ૭૨૨ બીસીમાં આશ્શૂરના વિજેતાઓ દ્વારા તેમને દેશનિકાલ કરવામાં આવ્યા હતા. પર્શિયા, અફઘાનિસ્તાન, તિબેટ અને ચીનમાંથી સદીઓ સુધી ચાલ્યા પછી, સમુદાયના લગભગ ૧૦,૦૦૦ સભ્યો ભારતના ઉત્તરપૂર્વમાં પહોંચ્યા અને મણિપુર અને મિઝોરમમાં સ્થાયી થયા હતા. આઈઆઈટી-દિલ્હીના સમાજશાસ્ત્ર સંશોધક અસફરેન્થલીએ મારા સાથીદાર યુધાજીત શંકર દાસને સમુદાયના મૂળનો ઉલ્લેખ કરતા કહ્યું કે, બનેઈનો અર્થ બાળકો છે, અને મેનાશે પૌત્રો માટે છે. હવે, ભારત જ શા માટે ? ઐતિહાસિક રીતે, યહૂદીઓ ભારતને એક સલામત સ્થળ તરીકે જોતા હતા, કારણ કે તેઓએ વિશ્વના અન્ય ભાગોની જેમ દેશમાં ક્યારેય ધાર્મિક અત્યાચારનો સામનો કર્યો નથી. મણિપુરમાં, બનેઈમેનાશે સમુદાયને કુકી તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. મોટાભાગના કુકીઓએ ૨૦મી સદીની શરૂઆતમાં અમેરિકન મિશનરીઓના પ્રભાવ હેઠળ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો. જો કે, બનેઈમેનાશે સમુદાય યહૂદી ધર્મ અને તેના રિવાજો અને પરંપરાઓનું પાલન કરે છે. હકીકતમાં, ધર્મ એ મુખ્ય કારણોમાંનું એક છે જેના કારણે સમુદાય ઈઝરાયેલમાં સ્થળાંતર કરવા માંગે છે. મણિપુરના રહેવાસી બેન્જામિન હાઓકિપે ધ ન્યૂ યોર્ક ટાઈમ્સને જણાવ્યું હતું કે, દૂરના ટેકરીઓમાં ધાર્મિક માળખાગત સુવિધાઓની મર્યાદિત પહોંચ એક મુખ્ય અવરોધ છે. અહીં, અમે અમારા બધા રિવાજોનું પાલન કરી શકતા નથી. કેટલીક પ્રાર્થનાઓ માટે મિનિયાન અથવા કોરમની જરૂર પડે છે, જે ટેકરીઓમાં શોધવી મુશ્કેલ છે. અમે અમારા ધર્મ માટે ઈઝરાયેલ જવા માંગીએ છીએ. મિનિયાન એક હિબ્રુ શબ્દ છે જે ધાર્મિક જવાબદારીઓ માટે જરૂરી ૧૦ યહૂદી પુખ્ત વયના લોકોના કોરમનું વર્ણન કરે છે. પરંપરાગત ખોરાક અને સાંસ્કૃતિક સંશાધનોની ઉપલબ્ધતા પણ સમુદાય માટે એક અવરોધ છે. સભ્યોએ ડ્યુઓલિંગો એપ પર હિબ્રુ ભાષા શીખવાનું શરૂ કરી દીધું છે. ગયા વર્ષે સમુદાયને સ્થાનાંતરિત કરવાની પહેલની જાહેરાત કરતી વખતે, નેતન્યાહૂએ તેને ''મહત્ત્વપૂર્ણ અને ઝાયોનિસ્ટ નિર્ણય'' ગણાવ્યો હતો. ૨૦૦૫ પહેલા ભારતમાંથી સ્થળાંતર કરનારા આ લોકો હેબ્રોન જેવા સ્થળોએ અને ગાઝામાં ઈઝરાયેલી વસાહતોમાં સ્થાયી થયા હતા. ગુરૂવારે પહોંચેલા ૨૫૦ સભ્યો ઉત્તર ઈઝરાયેલમાં સ્થાયી થશે, જેમાંથી કેટલાકને ગયા અઠવાડિયાની શરૂઆતમાં લેબનોનમાં હિઝબુલ્લાહ દ્વારા છોડવામાં આવેલા મિસાઈલોનો સામનો કરવો પડ્યો હતો. ઈઝરાયેલી વડાપ્રધાને કહ્યું છે કે, તેમના સ્થાનાંતરણથી ઉત્તર અને ગેલીલી પ્રદેશો ''મજબૂત'' થશે. ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયેલે અહેવાલ આપ્યો છે કે, લોકોને હવે ઈઝરાયેલી નાગરિક બનવા માટે ધર્માંતરણ કરવાની જરૂર પડશે. જોકે, ઈઝરાયેલના નિર્ણયે પહેલ પાછળના તેના વાસ્તવિક હેતુ અલગ છે. ઈઝરાયેલ, જે ગાઝામાં હમાસ અને પછી ઈરાન સાથે લાંબા સમયથી યુદ્ધમાં સામેલ છે, તેને મજૂરોની તંગીનો સામનો કરવો પડી રહ્યો છે. ૨૦૨૩માં હમાસ દ્વારા શરૂ થયેલા આક્રમણથી શરૂ થયેલા સંઘર્ષોને કારણે તેના મોટા ભાગના કાર્યબળ ખાલી થઈ ગયા છે. યુદ્ધને કારણે નેપાળ અને થાઈલેન્ડ જેવા દેશોમાંથી સ્થળાંતરિત શ્રમિકોમાં ઘટાડો થવાથી પણ અર્થતંત્ર પર અસર પડી છે. બનેઈમેનાશે સમુદાયનું સ્થળાંતર તેના કાર્યબળને ફરીથી સરભર મદદ કરશે. ગેલીલી જેવા સરહદી વિસ્તારોમાં સમુદાયને સ્થાયી કરવાના ઈઝરાયેલી સરકારના પગલાને પણ આરબ-ઈઝરાયેલી વસ્તીને સંતુલિત કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે. હકીકતમાં, ૨૦૨૩માં ઈઝરાયેલ-હમાસ યુદ્ધની ચરમસીમાએ, મણિપુર અને મિઝોરમથી સ્થળાંતરિત થયેલા ૨૦૦થી વધુ બનેઈમેનાશે લોકો, ઈઝરાયેલી સૈન્ય સાથે મોરચા પર લડ્યા હતા. ભારતમાં જન્મેલા યહૂદીઓએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ સમુદાય માટે, આર્થિક પરિબળ પણ મહત્ત્વપૂર્ણ છે. મણિપુરમાં, મોટાભાગના સભ્યો ખેતરોમાં અથવા મજૂર તરીકે કામ કરે છે. જે લોકો ઈઝરાયેલમાં સ્થળાંતરિત થયા છે તેઓ ટ્રક ચલાવી રહ્યા છે અથવા બાંધકામ ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે, ભારતમાં લગભગ $૧,૨૦૦ની સરખામણીમાં લગભગ $૫૫,૦૦૦ કમાય છે. મણિપુરમાં મે ૨૦૨૩માં ફાટી નીકળેલા બહુમતી મેઈટીસ અને કુકી વચ્ચેના વંશીય અથડામણોએ તેમની આવકને વધુ અસર કરી છે. આજે પણ પરિસ્થિતિ તંગ છે. હાઓકિપે કહ્યું કે, અથડામણ પછી જીવન વધુ મુશ્કેલ બની ગયું છે. ઈઝરાયેલમાં પરિસ્થિતિ પણ સારી છે - જેમ કે શિક્ષણ. જોકે, ઈઝરાયેલમાં સ્થાયી થયેલા સમુદાયના લોકોએ જાતિવાદ અને આર્થિક મુશ્કેલીઓ જેવા વ્યાપક પડકારોની ફરિયાદ કરી છે. જાતિવાદ એક મુખ્ય મુદ્દો છે, સમુદાયના સભ્યોને તેમના વિશિષ્ટ દેખાવને કારણે ઘણીવાર ''ચીની'' તરીકે લેબલ કરવામાં આવે છે. આ લોકો માટે, ઈઝરાયેલની યાત્રા મહત્વપૂર્ણ છે. સમુદાયના એક સભ્ય, ડેનિયલ હેંગશિંગે NYTને જણાવ્યું કે, ભારત અમારું જન્મસ્થળ છે, પણ ઈઝરાયેલ અમારૂં ભાગ્ય છે. તે અમારી વચનબદ્ધ ભૂમિ છે. અમારે ત્યાં જવું પડશે.

# પશ્ચિમ બંગાળ ચૂંટણી ૨૦૨૬ : 'SIRને કારણે ડર ફેલાયો', કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ કહ્યું કે, લોકોએ તેમના અધિકારનું રક્ષણ કરવા માટે મતદાન કર્યું

## કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ જણાવ્યું હતું કે, ખાસ સઘન સુધારાને કારણે બંગાળમાં પ્રથમ તબક્કામાં મતદાનમાં વધારો થયો હતો, તેમણે કહ્યું હતું કે, લોકોએ પોતાના અધિકારોનું રક્ષણ કરવા માટે મતદાન કર્યું હતું, મતદાન ૯૨.૯% નોંધાયું હતું, મમતા બેનરજીએ તેને TMCની જીતનો સંકેત ગણાવ્યો હતો, જ્યારે ભાજપના નેતાઓએ તેને પરિવર્તનનો સંકેત ગણાવ્યો હતો

(એજન્સી) મુર્શિદાબાદ, તા.૨૪

પૂર્વ લોકસભા સાંસદ અને કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં રેકોર્ડ મતદાન માટે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR)ને આભારી છે.

'બંગાળમાં મતદાનમાં મોટી ભાગીદારી જોવા મળી. SIRને કારણે જે ડર પેદા થયો હતો તેના કારણે લોકોએ પોતાના અધિકારનું રક્ષણ કરવા માટે મતદાન કર્યું,' ચૌધરીએ જણાવ્યું.

અધીર રંજન ચૌધરી મુર્શિદાબાદ જિલ્લાની બહેરામપુર બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. આ બેઠક હાલમાં ભારતીય જનતા પાર્ટી પાસે છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં અધીર પૂર્વ ભારતીય ક્રિકેટર યુસુફ પઠાણ સામે હારી ગયા હતા, ત્યારબાદ તેમણે પ્રદેશ કોંગ્રેસના વડા પદેથી રાજીનામું આપ્યું હતું.

પ્રથમ તબક્કામાં મતદાન ૯૨.૯% નોંધાયું છે, જે ૧૯૪૭ પછી સૌથી વધુ છે.

કોલકાતામાં એક ચૂંટણી રેલીમાં મમતા બેનર્જીએ કહ્યું કે, 'બંગાળ ચૂંટણીના પહેલા તબક્કામાં અત્યાર સુધી મતદારોની સંખ્યા દર્શાવે છે કે, ટીએમસી જીતવાની સ્થિતિમાં છે. મને કોઈ પણ પદમાં રસ નથી, હું ફક્ત કેન્દ્રમાં ભાજપ સરકારનો અંત




ઈચ્છું છું.' બીજી તરફ, ગૃહમંત્રી અમિત શાહ અને પીએમ મોદીએ મતદાનના ઊંચા પ્રમાણને પરિવર્તનનો સંકેત ગણાવ્યો છે.

પીએમ મોદીએ મતદાનના પ્રથમ તબક્કામાં રેકોર્ડ મતદાનને લોકશાહીનો વિજય અને ચૂંટણી પ્રક્રિયામાં જનતાના મજબૂત વિશ્વાસનું પ્રતિબિંબ ગણાવ્યું છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં બીજા તબક્કાનું મતદાન ૨૯ એપ્રિલે યોજાશે અને આસામ, તમિલનાડુ, પુડુચેરી, કેરળ અને પશ્ચિમ બંગાળની મતગણતરી ૪ મેના રોજ થશે.

# કર્ણાટકની હિજાબ પહેરેલી સ્કૂલની વિદ્યાર્થિનીએ પોલીસને મળી આવેલી ૩ લાખ રૂપિયાની બેગ સોંપી

(એજન્સી) બીજાપુર, તા.૨૪

કર્ણાટકના બીજાપુર જિલ્લામાં રસ્તા પર મળેલી મોટી રકમની બેગ પાછી આપીને હિજાબ પહેરેલી એક શાળાની વિદ્યાર્થિનીએ પ્રામાણિકતાનું ઉદાહરણ બેસાડ્યું છે. સલમા તરીકે ઓળખાતી આ વિદ્યાર્થિની શાળાએથી ઘરે પરત ફરી રહી હતી ત્યારે તેણે રસ્તામાં એક બેગ બેફામ પડી હોવાનું જોયું. અહેવાલો અનુસાર, બેગમાં લગભગ ત્રણ લાખ રૂપિયા હતા. તેને રાખવાને બદલે, સલમા તરત જ બેગ નજીકના પોલીસ સ્ટેશન લઈ ગઈ. તેણીએ અધિકારીઓને વિનંતી કરી કે પૈસા તેના સાચા માલિકને પરત કરવામાં આવે. સલમાએ કહ્યું, 'કોઈના પૈસા સુરક્ષિત રીતે તેના માલિકને પરત કરવાની આપણી ફરજ છે.' સલમાની હાજરીમાં પોલીસ અધિકારીઓએ બેગની તપાસ કરી અને પુષ્ટિ કરી કે તેમાં ત્રણ લાખ રૂપિયા છે. અધિકારીઓએ તેના કાર્યની પ્રશંસા કરી અને તેને પ્રામાણિકતા અને જવાબદારીનું ઉદાહરણ ગણાવ્યું. એક પોલીસ અધિકારીએ કહ્યું, 'તેણીનું કાર્ય પ્રશંસનીય છે. તેણીએ નાની ઉંમરે ખૂબ જ પ્રામાણિકતા બતાવી.' પોલીસ સ્ટેશનમાં સલમાનો



## સલમા નામની છોકરીએ પોતાની પ્રામાણિકતા અને જવાબદારીની ભાવના માટે પોલીસ અને લોકો તરફથી પ્રશંસા મેળવી છે

ભાષણ આપતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેના વપરાશકર્તાઓ દ્વારા વ્યાપક પ્રશંસા કરવામાં આવી છે. ઘણા લોકોએ તેણીના કાર્યને પ્રામાણિકતા અને નાગરિક સમજણનું પ્રેરણાદાયક ઉદાહરણ ગણાવ્યું છે. સ્થાનિકો અને સોશિયલ મીડિયા વપરાશકર્તાઓએ મોટી રકમ રોકડ મળી હોવા છતાં લાલચમાં ન આવવા બદલ સલમાની પ્રશંસા કરી. ઘણા લોકોએ તેણીના કાર્યને મજબૂત નૈતિક મૂલ્યો અને સારા ઉછેરનું પ્રતિબિંબ ગણાવ્યું. પોલીસે પૈસાના સાચા માલિકને ઓળખવા માટે પગલાં શરૂ કર્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ચકાસણી પછી રકમ પરત કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. બીજાપુરમાં આ ઘટનાની વ્યાપક ચર્ચા પ્રામાણિકતા અને જવાબદાર વર્તનના ઉદાહરણ તરીકે થઈ છે, ખાસ કરીને વિદ્યાર્થીઓમાં અધિકારીઓ અને રહેવાસીઓએ જણાવ્યું હતું કે, આવી ક્રિયાઓ સમાજમાં વિશ્વાસ મજબૂત કરવામાં મદદ કરે છે.

# યુદ્ધવિરામ છતાં સંઘર્ષમાં ૭૨ કલાકમાં ૪૫ ઈઝરાયેલી સૈનિકો ઘાયલ થયા : આંકડો વધે છે

(એજન્સી) તા.૨૪

છેલ્લા ૭૨ કલાકમાં ૪૫ ઈઝરાયેલી સૈનિકો ઘાયલ થયા છે, જે ઈઝરાયેલ સાથે ચાલી રહેલા સંઘર્ષની શરૂઆતથી ઘાયલોની કુલ સંખ્યા ૭૩૫ પર પહોંચી ગઈ છે, સત્તાવાર લશ્કરી માહિતી અનુસાર.

ઈઝરાયેલી સેના દ્વારા જાહેર કરાયેલા આંકડા દર્શાવે છે કે, ઘાયલોમાંથી ૧૪૪ ગંભીર અથવા ગંભીર સ્થિતિમાં છે, જ્યારે ૧૪૯ સૈનિકો હજુ પણ તબીબી સારવાર હેઠળ છે.

તાજેતરના અપડેટમાં અગાઉ નોંધાયેલા ૬૯૦ ઘાયલોથી વધારો થયો છે, જો કે, સેનાએ સ્પષ્ટ કર્યું નથી કે, ઈરાન અને લેબેનોનને લગતા મોરચે યુદ્ધવિરામ હોવા છતાં આ તાજેતરની ઈજાઓ કેવી રીતે થઈ.

વ્યાપક સંઘર્ષના લેબેનોનમાં વિનાશક પરિણામો આવ્યા છે, જ્યાં ૨ માર્ચથી ઈઝરાયેલી લશ્કરી કાર્યવાહીમાં ૨૪૭૫થી વધુ લોકો માર્યા ગયા છે, લગભગ ૭૭૦૦ ઘાયલ થયા છે અને ૧૬ લાખથી વધુ



રહેવાસીઓ વિસ્થાપિત થયા છે.

દરમિયાન, ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે, વ્હાઈટ હાઉસ ખાતે યોજાયેલી ઉચ્ચ-સ્તરીય વાટાઘાટો બાદ ઈઝરાયેલ અને લેબેનોન યુદ્ધવિરામને ત્રણ અઠવાડિયા સુધી લંબાવવા સંમત થયા છે. વાટાઘાટોમાં બંને રાષ્ટ્રોના રાજદૂતોનો સમાવેશ થતો હતો અને તેનો હેતુ પ્રદેશમાં દુશ્મનાવટ ઘટાડવાનો હતો.

આ વધારો ૧૬ એપ્રિલના રોજ જાહેર કરાયેલા ૧૦ દિવસના યુદ્ધવિરામ બાદ કરવામાં આવ્યો છે. જો કે, અહેવાલો દર્શાવે છે કે, યુદ્ધવિરામનું વારંવાર ઉલ્લંઘન થયું છે, જેના કારણે તેની અસરકારકતા અને વધુ તણાવ વધવાની શક્યતા અંગે ચિંતાઓ ઊભી થઈ છે.

વડોદરામાં લોકશાહીનું મહાપર્વ : જિલ્લામાં ચૂંટણી માટે તમામ તૈયારીઓ પૂર્ણ

# ૨૧.૯૫ લાખથી વધુ મતદારો રવિવારે પોતાના મતાધિકારનો કરશે ઉપયોગ

## ૨૪૦૬ મતદાન મથકો પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૪

વડોદરા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ જામ્યો છે. રવિવાર, તા. ૨૬/૦૪/૨૦૨૬ના રોજ વડોદરા મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, ૮ તાલુકા પંચાયતો અને ૪ નગરપાલિકાઓ માટે મતદાન યોજાનાર છે. લોકશાહીના આ મહાપર્વમાં જિલ્લાના ૨૧,૯૫,૭૩૮ મતદારો પોતાના પ્રતિનિધિઓ ચૂંટવા માટે ઉત્સાહપૂર્વક તૈયાર છે. વહીવટી તંત્ર દ્વારા એક્સેસ કોન્ફરન્સ કરીને માહિતી આપવામાં આવી હતી.

ચૂંટણી તંત્રના સત્તાવાર આંકડા મુજબ, જિલ્લામાં કુલ મતદારોની સંખ્યા ૨૧,૯૫,૭૩૮ છે, જેમાં ૧૧,૧૬,૨૪૩ પુરૂષ, ૧૦,૭૯,૩૮૪ સ્ત્રી અને ૧૧૧ અન્ય મતદારોનો સમાવેશ થાય છે. આ તમામ મતદારોના મતદાન માટે જિલ્લામાં કુલ ૨૪૦૬ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. મતદારોને મતદાનમાં કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે ઝોનલ અધિકારીઓ દ્વારા તમામ મથકોની રૂબરૂ મુલાકાત લેવામાં આવી છે.

આ ચૂંટણી EVM દ્વારા યોજાનાર છે. ચૂંટણી માટે કુલ ૫૪૪૨ બેલેટ યુનિટ અને ૪૨૭૦ કંટ્રોલ યુનિટ ફાળવવામાં આવ્યા છે, જેમાં ૧૦% રિઝર્વ મશીનોનો પણ સમાવેશ થાય છે. ખાસ કરીને વડોદરા મહાનગરપાલિકા અને ડભોઈ નગરપાલિકામાં વધુ ઉમેદવારો હોવાથી ટેકનિકલ જરૂરિયાત મુજબ વિશેષ બેલેટ યુનિટની વ્યવસ્થા કરાઈ છે. મતદાન મથકો સુધી સામગ્રી પહોંચાડવા અને પરત લાવવા માટે સમગ્ર જિલ્લામાં ૧૮ ડિસ્પેચિંગ-રીસિવિંગ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ચૂંટણી પ્રક્રિયા સુચારૂ રીતે પાર પાડવા માટે ૫૦૪ વાહનોની વ્યવસ્થા કરવામાં આવી છે. ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ અને પોલીસ જવાનો માટેની મતદાન પ્રક્રિયા પણ સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. કુલ ૫૯૨૩ પોસ્ટલ બેલેટ ઈશ્યુ કરવામાં આવ્યા હતા, જેમાં ૨૯૫૨ જેટલા પોલીસ જવાનોનો સમાવેશ થાય છે, જેઓએ પહેલેથી જ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લીધો છે. ચૂંટણી પ્રક્રિયાને સફળ બનાવવા માટે કુલ ૧૩,૨૩૪ પોલિંગ સ્ટાફ અને ૭,૯૩૯ પોલીસ જવાનોની તૈનાતી કરવામાં આવી છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈપણ કટોકટી કે આકસ્મિક સંજોગોમાં તાત્કાલિક મદદ મળી રહે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે, જેનો નંબર ૦૨૬૫-૨૪૨૭૯૯૨ જાહેર કરવામાં આવ્યો છે.

### વડોદરા RTO કચેરી ૨૭ એપ્રિલે બંધ રહેશે

વડોદરા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (RTO) કચેરી દ્વારા જાહેર નોટિસ બહાર પાડવામાં આવી છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે, તા.૨૭એપ્રિલ ૨૦૨૬ (રવિવાર)ના રોજ કચેરીની તમામ કામગીરી બંધ રહેશે. મહાનગરપાલિકા, નગરપાલિકા અને પંચાયતની સામાન્ય ચૂંટણી ૨૦૨૬ અંતર્ગત RTO કચેરીનો સમગ્ર સ્ટાફ ચૂંટણીલક્ષી કામગીરીમાં ફાળવવામાં આવ્યો છે. જેના કારણે ડ્રાઈવિંગ લાયસન્સ, વાહન નોંધણી અને ચલણ સંબંધિત તમામ સેવાઓ ઉક્ત તારીખે ઉપલબ્ધ રહેશે નહીં. તા.૨૭એપ્રિલ ૨૦૨૬ના રોજ નિર્ધારિત ડ્રાઈવિંગ લાયસન્સ અને વાહન પોસ્ટ ટ્રાન્ઝેક્શન સંબંધિત તમામ એપોઈન્ટમેન્ટ રિશેડ્યૂલ કરવામાં આવી છે. સંબંધિત અરજદારોને તેમના નોંધાયેલ મોબાઇલ નંબર પર SMS દ્વારા નવી એપોઈન્ટમેન્ટની તારીખ અને સમયની જાણ કરવામાં આવશે. તા.૨૮ એપ્રિલ ૨૦૨૬થી RTO કચેરી રાબેતા મુજબ કાર્યરત થશે.

રિલાયન્સ સાથેની ભાગીદારીમાં TIME પ્રથમ વખત

# વિવિધ ક્ષેત્રના ૧૦૦ ઊભરતા ભારતીય આગેવાનોને સન્માનિત કરાશે

જામનગર, તા.૨૪

રિલાયન્સ સાથેની ભાગીદારીમાં ટાઈમ તેના 'TIME100 Next' ફ્રેન્ચાઈઝીની નવી આવૃત્તિ 'TIME100 Next India' લોન્ચ કરશે. આ પહેલ ભવિષ્યને આકાર આપી રહેલા કાર્યો કરતા અને વિઝન ધરાવતા ભારતીય લીડર્સની આગામી પેઢીને સન્માનિત કરશે. ગુરૂવારે ન્યૂયોર્કમાં આયોજિત વાર્ષિક TIME100 સમારંભ દરમિયાન સ્ટેજ પરથી ટાઈમના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર જેસિકા સિબલી અને રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક તથા ચેરપર્સન નીતા મુકેશ અંબાણી દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી. TIME100 Next Indiaની યાદી TIMEના સંપાદકો દ્વારા તૈયાર કરવામાં આવશે જેમાં કળા, વિજ્ઞાન, બિઝનેસ, સ્પોર્ટ્સ, એડવોકેસી અને અન્ય ક્ષેત્રોમાં ભારતનું ભવિષ્ય ઘડી રહેલા ભારત અને વિદેશમાં વસતા ભારતીયોના ૧૦૦ ઉભરતા આગેવાનોને સ્થાન આપવામાં આવશે. આ યાદી ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવશે અને ડિસેમ્બર ૨૦૨૬માં મુંબઈમાં નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર ખાતે 'TIME100 Next India Gala'માં તેની ઉજવણી કરવામાં આવશે. પ્રથમ 'TIME100 Next India' લિસ્ટ અને ગાલા સમારોહ વિશેની વધારાની વિગતો આગામી મહિનાઓમાં જાહેર કરવામાં આવશે.

# અંકલેશ્વરની લ્યુપીન હ્યુમન વેલ્ફેર એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન સાથે રૂા.૮.૫૦ લાખની છેતરપિંડી

અંકલેશ્વર, તા.૨૪

ભરૂચના ઝાડેશ્વર રોડ આવેલ અતિથિ બંગલોઝ ખાતે રહેતા ચિંતનસિંહ ભગવતસિંહ રાઠોડ લ્યુપીન કંપનીમાં હેડ એડમિનિસ્ટ્રેશન તરીકે ફરજ બજાવે છે. જેઓની કંપની દ્વારા લોક કલ્યાણ માટે લ્યુપીન હ્યુમન વેલ્ફેર એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન સંસ્થા સ્થાપવામાં આવી છે. જે માટે અશ્વિનકુમાર રાધાકૃષ્ણ જોશીને વહીવટ સોંપ્યો હતો પરંતુ તેઓ ગેરરીતિ આચરતા હોવાની જાણ થતાં તેઓને છુટા કરવામાં આવ્યા હતા. જે બાદ તેઓએ સંસ્થાની જાણ બહાર અલગ અલગ સ્થળોએથી રૂપિયા ૮.૫૦ લાખની વસ્તુઓ ખરીદી કરી સંસ્થા સાથે છેતરપિંડી કરી હતી. જે અંગે કંપનીના હેડ એડમિનિસ્ટ્રશને પોલીસ ફરિયાદ નોંધાવી છે. ત્યારે પોલીસે આરોપી અશ્વિન જોશીને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

# તમારા ઉમેદવારોને ઓળખો

## અંજાર નગરપાલિકા



**અંજાર** નગરપાલિકાના વોર્ડ નંબર-૭ના ભાજપના ઉમેદવાર આશિષ ચત્રભૂજ ઉદવાણી એમ.એ. પાર્ટ-૧ સુધી ભણેલા છે. વ્યવસાયે વેપારી છે. ૧૫ વર્ષનો રાજકીય અનુભવ ધરાવે છે. પ્રમુખ અંજાર શહેરના યુવા ભાજપ, મંત્રી કચ્છ જિલ્લા યુવા ભાજપ, ઉપપ્રમુખ અંજાર શહેર ભાજપ તરીકે કામ કરેલ છે. મંત્રી-અંજાર લોહાણા યુવક મંડળ, ટ્રસ્ટી અંજાર લોહાણા મહાજન, પ્રમુખ અંજાર ડિસ્ટ્રીકીટ એસોસિએશન, પ્રમુખ-ફેડરેશન અને કચ્છ ઝોન તરીકે કામગીરી કરે છે. ચૂંટણી લડવા પાછળનો ઉદ્દેશ્ય સમાજની સેવા કરવાનો છે. તેઓ ચૂંટાશે તો નગરપાલિકાને લગતી લોકોની સમસ્યા હલ કરશે. સર્વે સમાજને સાથે રાખી રાષ્ટ્રહિતના કાર્ય કરવા માંગે છે.



**અંજાર** નગરપાલિકાના વોર્ડ નંબર-૭ના ભાજપના ઉમેદવાર નિલેષભાઈ ગુષાએ સ્નાતક (બી.એ.) સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓ વ્યવસાયે આરટીઓ એજન્ટ છે. તેઓ ૧૯૯૫થી ભાજપ સાથે સંકળાયેલ છે. યુવા ભાજપ મંડળમાં કામ કરેલ હતું. મ્યુ. કાઉન્સિલર રહી ચૂકયા છે. અંજાર ગોસ્વામી સમાજમાં મંત્રી તરીકે કામ કરેલ. હાલ ગુજરાત મહામંડળમાં કચ્છમાં ઉપપ્રમુખ છે. અખિલ કચ્છ ગોસ્વામી સમાજમાં ૬ વર્ષ સેવા કરેલ છે. નગરપાલિકાના માધ્યમથી સરકારની યોજનાને લોકો સુધી પહોંચાડવાનો ઉદેશ્ય છે. નગરપાલિકાને લગતા સફાઈ, પાણી, ગટર, રોડલાઈટના કામે સત્વરે કરાવીશ તેમ જણાવ્યું હતું.



**અંજાર** નગરપાલિકાના વોર્ડ નંબર-૭ના ભાજપના ઉમેદવાર નીતાબેન પુનિતભાઈ ઠક્કર B.A.LLB સહિતની ડિગ્રી ધરાવે છે. ગત પાંચ વર્ષનો નગરસેવિકાનો અનુભવ ધરાવે છે. જરૂરિયાતમંદ લોકોની સેવા કરવાની ખેવના છે. ચૂંટણી લડવા પાછળનો ઉદ્દેશ્ય નગરપાલિકાના માધ્યમથી લોકોની સેવા કરવાની ઈચ્છા છે. તેઓ ચૂંટાશે તો નગરપાલિકાને લગતા પાણી, ગટર, રોડ, રોડલાઈટ જેવા પ્રાથમિક પ્રશ્નોને વાચા આપશે.



**અંજાર** નગરપાલિકાના વોર્ડ નંબર-૭ના ભાજપના ઉમેદવાર ફરીદાબેન મામદ કુંભાર (ઉભવાણી) ધોરણ-૧૦ સુધી ભણેલા છે. તેઓ પ્રથમ વખત ઉમેદવારી કરી રહ્યા છે. સમાજની દર સાલ સમુહ શાદીમાં મહિલા માટે ખાસ વ્યવસ્થા અને દેખભાળની જવાબદારી નિભાવે છે. ચૂંટણી લડયા બાદ વિસ્તારમાં ગટર, પાણી, લાઈટ સફાઈની સુવિધાનું ધ્યાન રાખશે. સરકારની યોજનાના લાભ લોકો સુધી પહોંચાડશે.

# પાળજ ગામના રિક્ષાચાલકની પ્રેમિકાના પતિ અને મિત્રએ કરી હત્યા

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૨૪



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકાના પાળજ ગામના રિક્ષાચાલક યુવાનની હત્યાનો ભેદ સોજીત્રા પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી નાખી પત્નીના પ્રેમીની કરપીણ હત્યા કરનાર આરોપીને ઝડપી પાડી હત્યાના ભેદનો પર્દાફાસ કર્યો હતો.

પાળજ ગામમાં રહેતો ગોપાલ જીકાભાઈ સોલંકી રીક્ષા ચલાવી પોતાનાં પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ગોપાલની હત્યા કરાયેલો મૃતદેહ મળતા સોજીત્રા પોલીસે ઘટના સ્થળે જઈ મૃતેદહને પોષ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો જેમાં ગોપાલને પેટના ભાગે લોંખડની પાઈપના ફટકા મારી તેમજ બેફામ માર મારવાના કારણે શરીરનું આંતરિક અંગ ફાટી જતા ગંભીર ઈજાઓ થતા મોત નિપજ્યું હોવાનો રિપોર્ટ આવતા પોલીસે પોતે ફરિયાદી બની હત્યાનો ગુનો નોંધી હત્યાની તપાસ હાથ ધરી હતી. પોલીસને માહિતી મળી હતી કે ડભોઉ ગામના નવદુર્ગા ચરામાં રહેતી પરિણિતા હંસાબેન સુરેશભાઈ તળપદા સાથે ગોપાલને પ્રેમસંબધ હતો અને તે અવારનવાર તેણીને મળવા પણ જતો હતો.

હંસાબેન અવાર-નવાર મોબાઈલ ફોન ઉપર પ્રેમી ગોપાલ સાથે વાતચીત કરતી હોય જેની જાણ પતિ સુરેશને થઈ હતી તેમજ ગોપાલ અવાર-નવાર રીક્ષા લઈ હંસાબેનને મળવા આવતા હોય જેથી સુરેસએ પોતાના મિત્ર વિજયભાઈ કનુભાઈ તળપદાની મદદથી ગોપાલની હત્યા કરવાની યોજના ઘડી હતી. વિજયએ ગોપાલને પાછળથી ગરદનના ભાગે લોંખડની પાઈપનો ફટકો મારતા ગોપાલ નીચે પડી ગયો હતો અને ત્યારબાદ બન્ને જણાએ લાકડાનાં દંડા અને લોખંડની પાઈપથી ફટકા મારી ગંભીર ઈજાઓ કરી સુરેશભાઈ રમેશભાઈ તળપદા તથા વિજયભાઈ કનુભાઈ તળપદા ને ડર લાગતા તેઓ ફરાર થઈ ગયા હતા પોલીસે હત્યાના આરોપી સુરેશભાઈ રમેશભાઈ તળપદા અને વિજયભાઈ કનુભાઈ તળપદાની હત્યાના ગુનામાં ધરપકડ કરી તેઓનાં રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

# રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની શુભકામના પાઠવતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

અમદાવાદ, તા.૨૪



ભારતના પાયાના સ્તરે અસ્તિત્વમાં રહેલી લોકશાહી અને સ્વ શાસનની સૌથી જૂની પ્રણાલી ગ્રામ પંચાયતોના દિવસ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સૌને શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે આ નિમિત્તે જણાવ્યું હતું કે ગામડાઓના સશક્તિકરણ દ્વારા જ સમૃદ્ધ અને મજબૂત ભારતના નિર્માણનું સ્વપ્ન શક્ય છે.જો ગ્રામજનો તેમના ગામોની પ્રગતિ માટે સરકાર સાથે મળીને કામ કરે અને દરેક શક્ય યોગદાન આપે, તો #NationalPanchayatiRajdayનો હેતુ સરળતાથી પૂર્ણ થશે. પંચાયતની ચૂંટણી છે અને "પંચાયતી રાજ દિવસ" છે. વધુમાં વધુ મતદાન કરી દિવસને યાદગાર અને સાર્થક બનાવીએ. એમ વધુમાં તેમણે જણાવ્યું હતું.

આંકલાવના અંબાવની ઘટના

# અસક્ષમ યુવતી ઉપર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવનાર યુવકની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૨૪

આંકલાવ તાલુકાના અંબાવ ગામમાં શારીરિક રીતે અસક્ષમ યુવતી ઉપર બળજબરીથી દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવનાર પરિણીત યુવકની આંકલાવ પોલીસે ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની તજવીજ હાથ ધરી છે.મળતી વિગતો અનુસાર અંબાવ ગામમાં રહેતાં અજય પઢિયાર નામના યુવકે નજીકમાં રહેતી ૨૧ વર્ષની યુવતી જે શારીરિક રીતે અસક્ષમ હોવાનું જાણવા છતાં મીઠી-મીઠી વાતો કરીને પોતાની પ્રેમ જાળમાં ફસાવી હતી. તક મળતાં જ અજય પઢીયારે આજથી આશરે સાડા ચારેક માસ પહેલાં રાત્રીના દોઢેક વાગ્યાના સમયે યુવતીને એકાંત જગ્યાએ બોલાવીને તેણીની મરજી વિરૂદ્ધ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. જેને લઈને યુવતીને ચારેક માસનો ગર્ભ રહી જવા પામ્યો હતો. આ બાબતની જાણ યુવતીના પરિવારજનોને થતાં તેઓ ચોંકી ઉઠ્યા હતાં અને પોતાની પુત્રીની પ્રેમપૂર્વક પૂછપરછ કરતાં તેણીએ સઘળી હકીકત જણાવી હતી. જેને લઈને પરિવારજનોએ આંકલાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અલ્પેશ પઢિયાર વિરૂદ્ધ ગુનો નોંધીને શુક્રવારે તેની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

# સાબરમતી નદીના વધતા પ્રદૂષણ મુદ્દે હાઈકોર્ટની GPCB અને CPCBને ટકોર

CETPના પાલન અંગે અલ્ટીમેટમ

**'નદી શુદ્ધિકરણ મામલે સોંગદનામામાં લખેલા 'નથિંગ ઈઝ પોસિબલ' જેવા વાકયો તાત્કાલિક હટાવી દો'**

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૨૪

સાબરમતી નદીના વધતા પ્રદૂષણ મામલે ચાલી રહેલી સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે શુક્રવારે અત્યંત કડક વલણ અપનાવ્યું હતું. ચીફ જસ્ટિસની ખંડપીઠે જીપીસીબી (GPCB) અને સીપીસીબી (CPCB)ને સ્પષ્ટ શબ્દોમાં ટકોર કરી છે કે, નદી શુદ્ધિકરણ મામલે તમારા સોગંદનામામાં જે 'નથિંગ ઈઝ પોસિબલ' (કંઈ પણ શક્ય નથી) જેવા વાક્યો લખ્યા છે તેને તાત્કાલિક હટાવી દો. કોર્ટે અવલોકન કર્યું હતું કે આપણે સૌ જાણીએ છીએ કે ૧૦૦ ટકા કામ કરી શકવાના નથી, પરંતુ તેનો અર્થ એ નથી કે પ્રયાસો જ છોડી દેવાય. હાઈકોર્ટે જણાવ્યું હતું કે નદીના પ્રદૂષણને લઈને વર્તમાન સ્થિતિ બિલકુલ સારી નથી. જો ઔદ્યોગિક એકમો, જીપીસીબી, મ્યુનિસિપલ કોર્પોરેશન અને ખાનગી સીઈટીપી (CETP) આ તમામ સંસ્થાઓ એક જ લક્ષ્ય સાથે કામ કરશે, તો જ સ્થિતિમાં સુધારો આવવો શક્ય છે. સુનાવણી દરમિયાન જીપીસીબીએ સ્વીકાર્યું હતું કે શહેરના એક પણ સીઈટીપી હાલમાં નિયમોનું સંપૂર્ણ પાલન કરી રહ્યા નથી. આ બાબતે કોર્ટે આકરું વલણ અપનાવતા કહ્યું કે, જો જીપીસીબીની આ વાત ખોટી હોય તો તેને સોગંદનામા પર સાબિત કરવી પડશે. કોર્ટ કોઈ પણ પક્ષની મૌખિક દલીલોને ગ્રાહ્ય રાખશે નહીં. જીપીસીબીની રજૂઆત મુજબ સીઈટીપીની જવાબદારી કોર્ટે નક્કી કરી હોવા છતાં ખાનગી સીઈટીપી નિયમોનું પાલન કરતા નથી. પાલન અંગે 'સંપૂર્ણ પાલન', 'આંશિક પાલન' અને 'પાલન નહીં કરનાર' એમ ત્રણ કેટેગરી બનાવવામાં આવી છે. હાલમાં ૭ સીઈટીપી પૈકી ૨ સીઈટીપી એવા છે જે આંશિક પાલન પણ કરી રહ્યા નથી. હાઈકોર્ટે સ્પષ્ટ અલ્ટીમેટમ આપતા કહ્યું છે કે જો સીઈટીપી દ્વારા નિયમોનું પાલન કરવામાં નહીં આવે, તો તેમની સામે અત્યંત આકરાં પગલાં લેવામાં આવશે. કોર્ટે હવે આ કેસની વધુ સુનાવણી ૧૯ જૂન પર મુલતવી રાખી છે. ત્યાં સુધીમાં તમામ સંબંધિત પક્ષોએ નિયમ પાલન અંગેની સ્પષ્ટતા અને કામગીરીનો અહેવાલ રજૂ કરવો પડશે.

# વધુ લોકો એકઠા થતાં સિંહ શિકાર મૂકી બાળકી પાછળ દોડ્યો : વીડિયો વાયરલ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૪

સૌરાષ્ટ્ર પંથક એ સિંહનું ઘર ગણાય છે અને અવાર-નવાર ગ્રામજનોને સિંહ રસ્તામાં તેમજ ઘર આંગણે જોવા મળતો હોય છે, ત્યારે જૂનાગઢના ગીરના ગામડાઓમાં સિંહનો વધુ વસવાટ છે, એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે જેમાં સિંહ શિકારની મીજબાની માણી રહ્યો હોય છે અને લોકો વધુ ભેગા થતાં તે શિકાર મૂકીને ભાગ્યો હતો.

જૂનાગઢના ગીરના ગામડાનો વીડિયો વાયરલ થયો છે જેમાં ગામના લોકોની પરવા કર્યા વિના સિંહ શિકારની મીજબાની માણી રહ્યો હતો ત્યારે ગામના

### દોડતા દોડતા એક ગલીમાં ઘૂસી જતા બાળકીનો બચાવ થયો

રહેવાસીઓ મીજબાનીનો વીડિયો મોબાઈલમાં કેદ કરી રહ્યા હતા અને વધુ લોકો એકઠા થઈ જતા સિંહનો મીજાજ બગડ્યો અને તે શિકાર છોડીને નાની બાળકી પાછળ દોડ્યો હતો, બાળકી પોતાનો બચાવ કરવા માટે દોડીને ગામની એક ગલીમાં જતી રહી હતી અને મારણ પર બેઠેલા સિંહને ખલેલ પહોંચતા બાળકી પાછળ દોટ મૂકી હોવાનું અનુમાન ગ્રામજનોનું છે.

તો સમગ્ર ઘટનાની વાત કરીએ તો એક સાથે વધુ લોકો ભેગા થતા સિંહને પણ શિકારની મીજબાની માણવામાં તકલીફ પડી હોય તેવું માની શકાય, જે રીતનો વીડિયો છે અને તેને જોઈને લાગી રહ્યું છે કે, કોઈએ સિંહને છંછેડયો નથી પણ એક જગ્યાએ એક કરતા વધારે લોકો ભેગા થતા સિંહ અકળાયો હતો અને દોડ મૂકી હતી, આમ તો ઘણા સીસીટીવી એવા પણ સામે આવ્યા છે કે, જેમાં જોવા મળ્યું છે કે, ગામની શેરીમાં સિંહ મોડી રાત્રે પ્રવેશ કરતો હોય છે અને મારણ કરતો હોય છે, ગીરના જંગલોમાં પણ સિંહનો સૌથી વધુ વસવાટ છે.

# કોડીનારમાં ૧૦ વર્ષથી ચાલતી પાણીની ચોરી ઝડપાઈ

(સંવાદદાતા દ્વારા)
કોડીનાર, તા.૨૪

જાહેર જનતાના પીવાના પાણી પર તરાપ મારી પોતાના અંગત સ્વાર્થ માટે સરકારી મિલકતને નુકસાન પહોંચાડી છેલ્લા એક દાયકાથી પાણીની ચોરી કરતા શખ્સને કોડીનાર પોલીસે ઝડપી પાડ્યો છે. ગુજરાત પાણી પુરવઠા બોર્ડની ફરિયાદના આધારે પોલીસે ગોહીલની ખાણ ગામના ભીખા કાળા ગોહિલ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કોડીનાર તાલુકાના ઘાંટવડથી મૂળદ્વારકા તરફ જતી પાણી પુરવઠા બોર્ડની ૧૮૦ એમ.એમ.ની મુખ્ય પાઈપલાઈનમાં ગેરકાયદેસર જોડાણ કરી પાણીની ચોરી થતી હોવાની ફરિયાદ વિભાગને મળી હતી.

પ્રાથમિક તપાસમાં નિષ્ફળતા મળ્યા બાદ, ૨૩ એપ્રિલના રોજ ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર વિશાલભાઈ ભાટુ અને અન્ય સ્ટાફ દ્વારા શંકાસ્પદ સ્થળોએ જેસીબીની મદદથી ઊંડું ખોદાણ કરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે મુખ્ય લાઈન તોડીને તેમાં ૧ ઈંચની ગેરકાયદેસર એચ.ડી.પી.ઈ. પાઈપ જોડવામાં આવી હતી. આ પાઈપ લાઈન અન્ય ખેતરોમાંથી પસાર કરી ભીખાભાઈ કાળાભાઈ ગોહીલ (રહે. ગોહીલની ખાણ)ના ખેતર સુધી લઈ જવામાં આવી હતી. તપાસ ટુકડી પહોંચતા આરોપીએ પાઈપના છેડે એન.કેપ (બુચ) મારી પુરાવા છુપાવવાનો પ્રયાસ કર્યો હતો, જે પકડાઈ ગયો હતો.

વિભાગીય તપાસ અને આજુબાજુના લોકોની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ ગેરકાયદેસર કનેક્શન છેલ્લા ૧૦ વર્ષથી કાર્યરત હોવાનું અનુમાન છે. આ સમયગાળા દરમિયાન આશરે ૧૫૧ મિલિયન લીટર (ML) પાણીની ચોરી કરવામાં આવી છે, જેની અંદાજિત કિંમત રૂા.૩,૦૨,૦૦૦/- અંકે રૂપિયા ત્રણ લાખ જેવી થાય છે. જેથી પાણી પુરવઠા વિભાગના અધિકારી દિલીપભાઈ ખોખરીએ કોડીનાર પોલીસ મથકે રૂબરૂ આવી ફરિયાદ નોંધાવતા પોલીસે પાણી ચોરી કરનાર ભીખા કાળા ગોહીલ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# વડોદરામાં સોનીએ ગળેફાંસો ખાધો

## આર્થિક સંકડામણના કારણે આપઘાત કર્યો હોવાની શક્યતા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૪

વડોદરાના ઘડિયાળી પોળના સોનીએ આસોજ ગામ નજીક આવેલા તળાવ પાસે ઝાડ પર દોરડું બાંધીને ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આર્થિક સંકડામણના કારણે આપઘાત કર્યો હોવાની શક્યતા હાલની પોલીસ તપાસ દરમિયાન જણાઈ આવી છે.પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મૂળ પશ્ચિમ બંગાળના અને હાલ બરાનપુરા મહાવીર વાટીકા ફ્લેટમાં રહેતા અમિતભાઈ જયોદેવ પોલ (ઉ.વ.૩૫) ઘડિયાળી પોળમાં સોનાની દુકાન ચલાવે છે. તે ઉપરાંત તળાવ ભાડે રાખી માછલી ઉછેરનો પણ ધંધો તેઓ કરે છે. ગઈકાલે સાંજે પત્નીને એવું કહીને નીકળ્યા હતા કે, હું દુકાન જઈને આવું છું. ત્યારબાદ રાત્રે આઠ વાગ્યે પત્ની સાથે વાત કરી હતી કે, હું કામ પતાવીને આવું છું. સવાર સુધી તેઓ નહીં આવતા તેમજ મોબાઈલ ફોન બંધ આવતા પત્નીએ પતિના બિઝનેસ પાર્ટનરને કોલ કરતા તેમણે કહ્યું હતું કે, રાત્રે અમારે વાત થઈ હતી તે મુજબ, અમિતભાઈ આસોજ નજીક આવેલા તળાવ પર ગયા હતા. જેથી, પત્ની અને પરિવારજનો તપાસ કરવા ત્યાં ગયા ત્યારે અમિતભાઈ ઝાડ પર ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. મંજુસર પોલીસે આ અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પત્નીએ પોલીસને જણાવ્યું હતું કે, અમારે ઘર અને ફોર વ્હિલરની લોન ચાલે છે.

# અમરેલી જિલ્લામાં પાલિકા ચૂંટણીમાં જંગ જામ્યો ૧૭૪ બેઠકો માટે ૪૬૧ ઉમેદવારો મેદાનમાં

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાં નગરપાલિકા ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. કુલ ૧૮૪ બેઠકોમાંથી ૧૦ બેઠકો ભાજપ બિનહરીફ જીતતા હવે ૧૭૪ બેઠકો માટે ૪૬૧ ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉતર્યા છે.

અમરેલી નગરપાલિકાની ૪૪ બેઠકોમાંથી ૩ બેઠકો ભાજપ બિનહરીફ જીતતા હવે ૪૧ બેઠકો માટે ૧૦૯ ઉમેદવારો મેદાનમાં છે, જેમાં ભાજપના ૪૧ અને કોંગ્રેસના ૩૮ ઉમેદવારો મુખ્ય હરીફ તરીકે સામે છે.સાવરકુંડલા નગરપાલિકાની ૩૬ બેઠકો માટે ૯૯ ઉમેદવારો, બગસરાની ૨૮ બેઠકો માટે ૮૩ ઉમેદવારો અને બાબરાની ૨૪ બેઠકો માટે ૬૮ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામ્યો છે.

ધારી નગરપાલિકામાં પ્રથમ વખત ચૂંટણી યોજાઈ રહી છે, જ્યાં ૨૮ બેઠકોમાંથી ૪ બેઠકો ભાજપ બિનહરીફ જીતતા હવે ૨૪ બેઠકો માટે ૫૫ ઉમેદવારો મેદાનમાં છે. જ્યારે દામનગર નગરપાલિકાની ૨૪ બેઠકોમાંથી ૩ બેઠકો ભાજપ બિનહરીફ થતા હવે ૨૧ બેઠકો માટે ૪૭ ઉમેદવારો વચ્ચે સ્પર્ધા છે.

નગરપાલિકા ચૂંટણીમાં પક્ષવાર ઉમેદવારોની વાત કરીએ તો ભાજપના ૧૭૪, કોંગ્રેસના ૧૪૪, બહુજન સમાજ પાર્ટીના ૪, આમ આદમી પાર્ટીના ૧૨૭ અને અપક્ષના ૧૧ ઉમેદવારો સહિત કુલ ૪૬૧ ઉમેદવારો મેદાનમાં છે. કુલ ૨,૧૦,૬૭૭ મતદારો આવતીકાલે પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં પણ ભારે રસાકસી જોવા મળી રહી છે. જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો માટે ૧૦૩ ઉમેદવારો અને તાલુકા પંચાયતની ૧૮૪ બેઠકો માટે ૫૫૩ ઉમેદવારો મેદાનમાં છે. જિલ્લાની આ ચૂંટણીમાં તાલુકા અને જિલ્લા પંચાયત માટે કુલ ૮,૬૪,૮૭૭ મતદારો ૧૦૯૩ મતદાન મથકો ઉપર મતદાન કરશે. સમગ્ર જિલ્લામાં ચૂંટણીને લઈને ઉત્સાહ સાથે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે.

# પ્રભાસ પાટણ પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજાઈ



ગીર સોમનાથ જિલ્લા એસપી જયદીપ સિંહ જાડેજાની સુચના મુજબ અને પ્રભાસ પાટણ પોલીસ ઈન્સ્પેક્ટર. એમ કે વરાણકાની સુચનાથી પોલીસ સ્ટેશન સ્ટાફ, ડી સ્ટાફ, હોમગાર્ડ જવાનો અને ટ્રાફિક પોલીસ દ્વારા આગામી ચૂંટણીઓને લઈ ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી આ ફ્લેગ માર્ચ સોમનાથ વિસ્તારથી લઈને રામરાખ ચોક દુધ માર્કેટ ચોક મેઈન બજાર ધાચી વાડા કોળી વાડા ચોગાન ચોક થી લઈને શીવ પોલીસ સ્ટેશન સુધી યોજવામાં આવી હતી આ ફ્લેગ માર્ચમાં પ્રભાસ પાટણના નવનિયુક્ત ઈન્સ્પેકટર વરાણકા તથા પી.એસ.આઈ. ડી સ્ટાફ તથા પોલીસ કોન્સ્ટેબલ તથા ટ્રાફિક પોલીસ અને હોમગાર્ડ જવાનોને સાથે રાખી ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી.

# મેન્યુઅલ સ્કેવેન્જિંગ મુદ્દે હાઈકોર્ટની લાલ આંખ ગટર સફાઈમાં ટેક્નોલોજીનો વ્યાપ વધારવા અને સામાજિક સંવેદનશીલતા કેળવવા પર ભાર

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૪

ગુજરાત હાઈકોર્ટમાં મેન્યુઅલ સ્કેવેન્જિંગ એટલે કે માનવ દ્વારા ગટર સફાઈની પ્રથા નાબૂદ કરવા અંગેની અરજી પર મહત્વની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સુનાવણી દરમિયાન અદાલતે અત્યંત કડક વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું હતું કે આ ગંભીર મુદ્દે માત્ર સરકારી પ્રયાસો પૂરતા નથી, પરંતુ સમાજમાં પણ વ્યાપક સંવેદનશીલતા હોવી અનિવાર્ય છે. હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે ગટર સફાઈ દરમિયાન થતા શ્રમિકોના મૃત્યુ એ લોકશાહી અને માનવતા માટે ચિંતાનો વિષય છે.રાજ્ય સરકાર વતી કોર્ટમાં રજૂ કરવામાં આવેલી વિગતો અનુસાર, ગટર સફાઈની પ્રક્રિયાને સંપૂર્ણપણે મશીન આધારિત બનાવવા માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. આધુનિકરણના ભાગરૂપે રાજ્યમાં નવા ૪૯ જેટિંગ મશીનો અને ૧૦૨ ડિસિલ્ટિંગ મશીનો વસાવવામાં આવ્યા છે. આ મશીનોની મદદથી ગટરોમાં જામી ગયેલો કચરો અને ગંદકી માનવીય હસ્તક્ષેપ વગર સાફ કરી શકાશે, જેથી સફાઈ કામદારોએ જોખમી ગટરોમાં ઉતરવું નહીં પડે.

કોર્ટે આ સુનાવણીમાં એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે કાયદાકીય પ્રતિબંધ હોવા છતાં જો કોઈ વ્યક્તિ કે સંસ્થા શ્રમિકોને ગટરમાં ઉતારવા મજબૂર કરે છે, તો તેમની સામે કડક પગલાં લેવાવા જોઈએ. ટેકનોલોજીના માધ્યમથી સફાઈ અભિયાનને વધુ સુરક્ષિત બનાવવાના સરકારના આ નિર્ણયને કોર્ટે આવકાર્યો હતો, પરંતુ સાથે જ નિર્દેશ આપ્યો હતો કે આ મશીનરીનો પ્રત્યક્ષ ઉપયોગ દરેક નગરપાલિકા અને મહાનગરપાલિકા સ્તરે સુનિશ્ચિત કરવામાં આવે.આગામી દિવસોમાં આ મશીનોના ઉપયોગથી મેન્યુઅલ સ્કેવેન્જિંગની પ્રથા પર લગામ લાગશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. રાજયમાં સેનિટેશન સુવિધાઓને ડિજિટલ અને મિકેનાઈઝ્ડ બનાવવા માટે સરકાર વધુ રોકાણ કરી રહી છે, જેથી ભવિષ્યમાં ગટર સફાઈ સાથે જોડાયેલી દુર્ઘટનાઓને શૂન્ય પર લાવી શકાય. હાઈકોર્ટે સમગ્ર મામલે થયેલી પ્રગતિનો અહેવાલ પણ આગામી સમયમાં રજૂ કરવા સૂચના આપી છે.

# મતદાનની ટકાવારી વધી હોવા છતાં ૨૦૨૬માં મતોના વાસ્તવિક આંકડામાં ઘટાડો થયો છે : ડેરેક ઓ'બ્રાયન



**તૃણમૂલના આ નેતા કહે છે કે, બંગાળના પ્રથમ તબક્કામાં મતદાનની ટકાવારી વધુ હોવા છતાં કુલ મતદાન ઘટ્યું છે, ૨૦૨૬માં મતદાનની ટકાવારી વધુ હતી પરંતુ ૨૦૨૧ની ચૂંટણીઓની તુલનામાં મતોની વાસ્તવિક સંખ્યામાં થોડો ઘટાડો થયો હતો**

(એજન્સી) તા.૨૪

ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસના નેતા ડેરેક ઓ'બ્રાયને શુક્રવારે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ પર પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં નોંધાયેલા ઉચ્ચ મતદાનની આસપાસ 'બનાવટી વાર્તા' બનાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. ઓ'બ્રાયને દલીલ કરી હતી કે, ૨૦૨૬માં મતદાનની ટકાવારી વધુ હતી પરંતુ ૨૦૨૧ની ચૂંટણીઓની તુલનામાં મતોની વાસ્તવિક સંખ્યામાં થોડો ઘટાડો થયો હતો.

તેમણે કહ્યું કે, ૨૦૨૧માં પ્રથમ તબક્કામાં મતદાન થયેલા ૧૫૨ મતવિસ્તારોમાં લગભગ ૩.૬૭ કરોડ મતદારો હતા, જેમાંથી આશરે ૩.૧૦ કરોડ મતદાન કર્યું હતું, જેના પરિણામે લગભગ ૮૪ ટકા મતદાન થયું હતું. તેનાથી વિપરીત મતદાર યાદીના ખાસ સઘન સુધારા પછી, ૨૦૨૬માં કુલ મતદારો ઘટીને લગભગ ૩.૩૩ કરોડ થયા, જેમાં ૩.૦૯ કરોડ મતદાન થયું - જે લગભગ ૯૨.૭ ટકા મતદાન થયું છે. ઓ'બ્રાયનના મતે આ એ સૂચવે છે કે, ઊંચી ટકાવારી હોવા છતાં ૨૦૨૬માં કુલ મતદાનની સંખ્યા ૮૩,૦૦૦થી વધુ ઓછી હતી. તેમણે મતદાન ટકાવારીમાં વધારો થવાનું કારણ ભાગીદારીમાં વધારો થવાને બદલે નોંધાયેલા મતદારોની સંખ્યામાં ઘટાડો થયો છે.

કોલકાતામાં એક પત્રકાર પરિષદમાં બોલતા શાહે કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળના મતદારોએ 'બધા રેકોર્ડ તોડી નાખ્યા છે' અને પરિવર્તન માટે જોરદાર ઉત્સાહ દર્શાવ્યો છે, જેમાં ૯૨ ટકાથી વધુ મતદાન થયું છે.

ઓ'બ્રાયને નરેન્દ્ર મોદી પર પણ નિશાન સાધ્યું હતું અને પડકાર ફેંક્યો હતો કે, જો ૪ મેના રોજ પરિણામો જાહેર થાય ત્યારે મમતા બેનરજીના નેતૃત્વ હેઠળની તૃણમૂલ કોંગ્રેસ સત્તા જાળવી રાખે તો રાજીનામું આપી દેવું જોઈએ. આ દરમિયાન શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ભારતીય જનતા પાર્ટી રાજ્યમાં બહુમતી મેળવશે અને આગાહી કરી હતી કે, તે પ્રથમ તબક્કામાં લડવામાં આવેલી ૧૫૨ બેઠકોમાંથી ૧૧૦થી વધુ બેઠકો જીતશે. પશ્ચિમ બંગાળમાં બાકીની ૧૪૨ બેઠકો પર ૨૯ એપ્રિલે મતદાન થવાનું છે અને ગણતરી મેની શરૂઆતમાં થશે.

# બિહાર વિધાનસભામાં સમ્રાટ ચૌધરીની સરકારે વિશ્વાસ મત જીત્યો

**૨૪૩ સભ્યોની વિધાનસભામાં ધ્વનિ મત દ્વારા આ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો, જ્યાં ભાજપની આગેવાની હેઠળની NDA પાસે ૨૦૨ બેઠકો છે**



(એજન્સી) તા.૨૪

મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીની આગેવાની હેઠળની NDA સરકારે શુક્રવારે બિહાર વિધાનસભામાં ધ્વનિ મત દ્વારા વિશ્વાસ મત જીત્યો. વિધાનસભા અધ્યક્ષ પ્રેમ કુમારે ગૃહમાં વિશ્વાસ પ્રસ્તાવ જીતવા બદલ નવી સરકારને અભિનંદન આપ્યા. મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ ૧૯૯૦ના દાયકાના અંતમાં તેમની રાજકીય કારકિર્દી શરૂ કરી હતી જ્યારે તેમને ૧૯૯૯માં તત્કાલીન મુખ્યમંત્રી રાબડી દેવીના નેતૃત્વ હેઠળની RJD સરકારમાં મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે, સમ્રાટ ચૌધરીએ RJD નેતા તેજસ્વી પ્રસાદ યાદવના આરોપનો વિરોધ કર્યો હતો કે, તેઓ 'લાલુ પાઠશાળા'નું ઉત્પાદન છે. સમ્રાટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સત્તા કોઈની વ્યક્તિગત જાગીર નથી. "અહીં કોઈ સીધું વર્ગખંડમાંથી બહાર આવતું નથી. હું કહીશ કે, જો લાલુજીએ મને જેલમાં ન નાખ્યો હોત, તો હું રાજકારણમાં જોડાયો ન હોત અને મુખ્યમંત્રી ન બન્યો હોત. લાલુજીએ મારા પરિવારના ૨૨ સભ્યોને બળજબરીથી કેદ કર્યા હોત. બાદમાં, લાલુજીએ મિલર સ્કૂલના મેદાનમાં જાહેરમાં માફી માંગી, સ્વીકાર્યું કે તેમણે ભૂલ કરી છે," તેમણે દલીલ કરી. "જ્યારે પણ તમે વ્યક્તિગત હુમલો કરો છો, ત્યારે તમારે વ્યક્તિગત જવાબનો સામનો કરવા માટે તૈયાર રહેવું જોઈએ. મેં લાલુ પ્રસાદજી સાથે પણ કામ કર્યું છે. તે લાલુજી હતા જેમણે સંઘ સમક્ષ સૌ પ્રથમ નમન કર્યું," તેમણે ટિપ્પણી કરી. આ દરમિયાન, "હું એ વાતનો ઈન્કાર કરતો નથી કે નીતિશ કુમારની ઈચ્છા હતી કે હું બિહારનો મુખ્યમંત્રી બનું," તેમણે કહ્યું. તેમણે ઉમેર્યું કે, NDA ૨૦ વર્ષથી બિહારમાં સત્તામાં છે, ખેડૂતો અને મહિલાઓના કલ્યાણને પ્રાથમિકતા આપે છે અને સુશાસન સ્થાપિત કરવા માટે અથાક મહેનત કરે છે. "આપણા નેતા, નીતિશ કુમાર, સમૃદ્ધ બિહારની કલ્પના કરે છે," તેમણે નોંધ્યું. તેમણે દલીલ કરી હતી કે મુખ્યમંત્રી પદ બિહારના ૧૪ કરોડ લોકો દ્વારા તેમને મળેલ આશીર્વાદ છે. તેમણે એમ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સમગ્ર NDA એક છે અને વિપક્ષો મીડિયાના એક વર્ગની અટકળો, અનુમાન અને કથાઓથી મૂંઝવણમાં ન આવવું જોઈએ. તેમણે એ પણ ભાર મૂક્યો હતો કે, 'ટ્રિપલ સી' ભ્રષ્ટાચાર, ગુના અને સામ્યવાદ પર કોઈ સમાધાન થશે નહીં. આ અગાઉ, વિપક્ષના નેતા તેજસ્વી પ્રસાદ યાદવે દાવો કર્યો હતો કે, જો ભાજપે અગાઉ નક્કી કર્યું હોત કે મુખ્યમંત્રી તેમના પોતાનામાંથી જ હશે તો આ ખાસ સત્રની કોઈ જરૂર ન હોત. નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિંહાએ કહ્યું હતું કે, નવી સરકાર પૂર્વ મુખ્યમંત્રી અને જેડી(યુ) સુપ્રીમો નીતિશ કુમારના માર્ગદર્શન હેઠળ કામ કરશે. વિજય કુમાર સિંહાએ કહ્યું હતું કે, નીતિશ રાજ્યસભાના સાંસદ બન્યા હોવા છતાં તેઓ બિહારમાં વધુ સમય વિતાવશે અને રાજ્યના વિકાસ કાર્યો પર નજર રાખશે.

# માસ્ક પહેરેલા લોકોએ ઘરમાં ગોળીબાર કરતાં કોંગ્રેસ નેતાના પુત્રનું મોત, બીજો ઘાયલ

**ત્રણ સશસ્ત્ર હુમલાખોરોએ જાંજગીર-ચંપા નિવાસસ્થાને હુમલો કર્યો, ૧૯ વર્ષીય યુવકની હત્યા અને તેના ભાઈને ઈજા પહોંચાડી; પોલીસે શોધખોળ શરૂ કરી અને અનેક પાસાઓ પર તપાસ શરૂ કરી**

(એજન્સી) તા.૨૪

પીટીઆઈ અનુસાર, શુક્રવારે છત્તીસગઢના જાંજગીર-ચંપા જિલ્લામાં ત્રણ માસ્ક પહેરેલા લોકોએ કથિત રીતે તેમના ઘરમાં ઘૂસીને ગોળીબાર કર્યો જેમાં સ્થાનિક કોંગ્રેસ નેતાના પુત્રનું મોત થયું અને બીજો ઘાયલ થયો. અધિકારીઓએ જણાવ્યું કે, બિરા પોલીસ સ્ટેશન હદ હેઠળના કરહી ગામમાં આ ઘટના રાત્રે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ બની હતી. જાંજગીર-ચંપા અધિક પોલીસ અધિક્ષક ઉમેશ કશ્યપે પીટીઆઈને જણાવ્યું કે, હુમલાખોરો મોટરસાઈકલ પર આવ્યા હતા અને સિમેન્ટ-રેતીના વેપારી અને કોંગ્રેસ બ્લોક યુનિટના પૂર્વ ઉપપ્રમુખ સમેલાલ કશ્યપના નિવાસસ્થાને ઘૂસી ગયા હતા. ત્યારબાદ હુમલાખોરોએ તેમના બે પુત્રો પર ગોળીબાર કર્યો. આયુષ કશ્યપ (૧૯)ને છાતીમાં બે ગોળી વાગી હતી અને તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, જ્યારે તેમના નાના ભાઈ આશુતોષ (૧૬)ને હાથમાં ગોળી વાગી હતી અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. તેમની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે સમગ્ર વિસ્તારમાં બેરિકેડ અને ચેકપોસ્ટ ગોઠવીને મોટા પાયે શોધખોળ શરૂ કરી છે. નજીકના જિલ્લાઓને એલર્ટ કરવામાં આવ્યા છે અને ફોરેન્સિક અને સાયબર ટીમોને વિસ્તારમાંથી સીસીટીવી ફૂટેજ તપાસવા માટે તૈનાત કરવામાં આવી છે. હુમલાનો હેતુ હજુ સુધી સ્થાપિત થયો નથી, એમ પીટીઆઈએ અહેવાલ આપ્યો છે.

# 'દીદી સત્તાની બહાર જઈ રહ્યા છે' : અમિત શાહે બંગાળમાં પ્રથમ તબક્કાના મતદાનમાં ૧૫૨માંથી ૧૧૦ બેઠકો પર ભાજપની જીતની આગાહી કરી

**કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, મતદાન 'મુક્ત અને નિર્ભય' હતું અને પશ્ચિમ બંગાળના આગામી મુખ્યમંત્રી બંગાળી અને ભાજપના કાર્યકર હશે, રાજ્યએ ગુરૂવારે પ્રથમ તબક્કામાં ૯૨% મતદાન નોંધાવ્યું હતું**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ઉચ્ચ મતદાન 'ભાજપ તરફી જનાદેશ' પર ભાર મૂકતા કહ્યું કે, 'નિર્ભય' મતદાનને કારણે અને લોકોએ દીદી (મુખ્યમંત્રી મમતા બેનરજી)ને મત નહીં આપવાનો નિર્ણય લીધો છે. પશ્ચિમ બંગાળમાં ગુરૂવારે મતદાનના પ્રથમ તબક્કામાં ૯૨% મતદાન નોંધાયું હતું. કોલકાતામાં એક પત્રકાર પરિષદને સંબોધતા શાહે કહ્યું કે, તેઓ છેલ્લા ૧૪ દિવસથી રાજ્યમાં કેમ્પિંગ કરી રહ્યા છે અને ભાજપની બંગાળ ટીમે તેનું મૂલ્યાંકન કર્યું છે. તેના આધારે ગુરૂવારે મતદાન થયેલી ૧૫૨ બેઠકોમાંથી, ભાજપ ૧૧૦થી વધુ બેઠકો જીતવાની સંભાવના છે. બીજા તબક્કાને



બંગાળના ઉજ્જવળ ભવિષ્ય માટે મતદાન કરો અને ભાજપની સરકાર બનાવો. પહેલા તબક્કા પછી એ સ્પષ્ટ છે કે, બંગાળના મતદારોએ વિકાસ પસંદ કર્યો છે. ગઈકાલે બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ માટે મતદાનના પ્રથમ તબક્કામાં, બંગાળના લોકોએ પરિવર્તન માટે અભૂતપૂર્વ ઉત્સાહ અને ઉત્સાહ સાથે મતદાન કરીને તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. જ્યારે એ નિર્દેશ કરવામાં આવ્યો કે બંગાળ ભાજપ માટે મુશ્કેલ યુદ્ધ રહ્યું છે, ત્યારે શાહે કહ્યું કે, પાર્ટી ઘણા રાજ્યો જીતવામાં સફળ રહી છે જેને 'મુશ્કેલ' કહેવામાં આવ્યા છે, જેમાં આસામ અને ત્રિપુરાનો સમાવેશ થાય છે. સરકાર પક્ષો દ્વારા નહીં પણ લોકો દ્વારા બનાવવામાં આવે છે અને અમને ખાતરી છે કે,

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ઉચ્ચ મતદાન ભાજપ તરફી જનાદેશનો સંકેત જાહેર કર્યો અને આગાહી કરી કે પક્ષ પ્રથમ તબક્કામાં ૧૧૦થી વધુ બેઠકો જીતીને સરકાર બનાવશે, તેમણે આ માટે 'નિર્ભય' મતદાન, મમતા બેનરજીને હટાવવાની લોકોની ઈચ્છા અને શાંતિપૂર્ણ ચૂંટણીઓને જવાબદાર ગણાવી, શાહે એ પણ પુષ્ટિ આપી કે બંગાળી ભાજપના કાર્યકર આગામી મુખ્યમંત્રી હશે**

પણ ધ્યાનમાં લેતા ભાજપ બંગાળમાં સરકાર બનાવવા માટે તૈયાર છે. શાહે સુરક્ષા એજન્સીઓ અને ચૂંટણી પંચને મુક્ત, ન્યાયી અને નિર્ભય ચૂંટણીઓ યોજવા બદલ અભિનંદન આપ્યા હતા. રાજ્યમાં મતદાનનો બીજો અને અંતિમ તબક્કો ૨૯ એપ્રિલે યોજાશે. શાહે કહ્યું કે, હિંસાના બનાવો વિના આ મતદાન થયું હતું. હું ચૂંટણી પંચ, CAPF (સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ) અને બંગાળ પોલીસનો આભાર માનું છું, કારણ કે, લાંબા સમય પછી આ પહેલી ચૂંટણી હતી જેમાં એક પણ વ્યક્તિનો જીવ ગયો ન હતો. ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાઈ હતી. શાહના મતે આ ભારે મતદાનથી 'ભયથી વિશ્વાસ તરફ' પરિવર્તનની શરૂઆત થઈ છે અને આ સૂત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક પક્ષના નેતાઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવે છે. હું બંગાળના તમામ મતદારોને અભિનંદન અને આભાર માનવા માંગુ છું જેમણે પ્રથમ તબક્કામાં મતદાન કર્યું હતું, કે તમે ભયથી વિશ્વાસ તરફની સફર ખૂબ સારી રીતે શરૂ કરી છે અને બીજા તબક્કાના મતદારો પણ ભયથી વિશ્વાસ તરફની સફરને આગળ ધપાવશે. શાહે કહ્યું કે, લોકોએ મોદી અને અન્ય ભાજપ નેતાઓની રેલીઓ અને રોડ શોને સમર્થન આપ્યું છે. એવી આશંકા હતી કે, જ્યારે જાહેર સમર્થન છે, ત્યારે શું તે મતદાન મથકો સુધી પહોંચશે ? તે આશંકા હવે સમાપ્ત થઈ ગઈ છે અને મને વિશ્વાસ છે કે, મતદાનના બીજા તબક્કામાં વધુ ઉત્સાહ હશે. ગૃહમંત્રીએ ફરી એકવાર પાર્ટીના વલણ અંગે કહ્યું કે, મુખ્યમંત્રી દ્વારા ફેલાવવામાં આવેલી અફવાઓથી વિપરીત, રાજ્યમાં જન્મેલા બંગાળી વ્યક્તિ ભાજપનો આગામી મુખ્યમંત્રી હશે. તેમણે કહ્યું કે, હું સ્પષ્ટ કરવા માંગુ છું કે, બંગાળનો આગામી મુખ્યમંત્રી બંગાળી હશે અને ભાજપનો કાર્યકર હશે. શાહે મતદારોને બીજા તબક્કાની ચૂંટણીમાં નિર્ભયતાથી મતદાન કરવા માટે બહાર આવવા અને મતદાન કરવા અપીલ કરતાં કહ્યું કે, ચૂંટણી પંચે મતદાન પ્રક્રિયામાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે ઉત્તમ વ્યવસ્થા કરી છે. જૂની ચૂંટણીઓ ભૂલી જાઓ, પશ્ચિમ બંગાળમાં ભાજપની સરકાર બનશે. હું સુનામી જોઈ શકું છું અને અમારી બેઠકો ખૂબ મોટા માર્જિનથી વધશે. ઘણા રાજ્યોમાં જ્યાં ચૂંટણીઓ થઈ છે, ત્યાં ઉચ્ચ મતદાન ટકાવારી સત્તા તરફી વલણ દર્શાવે છે અને ભાજપને આ વખતે ભારે સમર્થન મળવાની ખાતરી કેમ છે તે અંગે શાહે કહ્યું કે, SIR ક્વાયતને કારણે, પરિવર્તન માટે અપીલ કરવામાં આવી હતી અને મુક્ત અને નિર્ભય ચૂંટણીઓ સુનિશ્ચિત કરીને, પાર્ટીને વિશ્વાસ હતો કે લોકોએ આ વખતે પરિવર્તન માટે મતદાન કર્યું છે. અમે પરિવર્તન માટે અપીલ કરી છે. પરિવર્તન દ્વારા, અમારો અર્થ બંગાળને ઘૂસણખોરીથી મુક્ત બનાવવાનો છે.

# લોકસભાની સંખ્યા વધારવા કરતાં પંચાયતી રાજને પુનર્જીવિત કરવું વધુ મહત્ત્વપૂર્ણ છે : કોંગ્રેસ

(એજન્સી) તા.૨૪

કોંગ્રેસે કહ્યું છે કે, પંચાયતી રાજ વ્યવસ્થાને પુનર્જીવિત કરવી એ લોકસભાની તાકાત વધારવા કરતાં ઘણી વધુ જરૂરી છે અને તેઓએ સરકાર પર પાયાની લોકશાહીને મજબૂત કરવા કરતાં 'વ્યક્તિગત રાજકીય અસ્તિત્વ' માટેના પગલાંને પ્રાથમિકતા આપવાનો આરોપ મૂક્યો હતો. રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે કોંગ્રેસના નેતાઓએ લોકશાહીને વધુ ગાઢ બનાવવા અને મહિલાઓને સશક્તિકરણ કરવામાં સ્થાનિક સ્વરાજ્યની ભૂમિકા પર વાત કરી. પાર્ટીના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, પંચાયતી રાજ સંસ્થાઓ 'આપણા લોકશાહીનો મજબૂત પાયો' છે અને ગ્રામ સ્વરાજની ભાવનાને મજબૂત કરવા માટે પાર્ટીની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, કોંગ્રેસ પાર્ટી ગ્રામ સ્વરાજની ભાવનાને મજબૂત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. ખડગેએ તેમણે દેશભરના ગ્રામ્ય પ્રમુખો અને પંચાયતો અને સ્થાનિક સંસ્થાઓના સભ્યોને શુભેચ્છા પાઠવી હતી. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, પંચાયતી રાજ વ્યવસ્થા મહિલા નેતૃત્વ અને રાજકારણમાં



**રાહુલ ગાંધીએ કહ્યું છે કે, પંચાયતી રાજ વ્યવસ્થા મહિલા નેતૃત્વ અને રાજકારણમાં ભાગીદારી માટે 'સુવર્ણ તક' રહી છે**

ભાગીદારી માટે 'સુવર્ણ તક' રહી છે. પંચાયતી રાજ મહિલા સશક્તિકરણ માટે પણ એક મહત્ત્વપૂર્ણ માધ્યમ રહ્યું છે. ૭૩મા બંધારણીય સુધારાથી સ્થાનિક સંસ્થાઓમાં મહિલાઓ માટે ઓછામાં ઓછું ૩૩ ટકા અનામત સુનિશ્ચિત થયું, જે ઘણા રાજ્યોમાં વધારીને ૫૦ ટકા કરવામાં આવ્યું છે. ગાંધીએ કહ્યું કે, કોંગ્રેસની આગેવાની હેઠળની પહેલના પરિણામે 'લગભગ ૧૪-૧૫ લાખ ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓ' પંચાયતી રાજ સંસ્થાઓમાં સક્રિયપણે ભાગ લઈ રહી છે - જે વૈશ્વિક સ્તરે મહિલા લોકશાહી ભાગીદારીના સૌથી મોટા ઉદાહરણો પૈકી એક છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે, ૨૪ એપ્રિલ ૧૯૯૩માં ૭૩મા સુધારાના અમલીકરણનું પ્રતીક છે, જેમાં પંચાયતોને સશક્ત બનાવવા માટે બંધારણમાં કલમ 243-Aથી 243-O સુધારા દાખલ કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે, ભારતમાં આજે લગભગ ૨.૬ લાખ ગ્રામ પંચાયતો, ૬૭૦૦થી વધુ મધ્યવર્તી પંચાયતો અને ૬૭૩ જિલ્લા પરિષદો છે. રમેશે પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને આ સુધારાને આગળ ધપાવવાનો શ્રેય આપ્યો, જેમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવાનો અને SC અને ST મહિલાઓ માટે જોગવાઈઓનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે, તે સંપૂર્ણપણે તેમનું યોગદાન હતું કે આજે પંચાયતી રાજ સંસ્થાઓમાં લગભગ ૩૨ લાખ ચૂંટાયેલ પ્રતિનિધિઓ છે, જેમાંથી લગભગ ૧૫ લાખ મહિલાઓ છે. રમેશે કહ્યું હતું કે, મનમોહન સિંહના નેતૃત્વ હેઠળની કોંગ્રેસની સરકારે ૨૦૦૪માં પંચાયતી રાજ મંત્રાલય બનાવ્યું હતું અને ૨૦૦૬માં મનરેગા શરૂ કર્યું હતું, જેનાથી ગ્રામ પંચાયતોને આયોજન અને અમલીકરણમાં મુખ્ય ભૂમિકા હતી. તેમણે વર્તમાન સરકારની ટીકા કરતા કહ્યું કે, પંચાયતોનું પુનરૂત્થાન કરવું જરૂરી છે. ફક્ત વ્યક્તિગત રાજકીય અસ્તિત્વ સુનિશ્ચિત કરવા માટે લોકસભાની સંખ્યા વધારવા કરતાં તે વધારે તાકીદનું કામ છે. મહાત્મા ગાંધીને ટાંકતા ખડગેએ કહ્યું કે, 'પંચાયતી રાજ લોકશાહીની સાચી ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે' અને 'ભારતની વાસ્તવિક શક્તિ તેના ગામડાઓમાં રહે છે' અને તેમને સશક્ત બનાવવું એ રાષ્ટ્રીય પ્રગતિની ચાવી છે. કોંગ્રેસના નેતાઓએ કહ્યું કે, પંચાયતોમાં મહિલા અનામતનું વિસ્તરણ પાર્ટીના મુખ્ય યોગદાન પૈકી એક છે અને લાખો મહિલાઓ હવે દેશભરમાં પાયાના શાસનમાં સક્રિય રીતે સંકળાયેલી છે.

# બંગાળ : રેકોર્ડબ્રેક સુરક્ષા દળોની તૈનાતી છતાં ભાજપના ઉમેદવારોને અનેક જગ્યાએ કેમ માર મારવામાં આવ્યો ?

**આ વખતે પશ્ચિમ બંગાળમાં રેકોર્ડબ્રેક સંખ્યામાં સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. તેમ છતાં જનતાએ ભાજપના ઉમેદવારોનો પીછો કર્યો અને હુમલો કર્યો. જો કે, હુમલાખોરો ટીએમસીના કાર્યકરો હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો, પરંતુ વીડિયો ફૂટેજ એક અલગ વાસ્તવિકતા સૂચવે છે. આ પહેલા તબક્કા પછીની પરિસ્થિતિ છે; બીજો તબક્કો હજુ આવવાનો બાકી છે**

(એજન્સી) કોલકાતા, તા.૨૪

પશ્ચિમ બંગાળમાં ૨૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ મતદાનના પ્રથમ તબક્કા દરમિયાન, ભાજપના નેતાઓનો પીછો કરીને માર મારવામાં આવતા વીડિયો વાયરલ થયા હતા. આમાં, કુમારગંજ (દક્ષિણ દિનાજપુર જિલ્લો)ના ભાજપના ઉમેદવાર - સુવેન્દુ સરકાર - દર્શાવતો એક વીડિયો સોશિયલ મીડિયા પર નોંધપાત્ર ચર્ચા જગાવી છે. જો કે, સુવેન્દુ સરકારને માર મારતા જોવા મળેલા વ્યક્તિઓ ટીએમસીના કાર્યકરો તરીકે ઓળખાયા હતા, વીડિયોની નજીકથી તપાસ કરતા જાણવા મળે છે કે, હુમલાખોરો હકીકતમાં સ્થાનિક હતા. પોલીસે આ ઘટનાના સંદર્ભમાં પાંચ વ્યક્તિઓની ધરપકડ કરી છે; તે બધા ગામના રહેવાસી છે. ચૂંટણી પંચે આ ધરપકડોની પુષ્ટિ કરી છે. જો કે, આટલી ભારે સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં આવી ઘટનાઓ બની. બીજી એક ઘટનામાં આસનસોલ (દક્ષિણ)ના ભાજપના ઉમેદવાર અગ્નિમિત્રા પૌલના વાહન પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ ઘટના મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારમાં બની હતી. વધુમાં, નાઓડામાં હુમાયુ કબીર પર હુમલો કરવામાં આવ્યો હતો; સુરક્ષા દળોએ તેમને ખૂબ જ મુશ્કેલીથી ટોળામાંથી બહાર કાઢવામાં સફળતા મેળવી હતી. હુમાયુ કબીર પોતે આરોપ લગાવે છે કે, તેમના હુમલાખોરો તેમને "ભાજપ એજન્ટ" કહીને ટોળાથી બચાવી રહ્યા હતા.

સુવેન્દુ સરકારનું શું થયું?

સુવેન્દુ સરકાર કુમારગંજ મતવિસ્તાર માટે ભાજપના ઉમેદવાર છે. તેઓ કુમારગંજના વર્તમાન ટીએમસી ધારાસભ્ય તોરાફ હુસૈન મંડલ સામે ચૂંટણી લડી રહ્યા છે. ૨૦૨૧માં, તોરાફ હુસૈને મતવિસ્તારમાં જંગી જીત મેળવી હતી. સુવેન્દુ સરકારને કુમારગંજમાં ૮થી ૧૦ મતદાન મથકો પર મતદારોને અવરોધવામાં આવી રહ્યા હોવાના આરોપો મળ્યા હોવાના અહેવાલ છે. ભાજપના કાર્યકરો સાથે તેઓ તપાસ કરવા માટે બૂથ પર પહોંચ્યા. તેઓ સીધા બૂથમાં પ્રવેશવા માટે આગળ વધ્યા. જ્યારે તેઓ બે કે ત્રણ બૂથ પર, બૂથ નંબર ૨૪ (બન્યારી હાઈસ્કૂલ સ્થિત) પર કોઈ ઘટના વિના આ કરી શક્યા, ત્યારે સ્થાનિક રહેવાસીઓએ તેમની સાથે રહેલા ભાજપ કાર્યકરોનો વિરોધ કર્યો. આ સ્થાન પર જ તેમના પર હુમલો કરવામાં આવ્યો. સુવેન્દુ સરકાર અને ભાજપના જણાવ્યા અનુસાર, ટીએમસી કાર્યકરોના ટોળાએ તેમને અને તેમની ટીમ (સુરક્ષા રક્ષકો સહિત)ને ઘેરી લીધી ખેતરોમાં તેમનો પીછો કર્યો, તેમના પર હુમલો કર્યો અને તેમની કારમાં તોડફોડ કરી. એક વીડિયોમાં સુવેન્દુ સરકાર એક પોલીસ અધિકારી સાથે ખેતરોમાં દોડતા દેખાય છે. તેમ છતાં ટોળાએ તેમને પકડી લીધા અને શારીરિક હુમલો કર્યો. ત્યારબાદ, સુરક્ષા દળોએ તેમને સુરક્ષિત રીતે વિસ્તારમાંથી બહાર કાઢ્યા. જો કે, આ ઘટના પહેલા, સુવેન્દુ સરકારનો બીજો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તેઓ એવા વ્યક્તિઓનો પીછો કરતા જોવા મળ્યા હતા જેમના પર તેમણે ભાજપના સમર્થકોને મતદાન કરતા અટકાવવાનો આરોપ લગાવ્યો હતો.

અગ્નિમિત્રા પોલનું શું થયું?

આસનસોલ દક્ષિણ વિધાનસભા મતવિસ્તારના ભાજપના ઉમેદવાર અગ્નિમિત્રા પોલએ જણાવ્યું હતું કે, "મારા વાહન પર હુમલો કરવામાં આવ્યો હતો અને તોડફોડ કરવામાં આવી હતી. હું રહમત નગર લઘુમતી બહુમતી ધરાવતા વિસ્તારની મુલાકાત લીધી હતી ત્યારે મારી કાર પર એક મોટો પથ્થર ફેંકવામાં આવ્યો હતો. વાહનનો આખો પાછળનો ભાગ નુકસાન પામ્યો હતો અને બારીઓ સંપૂર્ણપણે તૂટી ગઈ હતી. ભગવાનની કૃપાથી મને કે મારા સુરક્ષા કર્મચારીઓને કોઈ ઈજા થઈ નથી. જો કે, પાછળ બેઠેલા મારા સચિવને નાની મોટી ઈજાઓ થઈ હતી. આવા કૃત્યો સહન કરી શકાતા નથી, ખાસ કરીને કારણ કે, આ પ્રકારની ઘટનાઓ વારંવાર બનતી હોય છે. આની પાછળ કોણ છે અને લઘુમતી સમુદાય સાથે કોનો ગાઢ સંબંધ છે તે સરળતાથી જાણી શકાય છે." જો કે, ટીએમસીનો આરોપ છે કે, અગ્નિમિત્રાએ આ ઘટનાનું ષડયંત્ર રચ્યું છે અને તેમની પાસે તેમના દાવાઓને સમર્થન આપવા માટે કોઈ પુરાવા નથી.

આટલી અભૂતપૂર્વ સુરક્ષા હોવા છતાં ભાજપના ઉમેદવારો અને નેતાઓ હજુ પણ કેવી રીતે અસુરક્ષિત છે?

૨૦૨૪ની લોકસભા ચૂંટણી સાત તબક્કામાં યોજાઈ હતી. દેશવ્યાપી તૈનાતીની દૃષ્ટિએ પશ્ચિમ બંગાળને સુરક્ષા દળોની સૌથી વધુ ફાળવણી મળી હતી. દેશભરમાં તૈનાત આશરે ૩,૪૦,૦૦૦ CAPF કર્મચારીઓમાંથી, લગભગ ૯૨૦ CAPF કંપનીઓ - જે આશરે ૯૨,૦૦૦ કર્મચારીઓ બને છે - ફક્ત આ રાજ્યમાં જ તૈનાત કરવામાં આવી હતી; આ આંકડો અગાઉની ચૂંટણીઓની તુલનામાં નોંધપાત્ર વધારો દર્શાવે છે.

૨૦૨૧ની બંગાળ વિધાનસભાની ચૂંટણીઓ આઠ તબક્કામાં યોજાઈ હતી, જે દરમિયાન આશરે ૭૨૫ CAPF કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. આ વખતે ૨૦૨૪માં જોવા મળેલો નોંધપાત્ર વધારો અત્યાર સુધીનો સૌથી મોટો સુરક્ષા તૈનાત છે, જે રાજ્યના ચૂંટણી હિંસાના ઈતિહાસને કારણે જરૂરી પગલું છે. આ તૈનાતીનો સ્કેલ અન્ય સંવેદનશીલ પ્રદેશો સાથે પણ તુલનાત્મક છે. જમ્મુ અને કાશ્મીરમાં ૨૦૨૪ની વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન - દસ વર્ષના અંતરાલ પછી લગભગ ૯૦૦ CAPF કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કેન્દ્રશાસિત પ્રદેશમાં લગભગ ૬૩૫ CAPF કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. જો કે, બંગાળે આ વખતે તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે.

દેશવ્યાપી સ્તરે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન આશરે ૩.૪ લાખ CAPF કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. આ જ કારણસર, પશ્ચિમ બંગાળમાં એક જ રાજ્યમાં કેન્દ્રિત આટલા મોટા પાયે તૈનાત ખાસ કરીને નોંધપાત્ર છે. લોકસભા ચૂંટણી દરમિયાન અન્ય રાજ્યોમાં પણ કેન્દ્રીય દળોની નોંધપાત્ર તૈનાત કરવામાં આવી હતી, જેમાં છત્તીસગઢ (૩૬૦ કંપનીઓ), બિહાર (૨૯૫), ઉત્તરપ્રદેશ (૨૫૨) અને આંધ્રપ્રદેશ, ઝારખંડ અને પંજાબમાં આશરે ૨૫૦ કંપનીઓનો સમાવેશ થાય છે. CAPF તૈનાત અંગે, TMC સુપ્રીમો અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ અગાઉ કેન્દ્રીય દળોના દુરૂપયોગનો આરોપ લગાવ્યો હતો. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું હતું કે, "કેન્દ્રીય દળોનો ખુલ્લેઆમ દુરુપયોગ સતત ચાલુ છે. અમે આ મુદ્દો વારંવાર ઉઠાવ્યો છે; છતાં ચૂંટણી પંચ મૌન છે, જ્યારે ઘણી જગ્યાએ TMC મતદારોને ખુલ્લેઆમ ડરાવવા અને તેમને ચોક્કસ રાજકીય પક્ષની તરફેણમાં મતદાન કરવા માટે દબાણ કરવા માટે ગણવેશધારી કર્મચારીઓનો દુરૂપયોગ કરવામાં આવી રહ્યો છે."

ચૂંટણી પંચના ઈરાદા પર પ્રશ્ન ઉઠાવવો

પશ્ચિમ બંગાળમાં CAPFની વિશાળ તૈનાત ચૂંટણી પંચના નિર્દેશો હેઠળ કરવામાં આવી હતી. કમિશન બંગાળની ચૂંટણીઓ અંગે અતિશય ઉત્સાહ દર્શાવતું દેખાયું. શરૂઆતમાં તેણે રાજ્યના પોલીસ મહાનિર્દેશક (DGP) સહિત અનેક પોલીસ અધિકારીઓને દૂર કર્યા. તે સ્થાનિક પોલીસ સ્ટેશનો અને ચોકીઓના સ્તરે પણ પોલીસ કર્મચારીઓની તૈનાતીમાં દખલગીરી કરવા સુધી આગળ વધ્યું.

# ચૂંટણી પહેલા ગુજરાત હાઈકોર્ટનો મોટો નિર્ણય : ઉમેદવારી ફોર્મ રદ કરવા સામેની તમામ ૧૮ અરજીઓ ફગાવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

ગુજરાતમાં મતદાનના આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ગુજરાત હાઈકોર્ટે શુક્રવારે, ૨૪મી એપ્રિલના રોજ એક અત્યંત મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટના આ નિર્ણયથી રાજ્યભરના એવા ચૂંટણી અધિકારીઓને મોટી રાહત મળી છે જેમણે ચુસ્ત સમયમર્યાદામાં ઉમેદવારી પત્રોની ચકાસણી કરી હતી. મતદાનના માત્ર બે દિવસ પહેલા આવેલા આ ચુકાદાએ ચૂંટણી પ્રક્રિયામાં પેદા થયેલી અનિશ્ચિતતાના વાદળો હટાવી દીધા છે અને પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારના અવરોધ વિના મતદાનનો માર્ગ મોકળો કર્યો છે. આ સમગ્ર વિવાદ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી ફાઈલ કરવામાં આવેલી ૧૮ જેટલી પિટિશનને કારણે સર્જાયો હતો. જેમાં ઉમેદવારોએ તેમના નામાંકન પત્રો રદ કરવાના ચૂંટણી અધિકારીઓના નિર્ણયને પડકાર્યો હતો. જસ્ટિસ એન.એસ. સંજય ગૌડા અને જસ્ટિસ જે.એલ. ઓડેદરાની



ડિવિઝન બેન્ચે સુરેન્દ્રનગર, ભાવનગર, બનાસકાંઠા, દાહોદ, વડોદરા, થરાદ, ગાંધીનગર, સુરત, કચ્છ, પોરબંદર અને વલસાડ સહિતના જિલ્લાઓના કેસોની સુનાવણી કરી હતી. વિવિધ કિસ્સાઓમાં ઉમેદવારી પત્રો રદ થવા પાછળ ગંભીર કારણો સામે આવ્યા હતા, જેમ કે, સુરેન્દ્રનગરમાં ખોટા વોર્ડમાંથી ફોર્મ ભરવું અને દરખાસ્ત કરનારની સહીઓનો અભાવ, ભાવનગરમાં ગુનાહિત ઈતિહાસ છુપાવવો, દાહોદમાં મ્યુનિસિપલ લેણાં બાકી હોવા અને વડોદરામાં રહેઠાણની પાત્રતાના નિયમોનું પાલન ન થવું વગેરે.

અરજદારો દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે આ ભૂલો માત્ર ટેક્નિકલ કે નાની હતી, પરંતુ રાજ્ય સરકાર વતી સરકારી વકીલે આ દલીલોનો મજબૂત વિરોધ કર્યો હતો. તેમણે કોર્ટને જણાવ્યું હતું કે, આ માત્ર નાની ક્લાર્કલેવલની ભૂલો નથી પરંતુ માહિતી છુપાવવાના ગંભીર કિસ્સાઓ છે. મતદારોને ઉમેદવારના ગુનાહિત ઈતિહાસ વિશે જાણવાનો અધિકાર છે જે છુપાવવામાં આવ્યો હતો. વધુમાં, ચૂંટણી અધિકારીઓએ ઉમેદવારોને ચકાસણી દરમિયાન સુધારા કરવાની તક આપી હોવા છતાં તેઓ સમયમર્યાદામાં સ્પષ્ટતા કરવામાં નિષ્ફળ રહ્યા હતા. રાજ્ય સરકારે મક્કમ વલણ અપનાવ્યું હતું કે, ચૂંટણી પ્રક્રિયા એકવાર શરૂ થયા પછી તેને વચ્ચેથી અટકાવી શકાય નહીં, કારણ કે, તેનાથી સમગ્ર પ્રક્રિયા ખોરવાઈ જવાની ભીતિ રહે છે.

હાઈકોર્ટે આ તબક્કે હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કરતા સ્પષ્ટ કર્યું કે, વ્યક્તિગત વિવાદો રાજ્યવ્યાપી

**નામની યાદી**

| ક્રમ | જિલ્લો | નામ |
|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | મોરી પ્રિયમ હસમુખભાઈ |
| ૨ | ભાવનગર | અરવિંદભાઈ ચતુરભાઈ પરમાર |
| ૩ | બનાસકાંઠા | રમેશભાઈ શિરમાભાઈ ખાંટ |
| ૪ | દાહોદ | લક્ષ્મણભાઈ લાલાભાઈ રાજગોર |
| ૫ | વડોદરા | વાંસદિયા હેમલતાબેન વિપુલસિંહ |
| ૬ | વાવ-થરાદ | સંતોકબેન હિતેશભાઈ મકવાણા |
| ૭ | ગાંધીનગર | રીતલબેન લાલજીભાઈ ગદાધરા |
| ૮ | સુરત | ભૂપેન્દ્રકુમાર છગનલાલ પટેલ |
| ૯ | વડોદરા | ગૌરાંગ @ બોબો શાંતિલાલ ભાટીયા |
| ૧૦ | કચ્છ | ખુશાલ @ મુકેશ હંસરાજ જોશી |
| ૧૧ | વાવ-થરાદ | કલ્પનાબેન સુરેશભાઈ માળી |
| ૧૨ | વલસાડ | કલાવતીબેન મગનભાઈ ટંડેલ |
| ૧૩ | ગાંધીનગર | માનસિંહ બાબાજી ઠાકોર |
| ૧૪ | ભાવનગર | સંજયખાન હયાતખાન બલોચ |
| ૧૫ | સુરેન્દ્રનગર | પ્રિયંકાબેન ઈલેશભાઈ મેતલિયા |
| ૧૬ | મહેસાણા | રવિ કનૈયાલાલ પટેલ |
| ૧૭ | અરવલ્લી | સુનિતાબેન ભરતભાઈ કટારા |
| ૧૮ | વાવ-થરાદ | મશરૂભાઈ નરસંગજી પટેલ |

લોકશાહી કવાયત્માં અવરોધ બની શકે નહીં. આ કાયદાકીય વિજયને રાજકીય ગલિયારાઓમાં પણ મહત્ત્વનો માનવામાં આવી રહ્યો છે. કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અન્ય જૂથોના અનેક ઉમેદવારોના પડકારો નિષ્ફળ જતાં હવે સત્તાધારી ભારતીય જનતા પાર્ટી માટે મતદાનના દિવસ સુધીનો માર્ગ વધુ સુગમ અને અવરોધરહિત બન્યો હોવાનું જોવામાં આવી રહ્યું છે. હાઈકોર્ટના આ સીમાચિહ્નરૂપ નિર્ણયથી હવે સમગ્ર રાજ્યમાં ચૂંટણી પ્રક્રિયા નિર્ધારિત સમયપત્રક મુજબ આગળ વધશે.

### આદર્શ આચારસંહિતાનો કડક અમલ શરૂ

# ગુજરાતમાં ચૂંટણી પ્રચાર પર પૂર્ણવિરામ હવે નજર મતદાનના દિવસ પર

## પ્રચારના અંતિમ દિવસે રાજકીય પક્ષોએ સંપૂર્ણ તાકાત લગાવી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨૪

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની આવનારી ચૂંટણીને લઈને છેલ્લા કેટલાક દિવસોથી ગરમાયેલા રાજકીય માહોલને શુક્રવારે સાંજે ૬ વાગ્યે વિરામ મળ્યો પ્રચારના ગજતાં પડઘમ હવે સંપૂર્ણ રીતે શાંત થઈ ગયા છે અને સાથે જ મતદાન પૂર્વેના ૪૮ કલાક માટે આદર્શ આચારસંહિતાનો કડક અમલ શરૂ થયો છે. રાજ્ય ચૂંટણી આયોગના માર્ગદર્શન હેઠળ હવે કોઈપણ રાજકીય પક્ષ કે ઉમેદવાર જાહેર સભાઓ, રેલીઓ, રોડ શો અથવા અન્ય પ્રચાર પ્રવૃત્તિઓ કરી શકશે નહીં. આ પગલું મતદારોને દબાણમુક્ત અને નિષ્પક્ષ વાતાવરણમાં મતદાન કરવાની તક આપવા માટે લેવામાં આવ્યું છે. પ્રચારના અંતિમ દિવસે રાજકીય પક્ષોએ સંપૂર્ણ તાકાત ઝોકી દીધી હતી. અમદાવાદ સહિત રાજ્યના અનેક શહેરોમાં ભવ્ય રોડ શો, રેલીઓ અને સભાઓ યોજાઈ હતી. ભાજપ તરફથી મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખે અમદાવાદમાં વિશાળ રોડ શો કરીને શક્તિ પ્રદર્શન કર્યું હતું. સાથે સાથે જાણીતા નેતાઓ અને ચહેરાઓ પણ મેદાનમાં ઉતર્યા હતા. સાંસદ મનોજ તિવારી અને અભિનેતા-નેતા હિતુ કનોડિયાએ પણ ભાજપના સમર્થનમાં જોરદાર પ્રચાર કર્યો હતો. બીજી તરફ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP)એ પણ મતદારોને આકર્ષવા માટે એડીચોટીનું જોર લગાવી દીધું હતું. ગામડે ગામડે અને શહેરોમાં ઠેરઠેર સભાઓ અને પ્રચાર કાર્યક્રમો યોજાયા હતા, જેમાં મતદારોને પોતાના પક્ષ તરફ વાળવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આ વખતે કાળઝાળ ગરમી અને હીટવેવને કારણે પ્રચાર દરમિયાન મતદારોનો પ્રતિસાદ થોડીક હદ સુધી મોળો રહ્યો હોવાનું રાજકીય વિશ્લેષકો માને છે. છતાં, તમામ પક્ષો છેલ્લી ઘડીએ વધુમાં વધુ લોકો સુધી પહોંચવા માટે સતત પ્રયાસશીલ રહ્યા હતા. પ્રચાર બંધ થતાં હવે ઉમેદવારો માટે સીધી જાહેર પહોંચ બંધ થઈ ગઈ છે. આદર્શ આચારસંહિતાના નિયમો અનુસાર હવે કોઈપણ પ્રકારના પ્રચાર, જાહેરાતો અથવા મતદારોને પ્રભાવિત કરવાના પ્રયત્નો ઉપર કડક પ્રતિબંધ રહેશે. આ નિયમોના ઉલ્લંઘન સામે ચૂંટણી આયોગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. પ્રચારનો ધમધમાટ હવે બંધ થઈ ગયો છે, અને હવે સવાલ માત્ર એક છે—મતદારો કોને પસંદ કરશે ? આવતા દિવસોમાં મતદાન થવાનું છે, જ્યાં જનતા પોતાનો મત આપી લોકતંત્રના મહોત્સવમાં ભાગ લેશે.

### ‘બહાર નીકળશે તો ઊંચકી જઈશું, AIથી વીડિયો બનાવી વાયરલ કરીશું’ જેવી ધમકી અપાયાનો આરોપ

# સુરતમાં AAP મહિલા ઉમેદવારનો ભાજપના કાર્યકરો પર ગંભીર આરોપ

## રડતાં રડતાં કહ્યું - પ્રચાર ન કરવા ધમકીઓ અને પરિવારને હેરાનગતિ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

સુરત મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા જ શહેરનું રાજકારણ ગંદુ બનતું જઈ રહ્યું છે. વોર્ડ નં. ૧૧ના AAPના મહિલા ઉમેદવાર ડોનિકા પટેલે એક વીડિયો જાહેર કરી ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો પર અત્યંત ગંભીર અને ચોંકાવનારા આક્ષેપો કર્યા છે. મોનિકા પટેલે રડતા રડતા જણાવ્યું હતું કે, તેમને અને તેમના પરિવારને માનસિક ત્રાસ આપી પ્રચાર ન કરવા માટે ધમકાવવામાં આવી રહ્યા છે. ડોનિકા પટેલે રડતા રડતા આક્ષેપ કર્યો છે કે, છેલ્લા બે-ત્રણ દિવસથી મને ભારતીય જનતા પાર્ટીના લોકો ફોન કરે છે, અડાજણ ભાજપના કાર્યકરો મને ફોન પર ધમકીઓ આપે છે. મારી મમ્મીને ફોન કરે છે, તેઓ મારી મમ્મીને ધમકાવે છે કે તમારી છોકરીને કહો પ્રચારમાં બહાર નહીં નીકળે. મને ફોન કરીને તેઓ જણાવે છે કે તું પ્રચારમાં બહાર નહીં નીકળતી, નહીં તો તને ઉચકી લેશું, તારા AI વીડિયો બનાવીને અમે વાયરલ કરીશું, તારા બધા જ ફોટો-વીડિયો મારી પાસે છે.

તેણે વધુમાં કહ્યું કે, જ્યારે મારા ભાઈને અધવચ્ચે રસ્તામાં કાલે રાત્રે ઊભા રાખ્યા હતા, જ્યારે એ લોકો બોર્ડ-બેનર અને ઝંડાઓ લગાવતા હતા અને આ રીતનો માનસિક ત્રાસ મને છેલ્લા બે-ત્રણ દિવસથી આપવામાં આવે છે અને ક્લિયર ધમકી આપવામાં આવે છે કે આ વખતે અડાજણમાં તારે પ્રચાર કરવા માટે નીકળવાનું નથી નહીં તો તને ઘરેથી ઉચકી લેશું. તને અને તારા પરિવારજનોને પણ એટલું જ હેરાન કરશું. મને આવી રીતે ધમકીઓ આપવામાં આવી છે.

ડોનિકાએ કહ્યું કે, એક તરફ મંચ પર મહિલા સશક્તિકરણની વાતો થાય છે અને બીજી વાર મહિલાઓ સાથેનું આવું વર્તન થાય છે. બે જ દિવસ પહેલાની વાત છે, અડાજણ ગોરાટમાં હનુમાન મંદિર પાસે ભાજપના કાર્યકર્તાઓએ જે સ્ત્રીઓ સાથેનું વર્તન કર્યું છે તે તો તમારી આંખની સામે જ છે અને આવી રીતે હવે ઉમેદવારો સાથે પણ, મહિલા ઉમેદવાર સાથે પણ આ લોકો આ રીતનું વર્તન કરીને ડરાવે છે અને ધમકાવે છે. પણ હું ડરવાની નથી, હું આટલી જ હિંમતે તેમને ફાઈટ આપીશ.

ડોનિકાએ જણાવ્યું હતું કે, ભાજપના લોકો લુખ્ખાઓ છે, ગુંડાઓ છે, ગુંડાઓની પાર્ટી છે. જે લોકો મહિલાઓની કોઈ ઈજ્જત નથી કરતા, કોઈ સન્માન કરતા નથી. એનાથી પણ વધારે ગુનેગાર ભાજપની મહિલાઓ છે જે આ રીતનું કૃત્ય એક મહિલા સાથે થાય છે તે જોયા કરે છે. મેં મારી આંખે જોયું છે, ભાજપની મહિલાઓએ જે ગોરાટમાં બીજી મહિલાઓ સાથે જે વર્તન અને ગાળાગાળી કરી છે, હું પણ ત્યાં સ્થળ પર ઉપસ્થિત હતી. અમને પણ ધક્કા મારવામાં આવ્યા છે અને ગાળો બોલવામાં આવી છે અને એવું કીધું છે કે હજુ અમે રાજમાં નથી આવ્યા, અમે આવશું તો તમને કપડા કાઢીને દોડાવશું. આવા શબ્દો બોલવામાં આવ્યા છે ભારતીય જનતા પાર્ટીના પક્ષ તરફથી. ડોનિકાએ કહ્યું હાલ તો અમે ચૂંટણીના કાર્યક્રમમાં વ્યસ્ત છીએ પણ ચૂંટણી પત્યા બાદ આ મામલે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# જ્યુડિશિયલ ઓફિસરને મોટી રાહત આપતા તેમની પુનઃનિમણૂકનો આદેશ સુપ્રીમ કોર્ટે કર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

સુપ્રીમ કોર્ટે ગુજરાતના એક જ્યુડિશિયલ ઓફિસરને મોટી રાહત આપતા તેમની પુનઃનિમણૂકનો આદેશ આપ્યો છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રાની ખંડપીઠે આ મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવતા ઓફિસર સામેની ‘ડી-નોવો’ (નવેસરથી) તપાસને રદબાતલ ઠેરવી છે. અદાલતે સ્પષ્ટ કર્યું કે એકવાર તપાસ રિપોર્ટ રજૂ થઈ ગયા પછી પૂરતા કારણો વગર માત્ર શિસ્ત સત્તાધિકારીના સંતોષ ખાતર ફરીથી તપાસ શરૂ કરી શકાય નહીં.

આ કેસની વિગત મુજબ, સંબંધિત મહિલા ન્યાયિક અધિકારી સામે અગાઉ શિસ્તભંગના પગલાં લેવા માટે તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્રથમ તપાસમાં તપાસ અધિકારીએ અધિકારી સામેના આરોપો સાબિત થયા ન હોવાનું જણાવી તેમને ક્લીનચીટ આપી હતી. જોકે, હાઈકોર્ટના વહીવટી તંત્ર દ્વારા આ પ્રથમ તપાસ અહેવાલને સ્વીકારવાને બદલે નવેસરથી તપાસ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રક્રિયાને સુપ્રીમ કોર્ટમાં એડવોકેટ મારફતે પડકારવામાં આવી હતી.

સર્વોચ્ચ અદાલતે પોતાના અવલોકનમાં જણાવ્યું કે શિસ્તભંગની કાર્યવાહીમાં જો પ્રથમ તપાસ નિષ્પક્ષ રીતે પૂર્ણ થઈ હોય, તો સત્તાધિકારીઓ પાસે એવો કોઈ અનિયંત્રિત અધિકાર નથી કે તેઓ તે રિપોર્ટને ફગાવીને ફરીથી તપાસ કરાવે. કોર્ટે નોંધ્યું કે જો તપાસમાં કોઈ ગંભીર ખામી હોય તો જ પૂરક તપાસનો આદેશ આપી શકાય છે, પરંતુ શૂન્યમાંથી નવી તપાસ શરૂ કરવી એ કાયદાકીય રીતે યોગ્ય નથી.

અદાલતે આ કેસમાં ગુજરાત હાઈકોર્ટના વહીવટી નિર્ણયને બાજુ પર રાખતા ન્યાયિક અધિકારીને તમામ પાછલા લાભો અને સેવાની સાતત્યતા સાથે તાત્કાલિક અસરથી ફરજ પર પરત લેવાનો આદેશ આપ્યો છે. આ ચુકાદો ન્યાયિક સેવાઓમાં શિસ્તભંગની તપાસ પ્રક્રિયામાં પારદર્શિતા અને કાયદાકીય મર્યાદાઓ જાળવી રાખવા માટે અત્યંત મહત્વનો માનવામાં આવે છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે વહીવટી સત્તાનો ઉપયોગ મનસ્વી રીતે કરી શકાતો નથી.

### વિરમગામના કમીજલા નજીક પીકઅપ ગાડીએ બાઈકને ટક્કર મારી

# ભયાનક અકસ્માતમાં મહિલાનો પગ કપાઈ શરીરથી અલગ થયો : બાળકી સહિત ત્રણનાં મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

વિરમગામ તાલુકાના કમીજલા નજીક એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. અહીં એક અજાણ્યા વાહને બાઈકને જોરદાર ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બાઈક પર સવાર આશરે ૫ વર્ષની બાળકી સહિત કુલ ૩ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતા. ત્રણેય મૃતકો સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના કલ્યાણપુરા ગામના રહેવાસી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, અકસ્માતનો ભોગ બનનાર ત્રણેય વ્યક્તિઓ લખતર તરફથી વિરમગામ જઈ રહ્યા

### અકસ્માત સર્જ્યા બાદ વાહનચાલક ફરાર

હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક સવારોને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો વાહનચાલક પોતાના વાહન સાથે ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.

કલ્યાણપરાનો મેણીયા પરિવાર બાઈક પર સવાર થઈને નભોઈ તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન કમીજલા અને વનથળ ગામની વચ્ચે પહોંચતા જ કાળમુખી બોલેરો પીકઅપ ગાડીએ પાછળથી બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે બાઈકનો કચ્ચરણઘાણ નીકળી ગયો હતો. બાઈક પર સવાર મેણીયા પરિવારના ૩ સભ્યોએ સ્થળ પર જ દમ તોડ્યો હતો, જેમાં મૃતક મહિલાનો એક પગ કપાઈને અલગ થઈ ગયો હતો.

મૃતકોમાં અલ્પેશભાઈ અશોકભાઈ મેણીયા - (ઉંમર ૨૨), સન્તોકબેન અશોકભાઈ મેણીયા (ઉંમર ૪૦) અને માનવી વસન્તભાઈ મેણીયા - (ઉંમર ૬ વર્ષ)નો સમાવેશ થાય છે.

જ્યારે અકસ્માતમાં ઘવાયેલા અન્ય ઈજાગ્રસ્તોને તાત્કાલિક અસરથી ૧૦૮ મારફતે સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતની જાણ થતા જ આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. આ ઘટનાને પગલે કલ્યાણપરા ગામમાં ઘેરા શોકનું મોજું ફરી વળ્યું છે.

અકસ્માત સર્જ્યા બાદ પીકઅપ ચાલક પોતાની ગાડી લઈને સ્થળ પરથી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે હાલ અજાણ્યા પીકઅપ ચાલક વિરુદ્ધ કાયદેસરનો ગુનો દાખલ કરી તેને શોધી કાઢવા માટે સીસીટીવી ફૂટેજ અને અન્ય કડીઓના આધારે તપાસ શરૂ કરી છે.

### ગુરૂવારે જ પરીક્ષા પૂર્ણ થઈ અને શુક્રવારે ગળેફાંસો ખાધો

# મહેસાણા-વિસનગર રોડ પર આવેલી કોલેજની હોસ્ટેલમાં નવસારીની વિદ્યાર્થિનીનો આપઘાત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

મહેસાણા-વિસનગર રોડ પર આવેલી મર્ચન્ટ નર્સિંગ કોલેજમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું છે. આ બનાવને પગલે શિક્ષણ જગતમાં અને વિદ્યાર્થીઓમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મૃતક વિદ્યાર્થિની અસ્મિતા પટેલ નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના રૂપાલા

### આત્મહત્યાના કારણો જાણવા પોલીસ દ્વારા તપાસ શરૂ

ગામની વતની હતી અને તે BSC નર્સિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. ઘટનાની વિગત મુજબ વિદ્યાર્થિની કોલેજની હોસ્ટેલમાં રૂમ નંબર A-208માં રહેતી હતી.

નર્સિંગ કોલેજની પરીક્ષા ગઈકાલે જ પૂર્ણ થઈ હતી. જેના કારણે હોસ્ટેલના અન્ય વિદ્યાર્થીઓ પોતાના કામમાં વ્યસ્ત હતા અને રૂમમાં તે સમયે કોઈ હાજર નહોતું. આ તકનો લાભ લઈ વિદ્યાર્થિનીએ અગમ્ય કારણોસર રૂમમાં ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો હતો.

હોસ્ટેલના સફાઈ કર્મીએ રૂમ સાફ કરવા માટે રૂમનો દરવાજો ખખડાવ્યો હતો. પરંતુ અંદરથી કોઈ જવાબ મળ્યો ન હતો. જેથી શંકા જતાં દરવાજો તોડીને અંદર જોયું તો યુવતી ગળેફાંસો ખાધેલી હાલતમાં જોવા મળી હતી. આ દૃશ્ય જોઈને સ્ટાફ સ્તબ્ધ થઈ ગયો હતો અને તુરંત જ કોલેજ સત્તાવાળાઓને જાણ કરવામાં આવી હતી.

ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળની તપાસ કરીને મૃતદેહને નીચે ઉતાર્યો હતો. તેમજ આત્મહત્યાના કારણો જાણવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

બીજી તરફ આ કરુણ બનાવની જાણ મૃતકના નવસારી રહેતા પરિવારજનોને કરવામાં આવતા પરિવારમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું છે અને તેઓ તાત્કાલિક મહેસાણા દોડી આવ્યા હતા.

## ગુજરાત ટુડે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં મતદાન કરવાનું ચૂકશો નહિ

**તમારી પાયાની સુવિધાઓ માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં યોગ્ય પ્રતિનિધિને ચૂંટીને મોકલવા આવશ્યક છે. પીવાના પાણીથી લઈને સ્વચ્છતા સહિતની બાબતો માટે પાલિકા કે પંચાયતમાં તમારા વિસ્તારના મજબૂત પ્રતિનિધિને ચૂંટવા માટે મતદાન અવશ્ય કરો**

**જો તમે મતદાન કરવામાં બેદરકાર રહેશો તો પછી તમને આગામી પાંચ વર્ષ માટે પડનારી દુવિધા અંગે ફરિયાદ કરવાનો નૈતિક આધાર ગુમાવશો**

**માટે જ આવતીકાલે યોજાનારા મતદાનમાં અવશ્ય ભાગ લો તમારો મત તો આપો જ સાથો સાથ તમારા પરિવાર અને વિસ્તારમાં પણ સો ટકા મતદાન કરાવી જાગૃત નાગરિક તરીકેનું ગૌરવ પ્રાપ્ત કરો.**

**- ગુજરાત ટુડે દૈનિક દ્વારા લોકહિતાર્થે પ્રકાશિત**

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ ● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com